કુમાર

સંસ્થાપક: રવિશંકર રાવળ
તંત્રી · બચુભાઈ રાવત

વર્ષ બેંતાળીસમું · અંક ચોથો · માહે એપ્રિલ · ઈસ્વીસન ઓગણીસસો છાસઠ



પૂષન્ વિશ્વકર્માશાસ્ત્રાનુસાર રાણકપુરના એક હિંદુમંદિરની આ સૂર્યમૂર્તિ બંને હાથે પદ્મધારી છે.
ફોટો : શ્રીદામ ભટ્ટ

આવતી કાલનાં નાગરિકોનાં સાહિત્ય, કલા, જ્ઞાન અને સંસ્કાર ઘડતું માસિક

સળંગ અંક ૫૦૮

વાચકો લખે છે

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી 'આહાર અને આરોગ્ય'ના હપતા માટે ખાસ અભિનંદનને પાત્ર છે. હું પોતે પણ વ્યવસાયે ચિકિત્સક હોવાથી એમના લેખો રસપૂર્વક વાંચતો આવ્યો છું. પણ છેલ્લા બે હપતાઓએ મારું સવિશેષ ધ્યાન ખેંચ્યું છે. એક તો માતાઓનું શિશુના આહાર પ્રત્યે ઘોર અજ્ઞાન રહેલું છે અને આહાર પ્રત્યે જરા પણ કાળજી લેવાતી નથી અને એને કારણે શિશુનું સ્વાસ્થ્ય પણ સારું રહેતું નથી. આ લેખ હું મારા દવાખાનામાં રાખી મૂકું છું અને જરૂર પડયે માતાઓને વાંચવા આપું છું.

મારા ઘણાઘણા શૉખો 'કુમાર' દ્વારા પૂરા થયા છે. ચિત્રકામ પણ એમાંથી જોઇને નાનપણથી કરતો આવ્યો છું. 'ચીતરવાનું સહેલ છે' એ વિભાગ નિયમિત આવે એવી આશા છે.

તારા-પરિચય લેખમાળાથી મારો સુપ્ત શૉખ અનેક વર્ષો બાદ ફરીથી જાગૃત થયો છે.

જાતીયજ્ઞાન બાબતમાં દાદા ધર્માધિકારીના વિચારો કંઈક અંશે મૌલિક છે, પણ એને આચરણમાં મૂકવા માટે સારી એવી પૂર્વતૈયારી કરવી પડે એમ છે. એમની સાથે આ બાબતમાં એક વાર એક શિબિરમાં ખૂબ જ મુક્તરીતે ચર્ચા થઇ હતી પણ લંબાણભયે અહીંથી જ વિરમું છું.

અમેરિકામાં જાતીય જ્ઞાનથી જે બખાળા થવા માંડયા છે તેનો ખયાલ 'પેજઅન્ટ' માસિકના અંકો જોવાથી આવશે.

(મુલુંદ) —ડૉ. એચ. જે. સંચોરાવાલા

આજે જ 'કુમાર' આવ્યું. એક બેઠકે પૂરું કર્યું. કેટલા ય વર્ષોથી 'કુમાર' irresistable બની ગયું છે. અન્ય વાચકોની માફક મારી પણ અરજ છે કે 'કુમાર'માં હજુ વધારે સામગ્રી પીરસો. તમારી મુશ્કેલીઓ જરૂર સમજીએ છીએ પણ ઉત્સાહી અને intelligent એવા 'કુમાર'ના વાચકોને કહેશો તો 'કુમાર' માટે સહેજે વધુ જરૂર આપશે. મોટા અંકમાં જા.ખ. પણ વધુ સમાવી શકશો. (જો કે અત્યારે પણ સારી એવી જા.ખ. હોય છે.) 'કુમાર'ની આગવી જ શૈલીથી ઘણું જ perfect all-round જ્ઞાન સહેલાઈથી પામી શકાય છે. હજુ પણ વિભાગો વધે એવી આશા છે.

રંગઠરિયાં માટે તો શું કહેવું? વિવિધ કળાના જ્ઞાન વિષેનો એ અમૂલ્ય ખજાનો સાચા અર્થમાં અમૂલ્ય છે. એ જ પ્રમાણે 'આહાર-આરોગ્ય'ની લેખમાળા પણ માન માગી લે છે. આ બંને પુસ્તકના રૂપમાં મૂકવા જેવાં છે. (કદાચ એમાંથી ડૉ. ત્રિવેદીએ કંઇક તો છપાવ્યું જ હશે.) 'કુમાર' જરૂર ઘટતું કરે.

નવા જમાના પ્રમાણે શ્રી ગોકાણીની ગુનાશોધનની લેખમાળા પણ એનું પોતાનું મહત્ત્વ લઇને બેઠી છે. શ્રી ગોકાણી સાથે સંપર્ક સાધવો છે, તો કૃપા કરી એમનું સરનામું જણાવશો. છેલ્લે. ફરીફરીથી 'કુમાર'ના ભગીરથ ઋણ માટે આભાર માનવો ઉચિત જ છે.

(મુંબાઈ) —અરુણ પરીખ

[*'ગઠરિયાં'નાં પુસ્તકો માટે ગાંડીવ સાહિત્ય મંદિર સૂરત અને ડૉ. શિવપ્રસાદનાં પુસ્તકો માટે કોઈ પણ બુકસેલરોને પુછાવશો. પુષ્કરભાઈ ગોકાણીનું સરનામું બ્રહ્મકુંડ પાસે, દ્વારકા]

જોતામાં જ બચ્ચી કરી લેવાનું મન થાય એવું આ (અંક ૫૦૭માના આવરણ ચિત્રમાં) કોનું સંતાન છે?* એકાદ ખૂણામાં એનું નામ આપ્યું હોત તો ચાર ચાંદ રહી જાત! એનાં ભોળાં નયન ને સ્મિતમાં સ્વપ્નની ઝાંખી થાય છે તેથી નામ સ્વપ્નશીલ બરાબર જ છે! ઘેરા ભૂરા રંગ સાથે ગુલાબી રંગ મનોહર લાગે છે!

સાગરકિનારાનું સૌન્દર્ય અદ્‌ભુત છે!

લઘુવાર્તા 'ગતિભંગ' ખરેખર બેનમૂન છે. એનાં અંત અને શરૂઆત બંને ય સરસ છે. આંગળાંની બોર જેવી છાપ (જોનારનાં આંસુ ય કેવાં બોર જેવાં હશે!) મૃત-બાળકીની સ્મૃતિ, છેવટે મૌનમાં ને મૌનમાં ગગન તરફ નજર! છેવટે લ્યો હેંડો! (કેટલો દર્દ અને વહાલભર્યો શબ્દ) કેટલી સરસ વાર્તા છે! નહિ?

(અમદાવાદ) —બચુ માછી

[*કવયિત્રી ગીતાબહેન ને સૂર્યકાન્ત પરીખનું]

'કુમાર'નો 'વાચકો લખે છે' એ વિભાગ હજુ ઘણું કરી શકવાની ક્ષમતા ધરાવે છે.

રેવ. ફાધર વાલેસની વ્યક્તિઘડતરની લેખમાળા વિષે જેટલી પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. જેની સમજશક્તિ વિકાસ પામી છે એવી કોઈ પણ વ્યક્તિ—પછી તેની ઉંમર ગમે તેટલી હોય—આ લેખમાળામાંથી પ્રેરણા મેળવે છે. મેં જાતે અનુભવી અને અજમાવી જોયું છે.

'મારી માન્યતા'નો વિવિધ વિષયો પરનો વિભાગ અવશ્ય ચાલુ રાખશો. ભાઇશ્રી પુષ્કર ગોકાણીના લેખો અંકે અંકે ઘડાએલી ભાષા અને માહિતીવાળા બનતા જાય છે.

(દ્વારકા) —મૂળશંકર મા. ભટ્ટ

રેવ. ફાધર વાલેસની પરિપક્વ વ્યક્તિત્વ માટેની લેખમાળા માટે ખૂબ અભિનંદન. વિદ્યાર્થીઓ માટે એમના લખાણમાં બધું છે. ફિલસૂફી કે ચિંતનના વિષયોમાં ત્રાસ પામનાર વિદ્યાર્થીઓ પણ વાંચી ને નાચી ઊઠે એવું લખાણ છે. આવું ઉચ્ચતમ જીવનપાથેય બાંધી આપવા બદલ તરુણો ફાધર વાલેસને કદી નહિ ભૂલે

(ધીણોજ) —રાજેન્દ્ર આચાર્ય

'વ્યક્તિઘડતર' લેખમાળા અમને બધાંને ખૂબ જ ગમે છે. લેખક શ્રી. રેવ. ફાધર વાલેસની પ્રશંસા કરવા માટે મારી પાસે શબ્દો નથી. આ લેખકશ્રીની બીજી ચોપડીઓ બહાર પડી હોય તો તેનાં નામ 'કુમાર'માં આપશો, જેથી તે વાંચવાનો લાભ અમારું કુટુંબ મેળવી શકે. આવા સુંદર લેખો આપવા બદલ આપને અભિનંદન. લેખકનો પરિચય આપવા વિનંતી.

(અમદાવાદ) —હર્ષદ બિહારીલાલ શાહ

[*ફાધર વાલેસની લેખમાળા તેઓ જાતે જ ગુજરાતીમાં લખે છે. 'કુમાર'માં અગાઉ એમનો પરિચય આવી ગયો તે પ્રમાણે મૂળ સ્પેઇનના, અંગ્રેજી પણ પાછળથી શીખ્યા, અને આટલું સરસ ગુજરાતી પણ બે જ વર્ષ વલ્લભવિદ્યાનગરમાં રહીને શીખી લીધું. ગણિત વિષયમાં એ ઊંચામાં ઊંચી કક્ષાની માન્ય પ્રતિભા તો છે જ, અને ભાષા તેમજ અન્ય જ્ઞાનક્ષેત્રમાં પણ પ્રતિભાવાન છે. એમનું સરનામું: ફાધર સી. જે. વાલેસ, સેન્ટ ઝેવીઅર્સ કૉલેજ, અમદાવાદ-૯. એમની આવી જ પ્રબોધક લેખમાળાનું પુસ્તક 'સદાચાર' બહાર પડી ગયું છે. 'વ્યક્તિઘડતર' પુસ્તકાકારે બહાર પાડવા જેવું છે અને પડશે જ; પણ વાચકોને પ્રિય થઇ પડેલાં પુસ્તકો પણ ખપતાં નથી એવો અમારો અનુભવ છે. 'દેવો ધાધલ' અને 'શેક્સ્પીઅરની નાટ્યકથાઓ' તેનાં તાજાં ઉદાહરણો છે. રવીન્દ્રનાથ ટાગોરની 'લિપિકા' જેવી ચોપડી પણ આજ ૮ વર્ષે ય હજી ખપી રહી છે.]

રેવ. ફાધર વાલેસની લેખમાળા માટે હાર્દિક અભિનંદન. એ મૂળે ગુજરાતીમાં જ લખે છે કે અંગ્રેજી ઉપરથી અનુવાદ કરાવાય છે? આ લેખમાળા માત્ર વિદ્યાર્થીઓએ જ નહિ પણ સૌને ઘડતર માટે ઘણી જ ઉપયોગી છે. આ લેખમાળા પુસ્તકાકારે પ્રસિદ્ધ કરશો?

(કલકત્તા) —જીવરાજ ર.



વનની સુરાવટ
ચિત્રકાર: રસિકલાલ પરીખ

જાહેરાત (advertising)નો વ્યવસાય છોડી શિક્ષક થયો છું. 'કુમાર' નિયમિત વાંચતો ને વાંચું છું. વ્યવસાયમાં ફેરફાર કરવાના મારા નિર્ણયમાં કુમારે મને સહાય આપી છે. કુમાર મોડું મળે તો દિલને 'અજંપો' થાય છે.

મને 'કુમાર' બહુ જ ઉપયોગી બન્યું છે પ્રેરણાદાયી બન્યું છે. રેવરન્ડ ફાધર વાલેસની વ્યક્તિ-ઘડતરની લેખમાળા મારા વિદ્યાર્થીઓ સમક્ષ વાંચું છું. આ લેખમાળામાં વિદ્યાર્થીઓ પોતાના જીવનને અનુલક્ષીને ઘણું મેળવે છે. છેલ્લા પાના પર કહેવતોનો અર્થ રસપૂર્વક રજૂ કરવામાં આવે છે જે ૧૦ ને ૧૧ ધોરણોના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી છે. આ પ્રમાણે રૂઢિપ્રયોગો ન આપી શકાય?

(ઘાટકોપર) —જયંતીલાલ વ. દવે

'કુમાર' આવતી કાલનાં નાગરિકોનાં ઘડતરનું માસિક છે. 'આવતી કાલનાં નાગરિકો' એટલે ૨૧ વર્ષથી નીચેનાને? વિદ્યાર્થી. તેમનું ઘડતર આજે શિક્ષણસંસ્થાઓમાં ઘડાતાં આવતી કાલનાં નાગરિકોમાં થતું હોવું જોઇએ. એ નાગરિકો પાસેથી 'કુટુંબનિયોજન' જેવી જાહેરાતના વાચનથી કેવા ઘડતરની અપેક્ષા રખાઇ હશે વારુ!

(નવા સંગપુર) —વિ. પૂ. પ્રજાપતિ

'કુમાર'ની ક્ષતિઓ માટેના પત્રો તમને ઘણા મળતા હશે. હું એમાં કાયમી વધારો કરવા નથી ઈચ્છતો. પરંતુ માર્ચ '૬૬ના અંકના ૧૦૫ અને ૧૦૮ પાન પર 'એપ્રિલફૂલની ઉત્પત્તિ' અને 'જાણો છો?' જેવાં વિરોધાભાસી લખાણો પ્રગટ થાય તે સારું ન ગણાય.

(શારદાગ્રામ) —રમણીક પરમાર

૧૦૫મા પાને 'એપ્રિલ ફૂલની' ૨૦૮મી જયંતી'નો ઉલ્લેખ છે. જ્યારે ૧૦૮મા પાને 'એપ્રિલ ફૂલ'નો આરંભ ૪૦૦ વર્ષ પહેલાં થયો હતો એવો ઉલ્લેખ છે. એમાં ક્યું વિધાન સાચું?

(અમદાવાદ) —હસમુખ પટેલ

૫૦૭મા અંકમાં–'એપ્રિલ ફૂલની ઉત્પત્તિ'માં એની ઉત્પત્તિ ૨૦૮ વર્ષ પૂર્વે ઇંગ્લંડ (એના પરગણા)માં દર્શાવાઇ છે. જ્યારે છેલ્લા પાનામાં, 'જાણો છો?' નીચે એની ઉત્પત્તિ-આરંભ ૪૦૦ વર્ષ પૂર્વે, ફ્રાંસમાં દર્શાવ્યો છે. એમ કેમ? એ બે લખાણો પૈકી કયું સાચું અને કયું 'એપ્રિલ ફૂલ' છે?!*

(ધ્રાંગધ્રા) —દિનકર પંડ્યા,

[*શ્રી હરિવદન પટેલનો લેખ વાંચી જેઓ ગયા વર્ષનો માર્ચ માસનો અંક ઉથલાવી ગયા હશે તેઓ તો સમજી જ ગયા હશે કે એ લેખ લખવા માટેનો શ્રી પટેલનો ઉદ્દેશ (એ. ફૂ. બનાવવાનો) સફળ થયો છે!]

મારા જેવા 'કુમાર'ના બંધાણી ને રસિયાને હરિવદન પટેલ એપ્રિલ ફૂલ ન જ બનાવી શકે.

(મુલુંદ) —રમેશ બી. શાહ

'મારી માન્યતા' વિભાગ ગમ્યો. 'કુમાર'નાં આકર્ષક ચિત્રો મનમાં ઊંડી છાપ પાડે છે.

(તારણા) —કાલિદાસ એસ. વાલા

'કુમાર' માર્ચ ૧૯૬૬માં ક્યાંય વીર સાવરકરનો ઉલ્લેખ નથી. આ મહાપુરુષના જીવનની પૂરી માહિતી સાથે આશા છે કે એપ્રિલના અંકમાં લેખ આવશે.

(મુંબાઈ) —સુંદરજી રતનશી ઝાલા

[*'કુમાર'ના પરિચિત પ્રો. વસંત જોષી એ સ્વ. સાવરકરના નિકટના સંપર્કમાં હતા તેઓ જ એક લાંબો લેખ તૈયાર કરી રહ્યા છે. કેટલાક અપ્રસિદ્ધ ફોટોગ્રાફો સાથે એ લેખ એક-બે માસમાં આવશે.]

'કુંડલિની' વિષે 'ગુજરાત સમાચાર'માં થોડા વખત પહેલાં કેટલીક વિગત આવેલી જે રસમય હોઈ રજૂ કરું છું. 'દરેક વ્યક્તિમાં એક મહાશક્તિ હોય છે જેનું નામ કુંડલિની છે. એ સર્પાકાર છે. ને પ્રત્યેક માણસના શૌચસ્થાનની પાસે મોંમાં પૂછડી નાખીને ઊંઘતી પડી હોય છે. યોગ દ્વારા એનું ઉત્થાન કરવાનું હોય છે અને એ માટે ષટ્ચક્રનો ભેદ કરવો પડે છે.'

(બીલીમોરા) —ધીરુભાઈ એન. શાહ

મારી એક વિદ્યાર્થિની શ્રી સાધુ ટી. એલ. વાસ્વાનીએ સ્થાપેલ પૂનામાં સેંટ મીરાંબાઈ કૉલેજમાં ભણે છે. તે લખે છે કે સાધુ ટી. એલ. વાસ્વાનીનું પૂરું નામ થાંવરમલ લીલારામ છે: 'કુમાર'માં થાંવરદાસ લખાયું છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

જોમો કિન્યાટાનું નામ તેમના ભરત ભરેલા કમરપટ્ટા પરથી પડેલું જણાવ્યું છે. (અંક ૫૦૬) મારા જાણવા મુજબ તેમના નામનો અર્થ 'સળગતો ભાલો' પણ થાય છે. તેમણે કીન્યાને આપેલ પ્રસિદ્ધ Harambee (Let us get up and go) ભાવનાનો ઉલ્લેખ પણ લેખમાં થવો રહી ગયો છે.

(મુંબાઇ) —શબ્બીર દિલેર



અનુક્રમણિકા

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

કુમાર
એપ્રિલ ૧૯૬૬
તંત્રી • બચુભાઈ રાવત

વ્યક્તિઘડતર : ૧૦

વર્તમાન-ધર્મ

રેવ૦ ફાધર વાલેસ

સારું આકર્ષક વ્યક્તિત્વ તો સૌને જોઈએ છે, પણ તેની કિંમત ચૂકવવા કોઈ તૈયાર નથી. પાસ તો દરેક વિદ્યાર્થીને થવું છે; પણ ચોપડીઓની ઉપાસના કરવા દરેક વિદ્યાર્થીમાં જરૂરી શ્રદ્ધાભક્તિ નથી. રમતગમતની હરીફાઈમાં ઊતરતા દરેક ખેલાડીને વિજયપદ્મ ઝૂંટવી લેવું છે, પણ મહિનાઓ સુધી તાલીમ-મહાવરાની તપશ્ચર્યા કરવા પૂરતી ધીરજ દરેકના દિલમાં નથી. પછી વિજયપદ્મ બીજાના હાથમાં જ જવાનું, અને પરીક્ષા-પરિણામની યાદીને મથાળે બીજાનું જ નામ આવવાનું.

વ્યક્તિત્વના ઘડતરની પાછળ જો તમે શ્રમ ઉઠાવવા તૈયાર નહિ હો તો એ કામ, તમારી જિંદગીનું મહાકાર્ય, એમ ને એમ પડયું રહેશે. બીજો કોઈ તમારે માટે એ કામ કરી આપી શકે એમ પણ નથી : તમારું જ કામ છે. બીજા તો રસ્તો બતાવે, પણ દોડવાનું તમારે; બીજા જાતજાતની વાનગીઓ પીરસશે, પણ તે આરોગવાનું—ને પચાવવાનું કામ તમારું.

મન-બુદ્ધિ-લાગણીનું થોડું વ્યાકરણ આપણે શીખ્યા. પણ વ્યાકરણ કેવળ શીખવા ખાતર આપણે નથી શીખતા; બોલવા-લખવા માટે જ શીખીએ છીએ. વ્યક્તિઘડતરનું ભાન થતાં અને તેના નિયમોનો ખયાલ આવતાં તેના પ્રયોગો આપણે તરત કરવા લાગીએ તો જ આપણો દહાડો વળે.

'જ' શબ્દ વિષે એક લેખકે એક આખો લેખ લખ્યો છે. તે નિર્ણય સૂચવે છે, મનમાં હોય તે વિના વિલંબે કરી છૂટવાની વૃત્તિ બતાવે છે, હાથમાં રહેલા આજના આ દિવસ આ જ ક્ષણ-પાસેથી પૂરતું વળતર લેવાનો ઉત્સાહ દર્શાવે છે. વર્તમાનમાં જીવીને વર્તમાન પાસેથી કામ લેવું એ માનસિક સ્વાસ્થ્ય અને સમતોલ વ્યક્તિત્વ માટે અગત્યની શરત છે. ભૂતકાળ તો ગયો, ને ભવિષ્ય હજી આવ્યું નથી. ભૂતકાળનાં સ્મરણ અને ભવિષ્યનાં સ્વપ્ન વચ્ચે વાસ્તવિકતાની આ જ અમૂલ્ય ક્ષણ ઊભી છે..., જાણે બે મહાસાગર વચ્ચે રામેશ્વરનો સેતુ! એ સેતુ ઉપર એક એક પગલું ભરીને આપણે ચાલવાનું છે. 'દૂર માર્ગ જોવા લોભ લગીર ન, એક ડગલું બસ થાય!'

મોટર ચલાવતી વખતે તમારી આગળના રસ્તા પર નજર ઠેરવીને ચલાવો છો. સામે શું આવે છે એ વિષે બેધ્યાન થઈને જો દૂર જોવા માંડયું કે પાછળ જોવા માટે માથું ફેરવ્યું તો અકસ્માતની તૈયારી થઈ! દૂર પહોંચીશું ત્યારે ત્યાંનો રસ્તો જોઈશું; અહીંથી જો એ જોવાનો મિથ્યા પ્રયત્ન કરીશું તો અહીંનો તો જોઈશું જ નહિ ને ત્યાંનો જોવા કદાચ જીવીશું પણ નહિ. જીવનની યાત્રા ખરેખર રમણીય છે. એકેએક ઠેકાણે તેના આગવા સૌંદર્યનું પાન કરતા જાઓ એટલે તેનાં સંપૂર્ણ દર્શન પામશો. પરંતુ જો એક સ્થળે ઊભા રહીને કેવળ આવી ચૂકેલાં ને આવી જનારાં સ્થળોના ખયાલોમાં પડી જશો તો એક પણ સ્થળનું સૌંદર્ય માણી શકશો નહિ.

આપણા મનને એવી સંતાકૂકડીની રમત ખૂબ ગમે છે. નાના હોઇએ ત્યારથી આપણું મન જાણે આપણી નજર ચૂકવીને વિચાર ચલાવવા માંડે છે : 'હું મોટો થઈશ ત્યારે...; હું કૉલેજમાં જઇશ ત્યારે...; હું પરણીશ ત્યારે...; હું નોકરીએ ચડીશ ત્યારે...'. ને આપણે કાળક્રમે ખરેખર 'મોટા' થઇએ છીએ ત્યારે આપણું મન ફરીથી બાજી બદલીને ઊંધી ચાલ પકડે છે : 'હું નાનો હતો ત્યારે...; હું સ્કૂલમાં ભણતો હતો ત્યારે...; હું તારા જેવડો હતો ત્યારે...'. અજબ છે એ મન! આગળ જુએ કે પાછળ જુએ, પણ સામું જોવાનું તો નામ જ ન લે! આમ ભૂતકાળમાં ભવિષ્યનાં સ્વપ્ન ને ભવિષ્યમાં ભૂતકાળની યાદ ચાલ્યા કરે તો વચ્ચે શું રહે? કાલે શું કરીશું એની ચિંતામાં જો આજનો દિવસ જાય, તો આજનો દિવસ નકામો ગયાના પસ્તાવાથી કાલનો દિવસ નહિ બગડે?

'અરે અબુધ! વર્તમાન વિસરી તું વિતેલનાં
સુખસ્મરણને સદૈવ રટતું! રમે ભાવિના
મનોરથતણી સદા મધુર સૃષ્ટિની માંહિ વા!'
(મનસુખલાલ ઝવેરી)

ભવિષ્ય માટે યોજના કરવી ન જોઇએ એમ નથી. ભૂતકાળના નિરીક્ષણમાંથી અનુભવનો નિચોડ ન કાઢવો જોઈએ એમ પણ નથી. પણ વર્તમાનનું સ્થાન ભૂતકાળની ચિંતાઓ કે ભવિષ્યની કલ્પનાઓએ ન લેવું જોઇએ એટલું જ.

એક-એક ગાઉ ચાલીને લાંબો રસ્તો કપાય,
પુસ્તકનાં પાનાં એક પછી એક વંચાય;
જીવનની ઘડીઓ એક પછી એક જિવાય.

વર્તમાનમાંથી નાસી છૂટવાની અસ્વસ્થ મનની એક સૂક્ષ્મ યુક્તિ અને અનેક યુવાનોનું વ્યક્તિત્વ રૂંધાવી નાખનાર એક વ્યાપક રોગ તે દિવાસ્વપ્ન છે. દિવાસ્વપ્ન એટલે ધોળે દહાડે, ખુલ્લી આંખે જાગ્રત મને, જાણીજોઇને ચલાવેલું સ્વપ્ન; કલ્પનાઓના તરંગો; માયાની સૃષ્ટિ; ભ્રમણાઓની જાળ; પલાયનવૃત્તિ. વાસ્તવિક જીવનમાં સફળતા ન મળી એટલે કાલ્પનિક જીવનમાં તે શોધવા મન શેખચલ્લીના પ્રદેશમાં ભટકવા નીકળ્યું. કેવો મીઠો એ લહરીઓનો સ્પર્શ! કેવો માદક એ કલ્પિત વિજયનો સ્વાદ! કેવો આહ્લાદક એ કૃત્રિમ વૈભવનો અનુભવ! પણ એ વાદળીઓનો મહેલ છોડીને જ્યારે ધરતીની ધૂળ ઉપર ફરીથી પગ મૂકવા પડે ત્યારે મનમાં કેવો ત્રાસ છૂટે છે! ક્યાં એ મારી કલ્પનાઓનું ખાનગી સામ્રાજ્ય અને ક્યાં આ નિષ્ઠુર વાસ્તવિકતાનું કેદખાનું! ક્યાં રાજાનો મુકુટ ને ક્યાં ભિખારીનાં ચંપલ! ક્યાં મારાં સ્વપ્નાંનો 'હું' અને ક્યાં મારા વર્ગનો ફલાણા નામ ને નંબરથી ઓળખાતો વિદ્યાર્થી!

એક વિદ્યાર્થીના પત્રમાંથી થોડી લીટીઓ ઉતારું છું : 'જ્યારે જ્યારે એકાંતમાં એકલો બેસી રહ્યો હોઉં છું ત્યારે ભૂતકાળમાં સરી પડાય છે કે કલ્પિત ભવિષ્યમાં ઊડી જવાય છે. અને આશ્ચર્ય એ છે કે તે વસ્તુ કરવી મને બહુ જ ગમે છે. જ્યાં સુધી હું એ યાદમાં કે એ કલ્પનામાં હોઉં છું ત્યાં સુધી મને સ્વર્ગ તુચ્છ લાગે છે. પણ હું વાસ્તવિક જગત ઉપર આવું છું ત્યારે મને જીવન નરક સમ લાગે છે.'

એવી મિથ્યા પ્રવૃત્તિ મિથ્યા તો છે જ એ આ દિવાસ્વપ્નના વ્યસનીઓ પણ કબૂલશે. એ 'વિચારો'થી કોઈ કાર્ય નહિ થાય. એ 'કલ્પનાના ઘોડાઓ' કોઇ ભાર નહિ ઉપાડે. મોટરકાર ઊભી હોય પણ તેનું ઍંજિન ચાલુ હોય એના જેવું થાય. પેટ્રોલ બળે પણ મોટર ન ઊપડે, અને આમ જો કલાકો સુધી ચાલે તો એ મોટરકારના—એ મનના—માલિક વિષે લોકો શું કહેવાના?

યુવાનીનો કીમતી સમય લૂંટી લેવા ઉપરાંત દિવાસ્વપ્નો પોતાના ઘરાકોનાં હૃદયમાં ધીમું ઝેર મૂકતાં જાય છે. કલ્પનામાં રાચ્યા પછી વાસ્તવિક્તા અકારી લાગે. ગંધર્વોનું સંગીત સાંભળ્યા પછી માણસોનાં ગાન બેસૂરાં લાગે. અમૃતનો સ્વાદ લીધા પછી દાળભાત ન જ ભાવે. આમ વાસ્તવિક જીવન જીવવાની શક્તિ ઓગળી જાય. પાળમાં છિદ્ર પડતાં પાણી નીકળી જાય, ને પછી ખેતર સીંચવાનો સમય આવે ત્યારે પાણી ખૂટી પડે। એવા ખેતરમાં સારો પાક ન જ ઊતરે.

આપણી શક્તિ મર્યાદિત છે તેથી જ એને એકત્ર કરવા, એક પછી એક કામ ઉપર તેને કેન્દ્રિત કરવા આપણો પ્રયત્ન હોવો જોઇએ. એક વખતે એક કામ. હાથ-પગ જે કામ કરી રહ્યા છે એની પાછળ જો આંખ ને જીભ, મન ને હૃદય પણ મંડી પડે તો જ આપણો પ્રયત્ન ખરો કહેવાય. એક કર્મયોગી નેતા કહેતા: 'મારા મનની વ્યવસ્થા મારા આ ટેબલનાં ખાનાં જેવી છે. એક ખાનું ખેંચું એટલે એનું કામ ચાલે. તે પૂરું થતાં એ ખાનું બંધ કરું અને બીજું ખેંચું પણ ટેબલનાં—કે મનનાં—બે ખાનાં એકીસાથે ઉઘાડાં રહેવા હું નથી દેતો. એક વખતે એક કામ.'

વર્તમાન ધર્મનો સંદેશો પણ એ જ છે. અને એમાં જીવનસાધનાનું એક રહસ્ય સમાએલું છે. આજની ક્ષણ હાથમાં લઇને, એના ઉપર તન-મન-ધનની તમામ શક્તિઓ કેન્દ્રિત કરીને ઉમંગપૂર્વક કામે લાગવું. કામને બદલે સ્વપ્ન, આચરણને બદલે કલ્પનાઓ, આજને બદલે કાલે એવાં બહાનાનો આશ્રય કદી ન લેવો. ભવિષ્ય સંભાળી લેવા ભગવાનની પાસે દીર્ઘદૃષ્ટિ ને પ્રેમ છે, અને ભૂતકાળ ભુલાવી દેવા એની પાસે ક્ષમા પણ છે; પણ જે એકલો વર્તમાનકાળ એણે આપણા હાથમાં મૂક્યો છે તે લઈ લઈને આપણું જીવનકાર્ય તો આપણે જ સાધવાનું છે. એકએક ક્ષણ ગૂંથીગૂંથીને જ જિંદગી વણાશે; એક એક ઇંટ મૂકીમૂકીને જ ઈમારત ચણાશે; એક એક સૂર લલકારી લલકારીને જ જીવનનું ગાન ગવાશે.

અનહદની સરહદે

(સાપ-ઉતારા, ડાંગમાં સ્ફુરેલું એક સૉનેટ-સપ્તક)

ઉશનસ્

ડાંગનાં જંગલોની પેલે પાર આવેલા ગિરિધામ સાપ-ઉતારાની સફરે જતાં સ્ફુરેલા આ સૉનેટ સપ્તકમાં એક અદ્ભુત અનુભૂતિનું રોમાંચક આલેખન છે. ત્યાં જાણે કોઈ પરિચય વિનાની પૃથ્વીમાં અનામી આશ્ચર્યોમાં પ્રવેશ થતો લાગે છે આદિકાળે વિધાતાએ વાવેલાં હોય એવાં અડાબીડ જંગલો આંખ સામે ઊઘડી રહે છે, જ્યાં કૌતુક પણ થાકી જાય છે, સંસ્કૃતિ થંભી જાય છે અને આ પૃથ્વીનો ગ્રહ રચાયો હશે તે કાળની આબોહવા—રોમાંચોનો એવો અનુભવ થાય છે, કે કવિ પોતાનું માનવ અસ્તિત્વ ગુમાવીને તરુસંજ્ઞા ધારી રહે છે. ત્યાંની પ્રશાન્ત સુષમા એવી ગાઢ છે કે કોઈવાર સમય ફરકી જાય ત્યારે—ક્યાંક થતા કુહાડીના ઘાના ટચકા એના અખંડ વ્યક્તિત્વમાં ઓગળી જાય ત્યારે એકાદ મધુ પુલકનો અનુભવ થાય છે, બાકી તો એ પહાડોનો ગહન વિવરોમાં સમય અઘોરીની પેઠે પડી રહે છે. (કેવી કલ્પના!) એમાં એકાદ પાન ખરે છે ને એની ફુદડીની સાથે કવિની નજર તેની સાથે ચકાવે ચડીને યુગાન્તોની ઉત્ક્રાન્તિની લીલા ભમી આવે છે. ત્યાં, એ આદિ વનનું સત્ત્વ બની ગએલા કવિને, બાળપણમાં સાંભળેલી વાર્તામાંના, પહાડોની પેલે પાર વસતી શાપિત રાજકુંવરીની શોધમાં નીકળેલા રાજકુમારની અનુભૂતિ જાગે છે અને અનહદની એ સરહદે અનાક્રાન્તોનાં ઇજનથી એના પ્રાણ એવા તડપી ઊઠે છે કે આ પારનું સઘળું ઝેર જેવું લાગે, એના થનગની રહેલા હયને પાંખો ફૂટે છે અને……

· શિખરિણી ·

૧ અનામી આશ્ચર્યોમાં

અમારી યાત્રા આ પ્રવિશતી હવે નામ વિણનાં
નર્યાં આશ્ચર્યોમાં, પરિચય વિનાની પૃથિવીમાં।
ગયાં છેલ્લાં છેલ્લાં તરુ, વસતિનાં ખેતર ગયાં,
વિધાતાનાં વાવ્યાં અસલ અટવી ઊઘડી રહ્યાં।

અજાણ્યા પ્હાડોનાં અચરતભર્યાં શૃંગ ઊઘડે,
અજાણ્યાં ઝાડોમાં નજર ઊડતી નામ ચૂગતી,
જતું થાકી હારી કુતૂહલ અહીં ગીચ વગડે,
દીધાની સંજ્ઞાઓ સકલ ચીજને શક્તિ જ નથી
અમારી લોકોની—વનથી નિરવાસ્યા જનતણી.

અનામી વ્હે જાતાં ઝરણ, રણકે કંકર-કણી,
અજાણ્યાં પર્ણોની ખરતી ખખડંતી ડુગડુગી,
અહીં છોડી દૈને ગણતરી ઊભી સંસ્કૃતિ મૂગી!

અનામી પ્હાડોના પરિચય વિનાના તરુવને
ન મારું યાદ(આ)વે અવ નગરનું નામ જ મને.

૨ વનમાં સડક

અનામી પહાડોના પરિચય વિનાના તરુવને
વીંટાઇ ખેંચાઇ વિટપવિટપે નામ મુજ તે
ગયું રે રહું પૂંઠે ઋતુપરણની પામરી સમું,
ગુમાવી બેઠો છું પરિચય મહારો જ ખુદ હું,
પરંતુ પામ્યો છું કશીક તરુસંજ્ઞા અવનવી.

અહો, એવી ને(એ)વી જળવઇ રહી આદ્ય ગડીઓ
પડેલી લાવાની અહીં કશી અક્ષુણ્ણ ગ્રહવિષે!
અબોટયા રોમાંચો પ્રથમ સમ ઊભાં છ અટવી!

મૂકી ઊંડા વાઢો સડક જતી આ પહાડ વીંધતી,
દૂઝંતા ઘા જેવાં ઝરણ દદડે છે સ્થળસ્થળે,
કપાઇ ગૈ છે ક્યાં નસનસતણી જાળ, ક્યહીં તો
અરે, આવ્યાં જ્હારે નીકળી સઘળાં અંત્રક વળી!

ભળે છે આશ્ચર્યે દરદનું કશું ભાન મનમાં:
તરુરૂપે દૂઝું, સડકરૂપ ઝૂકું શરમમાં

૩ તરુવરોમાં

ધસંતા યાને હું નીરખી રહું આ રૂપની લીલા
તરુઓની: થોડાં સડકથી ગયાં છે દૂર ખસી,
ઊભાં છે ઢોળાવે અદબસર શિસ્તે ઢુકડીમાં;

કંઈ લાંબા ઝબ્બે નયન મીંચીને લીન ભીતરે
ઊભાં છે સાધુના ગણ સમ; ક્યહીં તો મકડીના
તરુ બબ્બેને સંકલત જીવતા તાર ચળકે
મળસ્કાના સૂર્યે, ક્યહીં ઊતરતી ધીંગી મૂળીઓ
ઊંચેરાં ધાબાંથી નગરગૃહની પાઇપ સમી
કરાડોની નીચે; અજગર સમી કૈંક મૂળીએ
લીધો છે સ્કંધોની થડની ફરતો ગાઢ ભરડો!

અને આ વાંસોનાં તરુ તતડિયાં છે પરણમાં
ફટાકાની જાણે સ્ફુરતી લૂમની વાટ લીલુડી!
અહો, આ વૃક્ષેથી ફૂલ ખરી પડયું કોઈ હમણાં,
નથી નોંધે લેવી અહીં વળી કશી એની ગણના!

૪ પ્રશાન્ત સુષમા

અહીં ક્યારેક્યારે સમય ફરકી જાય તરુમાં,
અને ડાળેડાળે મધુપુલકનું કંપન સ્ફુરે;
કદી પાકાં પીળાં પરણ ખરી જાતાં વન ધરે
શિશિરાવસ્થાનું વિધુરપણ વૈરાગી ચીવરે.

વિવર્તો પામીને સમય નિજની કાંચળી હરે
તદા થોડું એની ગતિતણું થતું ભાન, નહિ તો
અહીં આ પહાડોમાં સમય વિવરોના ગહનમાં
અઘોરીના જેવો હલચલ વિનાનો પડી રહે.

કદી આવે દૂબા જનવસતિના તો ય વનનું
ન તૂટે વૈજન્ય, સ્ખલત નહિ શાન્તિ, ભળી જતા
અખંડ વ્યક્તિત્વે અસલ વનના આ ક્યહીં થતા
કુહાડીના ઘાના સ્વર ગહન, આ તીક્ષ્ણ ટચકા.

દીઠી મેં યાનેથી કરમહીં લવારું ઊંચકીને
ઊભી કન્યા—ઝાંખી ઇસુની શું કરુણાર્દ્ર છવિ મેં!

૫ કાળડૂબકી — એક તંદ્રા

કરું આ વાર્તા ત્યાં પરણ દીઠું મેં એક ખરતું,
ઝૂમ્યું નીચે આવી અરવ ફુદડી ગોળ ફરતું;
અરે એ ચકાવે મુજ નજરને ફેર ચડતા,
યુગાન્તો મેં દીઠા કંઈક વળી એમાં ઘુમરતા!

ખરેલા એ પર્ણે સમયતણું જંતુ ફરી વળે,
નસો વચ્ચે ચાટી જઈ પરણને ચાળણી કરે,
જતું પૃથ્વી શારી ગહન ભીતરે પર્ણ ઊતરી,
રહે પૂંઠેપૂંઠે નજર પણ મારી અનુસરી:

અધોધ: ઓ ચાલ્યું પરણ વીંધતું પહાડપથરા,
સિઝાતું લાવામાં, વનવન નવો જન્મ ધરતું,
ખરી જાતું પાછું ફુદડી ફરતું, ચાળણી થતું,
નવા સૂર્યે ફાડી હિમપડ ઊગે વર્ણથી હરા!

સમાધિ તૂટે ત્યાં નીરખું વિટપે પર્ણ સ્ફુટિત!
હું યે ના એ, મારા શતશત અહો જન્મ વ્યતીત!

૬ પહાડોની પેલી પાર

હવે મારું કોઇ નવું-જૂનું રહ્યું નામ જ નથી,
અનામી કો આદિ વનનું બસ છું સત્ત્વ હું હવે;
મને કોઇ આઘે સમયમહીં મારા વતનથી
ગયું'તું—યાદ(આ)વે—અપહરી પુરા કોઈક ભવે.

પુરા જ્યારે જ્યારે નીકળતી હતી વાત ઘરમાં
વને નિર્વાસેલા નૃપકુંવરની, 'એ વન વિષે
ઊભા આડા પહાડો, નદી વહતી ઓ પાર...'સુણતાં
ઊઠંતા પ્રાણો શેં તડપી મુજ તે આજ સમજ્યું.

'અહો પેલી પારે ગિરિતણી વહે કોઇક નદી,'
નર્યાં ઉલ્લેખે યે સરી જતી કંઇ કેટલી સદી:
ચલી આવે યાત્રા-કથની દૂરથી સંસ્કૃતિતણી.

વને પહાડો-પહાડો તણી ય વળી ઓ પાર નદી કો
વહે છે અંજાણી, તટ ઉપર ત્યાં શાપિત પરી
રહે કો એકાકી રટત મુજને રાજકુંવરી...

૭ અનાક્રાન્તોનાં ઇજન

વહે છે આજે યે હજી ગિરિતણી પાર નદી તે
ઉછાળ'તી છોળો અચરજની નામો વગરનાં;
રહે છે આજે યે સરિતતટ એ સુંદર પરી
પ્રતીક્ષંતી: ક્યારે અહીંથી લઇ જાઉં અપહરી.

પહાડોમાં મારા થનગની રહે પ્રાણ કુતુકે,
ફૂટે જાણે પાંખો, ઊડઊડ કરે ટૂકથી ટૂકે;
જવા ઠેકી ચાહે સકલ વ્યવધાનો મુજ હય,
અનાક્રાન્તો કેરાં ઇજન ગ્રહી લે આકળી વય.

'જતા આ પહાડો જ્યાં નભમળી ત્યહીં દૂર અદીઠે
નદી કો વહે છે રે, ઝૂરતી ત્યહીં કો રાજકુંવરી...'
—મને આ પાસેનું સઘળું અળખું ઝેર અવ તો,
હવે તો હું નહૈં કે નહિ ક્ષિતિજ જે રહે અપસરી.

અગાઉથી પામું પુલકતણી શ્રેણી પદપદે
સુદૂરસ્થે! તારી અનહદતણી આ સરહદે.

ઈ. સ. ૧૯૬૫ માટે

કુમાર-ચંદ્રક તથા અન્ય પારિતોષિકો

શ્રી વિઠ્ઠલભાઈ પુ. પટેલ (મોમ્બાસા) તરફનો ૫૦૦મા અંકના શ્રેષ્ઠ સર્જન માટેનો સુવર્ણચન્દ્રક સંજોગાનુસાર મોકૂફ રખાયો છે.

કોના તરફથી	શાના માટે	મેળવનાર	પારિતોષિકોનો પ્રકાર	નિર્ણાયકો
સ્વ. યશવંત પંડ્યાની દેણ-ગીથી શરૂ થએલી અને તે પછી 'કુમારે' ચાલુ રાખેલી યોજના	વર્ષ દરમ્યાનના શ્રેષ્ઠ સાહિત્યસર્જન (કાવ્યો) માટે	 શ્રી રઘુવીર ચૌધરી		સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, અનંતરાય રાવળ અને યશવન્ત શુક્લ
શ્રી વિઠ્ઠલભાઈ પુ. પટેલ (મોમ્બાસા) તરફથી	જ્ઞાન-ચારિત્ર્ય-પોષક ગદ્યલખાણ 'વ્યક્તિ-ઘડતર' લેખમાળા માટે	રેવ૦ ફાધર સી. જે. વાલેસ	રૂ. ૫૧	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
શ્રી ચન્દ્રકાન્ત આનંદપરા તરફથી	૫૦૦મા અંકમાંના શ્રેષ્ઠ ચિત્ર 'દેવની માનતા' માટે	શ્રી રસિકલાલ પરીખ	રૂ. ૧૦૧	શ્રી રવિશંકર રાવળ અને 'કુમાર'ના તંત્રી
,,	૫૦૦મા અંકમાં કલા-પરિચય લેખ 'ગુજરાતની તોરણસમૃદ્ધિ' માટે	શ્રી મધુસૂદન ઢાંકી	રૂ. ૫૧	શ્રી અનંતરાય રાવળ ડૉ. રમણલાલ શાહ અને 'કુમાર'ના તંત્રી
,,	૫૦૦મા અંકમાંના ઉત્તમ જીવનચરિત્ર 'દાન્તે' માટે	પ્રો. વસંત જોષી	રૂ. ૫૧	,,
,,	૫૦૦મા અંકમાંના વિજ્ઞાનલેખ 'રેડિયો-સૂર્ય' માટે	ડૉ. છોટુભાઈ સુથાર	રૂ. ૫૧	,,
,,	૫૦૦મા અંકમાંના સંશોધનલેખ 'છૂંદણાં' માટે	શ્રી ખોડીદાસ પરમાર	રૂ. ૫૧	,,
'કુમાર' તરફથી	વર્ષની શ્રેષ્ઠ વાર્તા 'ગૃહપ્રવેશ' માટે	'ઈવા ડેવ'	રૂ. ૩૦	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
'એક લેખક' તરફથી	વર્ષ દરમ્યાનના શ્રેષ્ઠ કાવ્ય 'અંધાર' માટે	શ્રી ચીનુભાઈ મોદી	રૂ. ૩૦	શ્રી ડોલરરાય માંકડ, શ્રી ગૌરીપ્રસાદ ઝાલા અને ડૉ. રમણલાલ શાહ
એક 'કલાપ્રેમી' તરફથી	વર્ષનાં શ્રેષ્ઠ ચિત્રસર્જન 'ઋતુસંહાર' તથા 'અગ્નિવર્ણની કામક્રીડા' માટે	શ્રી વાસુદેવ સ્માર્ત	રૂ. ૩૦	શ્રી રવિશંકર રાવળ અને 'કુમાર'ના તંત્રી
એક 'કલાપ્રેમી' તરફથી	વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ ગદ્યલખાણ 'વ્યક્તિ-ઘડતર' લેખમાળા માટે	રેવ૦ ફાધર સી. જે. વાલેસ	રૂ. ૩૦	ડૉ. રમણલાલ શાહ
શ્રી વિઠ્ઠલભાઇ પુ. પટેલ (મોમ્બાસા) તરફથી	૫૦૦મા અંકમાંના ઉત્તમ ચિત્ર 'અતીતનું સ્મરણ' માટે	શ્રી કનુ દેસાઈ	રૂ. ૨૫	શ્રી રવિશંકર રાવળ અને 'કુમાર'ના તંત્રી
,,	૫૦૦મા અંકમાંની શ્રેષ્ઠ વાર્તા 'બે આંખની શરમ' માટે	શ્રી સુધીર દલાલ	રૂ. ૨૫	શ્રી અનંતરાય રાવળ ડૉ. રમણલાલ શાહ તથા 'કુમાર'ના તંત્રી
,,	૫૦૦મા અંકમાંના ઉત્તમ ગદ્યલેખ 'કચ્છનું લીંપણ શિલ્પ' માટે	શ્રી રામસિંહજી રાઠોડ અને પ્રદ્યુમ્ન તન્ના	રૂ. ૨૫	,,

પારિતોષિકો મેળવનારાઓને અમે અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયક વિદ્વાનોનો આભાર માનીએ છીએ.

ડૉ. મનુભાઈ પ્રા. વૈદ્ય

એક તપોનિષ્ઠ શિક્ષક

લેખક
ભાણુભાઈ
પ્રા. વૈદ્ય



ડૉ. મનુભાઈ

આપણા શિક્ષણક્ષેત્રની એક વિરલ વિભૂતિ સમ, તપોનિષ્ઠ કેળવણીકાર શ્રી મનુભાઇ વૈદ્યનું ગયા જાન્યુઆરી (૧૯૯૬)ની સોળમી તારીખે ૯૧ વર્ષની વયે મુંબઇ (ઘાટકોપર)માં અવસાન થયું.

આપણા જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ધર્મકાર્ય ગણીને જે કેટલીક નિષ્ઠાવાન વ્યક્તિઓએ તે તે ક્ષેત્રને ઉજ્જ્વલ કર્યાં છે તેમાં શ્રી મનુભાઈ વૈદ્ય એક અતિ તેજસ્વી પુરુષ હતા. મુંબાઈ ગુરુકુલ વિદ્યાલયોના એ અધિષ્ઠાતાને ઉચિત અંજલિ આપતાં 'જન્મભૂમિ'ના તંત્રીસ્થાનેથી લખાએલું તેમ શિક્ષણનાં મૂળભૂત પ્રયોજન, તેના સિદ્ધાંતો, તેના દેશ-વિદેશના આધુનિક આવિષ્કારો, અને એ બધાનો આપણા વિકસતા જતા શિક્ષણતંત્રમાં વિનિયોગ કરવાની કળામાં શ્રી મનુભાઈ નિષ્ણાત હતા. શિક્ષણના એ તપોધન શૈક્ષણિક સદાચારના ઉદાહરણ જેવું જીવન જીવતા. આથી જ પાર વિનાનાં શિક્ષણયોજનાઓ, સરકારી સમિતિઓ અને ગુજરાત-મહારાષ્ટ્રની શિક્ષણસંસ્થાઓ તેમના માર્ગદર્શનની સતત અપેક્ષા રાખતી. પણ સૌથી વિશેષ તો ચારિત્ર્યવાન વિદ્યાર્થીઓ સર્જવાની મોટી ક્ષમતા તે ધરાવતા. આપણા સર્જાતા નવજીવનના ઘડતરમાં એમનો ફાળો પરોક્ષ પણ ઘણો સબળ હતો.

સૌરાષ્ટ્રમાં જેતપુર ગામે ઈ. ૧૯૦૫ની ૧૯મી જાન્યુઆરીએ એમનો જન્મ. દાદા આર્યવૈદ્ય મયારામ સુંદરજી ચુસ્ત આર્યસમાજી હતા ને પિતા વડોદરા રાજ્યમાં ડૉક્ટર. મૅટ્રિકની પરીક્ષામાં એમણે હેમ્બર્ટ અને લાટ્રશ બંને સ્કૉલરશિપ મેળવેલી, અને સંસ્કૃત તથા અંગ્રેજીના ઑનર્સ સાથે બી.એ. થયા. સૌરાષ્ટ્રના સ્વ. 'ધૂમકેતુ', ભાઇશંકર દ્વિવેદી વગેરે જેવા અનેક જુવાનોને પાણી ચડાવનાર સ્વ. પ્રો. મહાદેવ મલ્હાર જોષીના પ્રભાવ તળે એમનાં દિલ અને દિમાગનું ઘડતર થયું.

એક પ્રતિભાવાન શિક્ષણાચાર્ય અને તપોજ્જ્વલ ચારિત્ર્યવાન વ્યક્તિ તરીકેનો, ગુજરાતની જુવાનીને પ્રેરણા આપે એવો એમનો આ નીચેનો જે પરિચય એમના બન્ધુએ લખ્યો છે તેમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી એમ સ્વર્ગસ્થને જાણનાર હરકોઈ કહી શકશે.

કોઇ પણ કામ પ્રત્યેની નિષ્ઠા માનવીના જીવનનું મોટું ભાથું છે. મનુભાઇને ઈશ્વરે વિરલ બુદ્ધિમતિમા, અસાધારણ ગ્રહણશક્તિ ને તીવ્ર યાદદાસ્તની બક્ષિશ આપેલી. આવી શક્તિ ધરાવનાર વ્યક્તિ જીવનના જે કોઈ ક્ષેત્રમાં પડે તેમાં નામ કાઢે એ સ્વાભાવિક છે.

આપણા દેશમાં રાજકારણનું આકર્ષણ સવિશેષ રહ્યા કર્યું છે. જીવનની અન્ય પ્રવૃત્તિઓને ઘણાખરા લોકો રાજકારણની સીડીનાં સોપાન ગણે છે. પ્રખર વકીલ, ડૉક્ટર, લેખક કે શિક્ષક રાજકારણમાં ન જોડાય ત્યાં સુધી તેમને ચરમ સિદ્ધિ પ્રાપ્ત થયા જેવું લાગતું નથી.

મનુભાઈ આનો અપવાદ હતા. એમણે ગણતરીપૂર્વક શિક્ષક થવાનું પસંદ કર્યું અને આજીવન શિક્ષક રહેવામાં ગૌરવ અનુભવ્યું. ૧૯૨૬-માં એ બહાઉદ્દીન કૉલેજમાંથી ગ્રૅજ્યુએટ થયા. દાદીમા ગુજરી ગયાં હતાં, એટલે દાદાનું ધ્યાન રાખવા એક વર્ષ જેતપુરમાં જ રોકાયા. ૧૯૨૭થી જે ચાર વર્ષ તે કપડવણજ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે રહ્યા તેનાં સંસ્મરણો વાગોળતાં ગુજરાતના અનેક ખ્યાતનામ લેખકો, કવિઓ, અધિકારીઓ અને પ્રાધ્યાપકોને ગૌરવ અનુભવતા જાણ્યા છે.

શાળાના વર્ગની ચાર દીવાલોને એ પોતાનું વિશ્વ માનતા. પોતાની પાસે જે કાંઈ સારું હતું તે નિઃસંકોચભાવે એ વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી દેતા. બ્રાહ્મણોના 'અધ્યયનમ્'-અધ્યાપનમ્ ધર્મના આગ્રહી મનુભાઇ ભણાવવાના કામને વેઠ ન માનતા; ભાવિ પેઢીના ચારિત્ર્યઘડતરનું પવિત્ર કાર્ય ગણતા.

અમારું કુટુંબ દાદાના વખતથી જ આર્યસમાજી. મારા પિતા ડૉ. પ્રાણજીવન મ. વૈદ્ય વડોદરામાં ડૉક્ટર હતા. એક વાર સ્વ ડૉ. કલ્યાણદાસ દેસાઈ કંઈક કામ પ્રસંગે વડોદરા આવેલા. એમણે જ્યારે જાણ્યું કે મનુભાઈ એમ. એ , બી. ટી. છે ત્યારે તરત જ તેમને શુક્લતીર્થ ગુરુકુળના આચાર્ય તરીકે આવવાનું નિમંત્રણ આપ્યું અને મનુભાઇ છવ્વીસ વર્ષની નાની વયે ગુરુકુળના આચાર્ય બન્યા. કબીરવડના સાન્નિધ્યમાં, રમ્ય વાતાવરણ વચ્ચે એમણે ગુરુકુળના અર્વાચીન વિભાગનું સંચાલન હાથમાં લીધું એ દિવસોમાંથી વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને આદર્શભાવના વિકસાવવા જે યજ્ઞ એમણે આરંભ્યો તે એમના જીવનના અંત પર્યંત ચાલુ રહ્યો.

એવામાં કેળવણી ખાતાના અંગ્રેજી અધિકારી શ્રી કૅમેરૉન ત્યાં તપાસણી અર્થે આવ્યા ત્યારે મનુભાઈનું કામ જોઇને એટલા ખુશ થયા કે તેમણે સામેથી પોતાના હાથ નીચે શૈક્ષણિક સંશોધનકાર્ય કરવાનું મનુભાઇને સૂચવ્યું. આમ શિક્ષણના ક્ષેત્રમાં મનુભાઇએ 'ડૉક્ટરેટ' મેળવ્યું, અને પછી તો વર્ષો સુધી પીએચ. ડી ના શિક્ષક ને પરીક્ષક રહ્યા. ડૉ. મનુભાઈ પ્રા. વૈદ્ય ભારતભરના સૌપ્રથમ એમ. એડ. થયા તેની પાછળની પ્રેરણા શ્રી કૅમેરૉનની હતી.

ચાર વર્ષ બાદ ગુરુકુળ સંસ્થાને શુક્લતીર્થથી ઘાટકોપર લાવવાનો નિર્ણય થયો. ઈશ્વરને મનુભાઈની કસોટી કરવી હશે, એટલે ગુરુકુળનો સામાન જે વૅગનોમાં ભર્યો હતો તે સળગી ગયો. સાથે મનુભાઇનો અંગત સામાન, એમનાં લખાણો અને પુસ્તકો પણ, ખાખ થયાં.'

પડકાર થાય ત્યારે ગભરાઇ જવાને બદલે એ ઝીલી લેવાનો મનુભાઇનો સ્વભાવ હતો. ઘાટકોપરમાં દેણાં સાથે શરૂ થએલી ગુરુકુળ હાઈસ્કૂલ આજે મુંબાઈની શ્રેષ્ઠ શાળાઓમાંની એક ગણાય છે તેની પાછળ અનેક જાણીતી અને અજાણી વ્યક્તિઓનો ફાળો છે; પરંતુ એ પુરુષાર્થગાથાના કેન્દ્રમાં કોઈ એક વ્યક્તિને મૂકવી હોય તો તે સ્વ. મનુભાઈ જ હોઇ શકે. ગુરુકુળ એમનું સર્જન હતું અને તેનો એમને આનંદ હતો. સત્તા ને વેતનની દૃષ્ટિએ ગુરુકુળના આચાર્યપદ કરતાં ઘણાં મોટાં સ્થાન મળતાં હતાં, પણ મનુભાઇએ વિવેકપૂર્વક તેનો સદા ઇનકાર કર્યો છે અરે, લગભગ ચાલીશ વર્ષની શિક્ષક તરીકેની કારકિર્દીમાં તેઓ કોઇને ઘેર ટયુશન આપવા પણ નથી ગયા.

દાદા અને પિતા પાસેથી વારસામાં જે ખુમારી મળી હતી તે એમણે જિંદગીના અંત પર્યંત જાળવી રાખી. આર્યસમાજીઓને સહજ

એવો અભય, શિક્ષકને સ્વાભાવિક એવો વિવેક ને આદર્શવાદી માટે અનિવાર્ય એવી નિષ્ઠાનો મનુભાઈમાં સુભગ સંયોગ હતો. બિનજરૂરી ઝગડા તે કરતા નહિ, પણ સિદ્ધાંતનો પ્રશ્ન આવે ત્યારે ગમે તેવા ચમરબંધીને પણ સાફસાફ સુણાવી દેતાં લવલેશ અચકાતા નહિ.

ઈશ્વરે એમને અપવાદરૂપ ગણાય તેવી સ્મરણશક્તિ બક્ષી હતી. પરંતુ મનુભાઇએ જીવનમાં વિસ્મરણશક્તિની મહત્તા પણ સ્વીકારી હતી. કોઇએ તેમનું અહિત કરવાનો પ્રયાસ કર્યો હોય તો મનુભાઇ તે ભૂલી જવા મથતા. વેરની ગાંઠ વાળીને બેસવાનો એમનો સ્વભાવ જ ન હતો. સાહજિકરીતે વિરોધીના દોષ માફ કરી શકતા એટલું નહિ પણ અનેકની પેઠે એ વિરોધીને પણ મદદરૂપ થવામાં આનંદ અનુભવતા.

મુંબાઈ–મહારાષ્ટ્ર–ગુજરાત અને ભારતમાં સારા શિક્ષક, તેમ જ શિક્ષણના તત્ત્વજ્ઞાનના નિષ્ણાત તરીકે જાણીતા મનુભાઇને શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રપતિ ઍવૉર્ડ દ્વારા રાજ્યની મહોર પણ મારવામાં આવી. પરંતુ મનુભાઈ શિક્ષણ ઉપરાંત જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં પણ તલઃસ્પર્શી અભ્યાસી હતા.

સામાજિક પ્રશ્નો, રાજકીય સમસ્યાઓ, સાહિત્ય અને સંસ્કારની પ્રવૃત્તિઓમાં એમને વ્યાપક રસ હતો. એમણે નાટક લખ્યાં છે, વાર્તાઓ લખી છે, વિવેચનો લખ્યાં છે, વિવેચકોના મર્મ સમજાવ્યા છે. વિશિષ્ટ ગણાય તેવી સૂત્રાત્મક એમની શૈલી હતી. બહુ ટૂંકમાં ઝાઝું કહી દેવાનો એમનો સ્વભાવ હતો.

સારા શિક્ષક થવા માટે માણસે કેટલી તૈયારી કરવી પડે છે તેનું શ્રેષ્ઠ દૃષ્ટાંત મનુભાઇએ પૂરું પાડ્યું છે. પોતાના પ્રોફેસર સ્વ. મહાદેવ મલ્હાર જોશી પાસેથી જ સાંભળ્યું હતું: 'I am here, not to prepare you for examinations, but to prepare you for life.' એ ગુરુવાક્ય પોતાની શિક્ષક તરીકેની દીર્ઘ કારકિર્દી દરમિયાન ચરિતાર્થ કરવાનો એમણે જાગ્રત પ્રયાસ કર્યો. પોતાના વિદ્યાર્થીઓનો જે સ્નેહ તે કમાયા તે એમની શિક્ષક તરીકેની સફળતાની અફર એંધાણી છે. એકત્રીસ વર્ષ મુંબાઈમાં રહેવા છતાં એમણે પોતાનું ઘર બંધાવ્યું નથી, અઢળક દોલત કમાયા નથી. ભાવિ પેઢીના દિલમાં તેમણે જે સ્થાન મેળવ્યું છે, તેને જ એ પોતાનું સાચું ધન માનતા.

અનેક શૈક્ષણિક સમિતિઓ પર એમણે પોતાની સેવા આપી છે. એ કામનો એમના પર સારા પ્રમાણમાં બોજો રહેતો. કુટુંબીઓ અને મિત્રો તેમને કેટલાંક કામ છોડી દેવા પણ કહેતા. પરંતુ મનુભાઈ આવી સમિતિઓ પર આર્થિક લાભ ખાતર નહોતા રહેતા પણ આ દેશની પ્રજા તેજદાર બને એ જોવા તેઓ ઉત્સુક હતા. ને પ્રજાનું તેજ વધારવાનો એકમાત્ર ઉપાય સાચું શિક્ષણ છે, એટલે ખેંચ ભોગવીને પણ તે પોતાના અભ્યાસનો નિચોડ રજૂ કરવા તત્પર રહેતા. તેઓ જે જે સમિતિ પર હતા તેની બેઠકોમાં અપ્રિય થવાનું જોખમ વહોરી લઇને પણ પોતાના મૌલિક શૈક્ષણિક વિચારો બેધડકપણે રજૂ કરતા. એમની વાત દરેક વખત સ્વીકારાતી એમ નહિ, પરંતુ એમણે ઊભા કરેલા મુદ્દા ભલભલાને વિચાર કરતા તો અવશ્ય કરી દેતા, કેમ કે એમની માન્યતાઓ પાછળ ઊંડા અભ્યાસ અને મૌલિક ચિંતનનું બળ રહેતું.

ઘાટકોપર આવીને એમણે શૂન્યમાંથી ગુરુકુળ સંસ્થાઓનું જે સર્જન કર્યું તેનાં સૌ સાક્ષી છે; પરંતુ દિવસભરના અવિરત કામના શ્રમને અંતે સાચા બ્રાહ્મણની અદાથી એમણે રાતની શાંતિમાં જે અધ્યયન કર્યું તેનાં સાક્ષી તો એકમાત્ર સવિતાબહેન છે. મનુભાઈના તેજનું મૂળ આ અધ્યયનના તપમાં છે.

મનુભાઈની સ્મરણશક્તિ જેટલી વિરલ હતી એટલી જ અસાધારણ તેમની ગ્રહણશક્તિ હતી. સામાન્ય વાચકને જે પુસ્તક વાંચતાં ચાર કલાક થાય તે એક કલાકમાં એ વાંચી શકતા. એ વાંચતા હોય ત્યારે આપણને લાગે કે તેઓ માત્ર પાનાં ફેરવી જાય છે, પરંતુ પાછળથી પૂછીએ તો તેમને દરેક મુદ્દો યાદ હોય એટલું જ નહિ, પણ કયા પાના પર કયો મુદ્દો છે તે પણ એ કહી શકે.

મુશ્કેલીમાં મુકાએલા કોઇને પણ મદદરૂપ થવા એ તત્પર રહેતા. તેમાં એમને આનંદ આવતો. એમની સમક્ષ મુશ્કેલી લઇને ગયા હોય તે છૂટા પડતી વખતે અવશ્ય નવી આશાનો દોર લઇને જાય.

એમની સાદાઈ ઊડીને આંખે વળગે તેવી હતી. બાહ્ય ઠાઠમાઠ કે આડંબરથી કોઇને આંજી દેવામાં તેઓ ન માનતા. તેમને મળનાર કોઈ પ્રસન્નચિત્ત વ્યક્તિના સંપર્કમાં હોય તેવો જ ભાવ અનુભવતા. પરંતુ મનુભાઈના સ્વમાનના ખયાલ બહુ સ્પષ્ટ હતા. તે પોતાની જાતને જેમ કોઈથી ચડિયાતી માનતા નહિ, તેમ કોઈ પણ પોતાથી ચડિયાતા હોવાનું સ્વીકારતા નહિ. માનવબંધુત્વ તેમને માટે સાહજિક હતું. સંસ્થાઓ માટે દાન ઉઘરાવવાના પ્રસંગો એમને અવારનવાર આવતા, પરંતુ ગમે તેવો ચમરબંધી દાનવીર પણ આછકલાઈ કરે તો તે જરાયે ચલાવી ન લેતા. દાન જતું કરી શકતા; સ્વમાન નહિ.

મનુભાઈ રાજકારણમાં પડચા હોત તો એમની પ્રતિભાને લીધે બહુ સફળ પ્રધાન થઈ શકચા હોત; ઉદ્યોગમાં પડચા હોત તો એમની અજોડ વ્યવસ્થાશક્તિ અને વહીવટી આવડતને લીધે કરોડપતિ બની શકચા હોત; બીજું કંઈ ન કરતાં માત્ર સાહિત્યનું સેવન કરવાનું રાખ્યું હોત તો ગુજરાતને ગર્વ લેવાનું મન થાય એવું વિપુલ સર્જન કરી શકચા હોત; પણ એવું કાંઈ કરવાને બદલે એમણે શિક્ષણ વ્યવસાય સ્વીકાર્યો, શોભાવ્યો ને હજારો શિક્ષકોને પ્રેરણારૂપ બન્યા. ભૌતિકવાદના આજના યુગમાં આવા તપોનિષ્ઠ માનવી મળવા મુશ્કેલ છે. પણ જગત જીવવા જેવું લાગે છે, તે મનુભાઈ જેવા માનવીઓને લીધે.

શતરંજના કોયડાનો ઉકેલ

ઉકેલ: 1 N–KB7 ch, K–K5 (અહીં તે 1..., K×B રમે તો 2N–B7chથી સફેદ કાળાનો વજીર જીતે છે.)

2 B–Q5 ch, K–B4 (અહીં પણ તે 2..., K×B; રમે તો 3 N–B7 ch આપી સફેદ કાળાના રાજા અને વજીરને ફૉર્ક કરીને વજીરને જીતે).

3 N–R6 ch, K–K4; 4 N–N4 ch, K–B4; 5 N–K3 ch, K–K4; 6 N–B4 ch, K–B4; 7 B–K6 ch, K–K5; 8 B–B8!!

આ ઉકેલમાં આ ચાલ શોધવી જ સહુથી મુશ્કેલ છે.

8..., Q–B3! (સારામાં સારી ચાલ, તે સિવાયની ચાલથી કંઈ વળતું નથી. દા.ત. 8..., Q×P; પછી 9 N–B3 chથી વજીર મરે છે. 8..., Q–R1, પછી પણ હવે જણાવ્યા પ્રમાણે જ સ્થિતિ આવે છે).

9 B–N7, હવે વજીર અણજોઠ થઈ ગયો એટલે ન છૂટકે 9..., Q×B; 10N–Q6+, P×N, 11 N×P ch અને કાળો વજીર ગુમાવે છે. હવે સફેદ પાસે એક ઘોડો અને એક પ્યાદું વધુ હોવાથી તે જીતશે.

આ કોયડો મેં 'Sport & Pastime'-માં પાંચ-છ વર્ષ પહેલાં જોયો હતો. અફસોસ છે કે તેમાં તેના રચનારના નામનો ઉલ્લેખ ન હોઈ એ અહીં આપી શકાયું નથી.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૫૧

લેખક
અને આલેખક
રવિશંકર રાવળ



હરિશંકર
ગાંઠિયાવાળા

મને રોજરોજ લાગવા માંડયું કે મારા અભ્યાસનો માર્ગ સરળ નથી. નાનીનાની અગવડો અને સંઘર્ષો મારું મન વીંખી નાખે છે અને કળાના ઉચ્ચ વિહારોમાં વિઘ્નો નાખે છે. ઉપરાંત કોઇને ખોટું લગાડતાં કે સ્પષ્ટ કહી દેતાં હું મનમાં ડર ખાતો હતો. જરા પણ ઉપકાર કરનારની નાની જેવી ભૂલ કે અણસમજ જતી કરવાની સહજ વૃત્તિ રહેતી. છતાં રાહ બદલવાનો પ્રસંગ આવી ગયો.

૨૩૧...અને છેવટે

જેભાઈનાં પત્નીની તબિયત બગડવા માંડી. દિવસનો બધો ભાગ કોઇ વ્યાસંગ નહિ. સવાર-સાંજ અમારી ઉપાધિ સંભાળવાની. જેભાઈ રાત્રે પણ જમીને જૂની ટેવ મુજબ સામે જૂની ચાલીમાં હરિભાઇને ત્યાં અગાઉનું મંડળ દાયરો જમાવે ત્યાં જઈ ગપાટા ને સોગઠાંબાજીની રંગતમાં જામે. ઘણી વાર બધા મોડી રાતે ચોપાટી પર ચક્કર દઈ આવે. એટલે સવારે મોડું ઉઠાય અને જલદી નાહવા-ધોવાનું પતાવી આઠ વાગ્યે પેઢીની નોકરી પર. પુરુષો અનેક રીતે મનને ને શરીરને સ્ફૂર્તિમાં રાખી શકતા પણ ગામડાંમાંથી આવેલા અભણ સ્ત્રીવર્ગને મુંબાઈની ઓરડી અને ચાલી નજરકેદ જ હતાં. બંધકોશ, બેચેની અને મનની અસ્વસ્થતામાં હિસ્ટીરિયા જેવા વ્યાધિઓ સ્ત્રીઓમાં સાધારણ હતા. જેભાઈનાં પત્ની પણ ઘણી વાર બેભાન થઈ જતાં. કોઇએ કહ્યું: 'ઝૉડ છે', એટલે જેભાઇએ ઘણી વાર મરચાંની ધૂણી ને પ્રહારોના પ્રયોગો કરેલા. તેમતેમ તેમની પ્રકૃતિ બદલાતી ચાલી. ઘણી વાર તો ઊભાં જ થઈ શકે નહિ. તેવે વખતે અમે તપેલાં સંભાળી લેતા. પણ એક વાર તેઓ કશું કરી શકયાં નહિ અને 'હવે મારાથી કંઈ નહિ થાય' એવું સંભળાવી દીધું. તે દિવસે મેં ને મનુએ મુંબાદેવીના તળાવ પર બેસી ભૈયાનાં પૂરી શાકથી ચલાવી લીધું, અને નાતાલની રજા પડવાને એક-બે દિવસની વાર હોવાથી કંઇ ન બોલતાં બીજી ગોઠવણ શોધી લેવાનું ઠરાવ્યું. તેમનું ખોટું ન દેખાય એ રીતે કામ લેવાની યોજના કરી. દરમિયાન જેભાઈ પણ પોતાની પત્નીની કથળતી તબિયત જોઈ શકયા અને તેમને વતનમાં મૂકી આવીને ઓરડી કાઢી નાખવાનો નિશ્ચય કરી લીધો. હું રજામાં સૂરત ચાલ્યો જાઉં એટલે મનુ મગનબાગમાં એક રૂમ



મેં અને મનુએ ભૈયાના પૂરી-શાકથી ચલાવી લીધું

રાખીને સામાન ફેરવી નાખે. નિવસરકરને નોટિસ આપી દીધી કે તે હવે બીજે આશ્રય શોધી લે. તે બિચારો સમજી શકયો નહિ કે આમ એકાદ માસમાં છૂટા પડવાનું કેમ થયું. તે ખરેખર કકળ્યો કે મુંબાઇમાં હું કોઇને જાણતો નથી; પણ અમે હવે આંધળિયાં કર્યાં હતાં કે છૂટા જ પડવું. મગનભાઈ હજુ મુંબાઈમાં જ હતા, તેને મારો ઈરાદો જણાવ્યો એટલે તે પણ મારી સાથે મોટા ભાઇને ત્યાં આવવા તૈયાર થયા. એમને તો મેં આખી જિંદગી આમ ને આમ ફુરસદ માણતા જોયા. તા. ૧૮મી ડિસેમ્બર ૧૯૧૧ની રાત્રે મુંબાઈથી ઊપડી ૧૯મીની સવારે અમે બંને સાથે સૂરત પહોંચી ગયા.

૨૩૨ સૂરત

સૂરત પહોંચતાં જ મોટા ભાઈ અને ભાભીની છાયામાં હું મુંબાઈની મૂંઝવણો ભુલી ગયો. મોટા ભાઈના સ્વભાવમાં જ એવું હતું કે દુનિયાની ખટપટ કે ચિંતા તેમના મનમાંથી દૂર રહેતાં ને જરા નવરા પડે કે આનંદ અને ઓચ્છવ કરવા તૈયાર થઈ જાય. હું જાઉં એટલે ભાભી અવશ્ય લાડુ કરવાનાં અને હું જરા અકરાંતિયો બની બે વખત ખાઉં પણ ખરો, ને પછી અજીર્ણનો કપરો અનુભવ પણ લઉં: બેચેની, આળસ, પેટમાં અસુખ અને ખાટા ઓડકાર. માત્ર માંદો પડતો બચી જાઉં. ત્યારે પશ્ચાત્તાપ કરું અને એવી ભૂલ ફરી ન થાય તે માટે પ્રભુ-પ્રાર્થના કરું. એ સમયે હું Cobet's advice to young men (કૉબેટની તરુણોને સલાહ) વાંચતો હતો અને તેમાંનું ઘણું મારા પર લાગુ કરતો હતો. તરુણ અવસ્થામાં ખાવાનું માપ રહેતું નથી એ વાત તેણે સ્પષ્ટ રીતે સમજાવી હતી. Glutton, એટલે મળે એટલું ખાવાની ટેવ, સ્વાભાવિક ઘણામાં હોય છે તેમ મારામાં પણ હતી અને તેથી હું ઘણી વાર પેટમાં બગાડ કરી હેરાન થતો ને સારી ભૂખના અભાવે જમવાની મજા ગુમાવતો. આવા અનુભવોમાંથી હું ધીરેધીરે મારી જીભની વૃત્તિ કાબૂમાં રાખતાં શીખ્યો. અગાઉ ખોરાક, હોજરી, પાચન આદિ વિષે કશી માહિતી નહોતી. હવે ધીરેધીરે પાચનની ટીકડીઓ તેમજ ફાકીઓનાં નામો જાણતો થઈ ગયો!

હું જાઉં ત્યારે ભાભી કોઇ લાડપાડ બાકી રાખે નહિ. ઘણા સમયે ઘરની વાતો, ભોળિયા મોટા ભાઇના હોલાદોલાપણાની ફરિયાદો અને પાછાં તેમની માવજતની વાતો કરતાં તે મારો બધો વખત લઈ લેતાં. એમનાં માતાપિતા હયાત નહોતાં; પિયરમાં કોઇક વાર કાકાને ત્યાં કોઈ પ્રસંગટાણે ગયાં હશે; બાકીનો અવતાર સાસરામાં રહી સાસુ, દેરાણી, દિયરો અને નણંદોની સેવા જ કરી હતી. ઘણી વાર ઓશિયાળાં પણ બની જતાં. પણ હમણાં આનંદમાં હતાં: પ્રભુએ તેમની મોટી વયે બાળકની વધાઈ આપી હતી.

કરાચીથી બદલી થતાં પિતાશ્રી અને માતૃશ્રી તો સફર ગયાં હતાં

તેથી ભાભીને સુવાવડ માટે ભાવનગર લઈ જવા કાકા નાતાલની રજાનો લાભ લઈ સૂરત આવ્યા. તે દિવસે સૂરતની રીતે બરફી-પૂરીનું જમણ માણ્યું. બીજે દિવસે ભાભીને લઈ બપોરની ટ્રેઈનમાં તેઓ વિદાય થયા. મગનલાલ પણ વીરમગામ તે જ ટ્રેઈનમાં વિદાય થયા. હું અને મોટા ભાઈ ઘેર આવ્યા અને તાળું ઉઘાડી ઘરમાં પેઠા ત્યારે ખૂબ સૂનકાર અનુભવ્યો. હવે મોટા ભાઈ સાથે સૂરતની વીશીમાં જમીને રજાઓ પૂરી કરવાની હતી. મોટા ભાઈ ઑફિસમાં જાય એટલે હું નાનપુરાના બગીચામાં લટાર મારું, તાપીના વિશાળ પટ પર જતાં-આવતાં વહાણો ને મછવા જોયાં કરું અને સૂઝે તે આકૃતિ, દશ્યો દોરું.

૨૩૩ હરિશંકર ગાંઠિયાવાળા

મોટા ભાઈ ઑફિસમાંથી છૂટતા ત્યારે શહેરનાં ચક્કરો સાથે મારતાં. ત્યાં કેળાપીઠમાં ગાંઠિયાવાળા હરિશંકરભાઈ ઠાકર સાથે મોટા ભાઇને મિત્રતા થએલી હરિશંકર ઠાકર સૌરાષ્ટ્રમાંથી આજીવિકા શોધતા સૂરતમાં આવી ચડેલા. તેમણે સૂરતનો શૉખ જોઈ ફરસાણની દુકાન ખોલી અને ગાંઠિયા બનાવવા માંડયા. ચોખ્ખું તેલ ને ચોખ્ખો સામાન વાપરી તેમણે ધંધામાં બરકત આણી હતી. નાગર તેમજ બ્રાહ્મણ અને વૈષ્ણવ લોકો બજારની મીઠાઈ ખરીદતા પણ સેવ-ગાંઠિયા-ફરસાણમાં પાણી આવે તેથી તે વસ્તુઓ લેતા નહિ. આ વાત ધ્યાનમાં લઇ હરિશંકર ઠાકરે કેળના પાણીનાં ગાંઠિયા સેવ બનાવવા માંડયાં અને લોકોના દેખતાં કેળનું પાણી કાઢી તેમની નજર સામે વાનીઓ કરવા માંડી. આથી કેળના પાણીના ગાંઠિયાની ખપત જાગી ને તેમની છાબડીઓ ગામ પરગામ જવા લાગી, એટલું જ નહિ પણ લોકો ઘરનાં પાપડ સેવ જેવી ચીજો માટે જોઈતું કેળનું પાણી તૈયાર મળતું તે પણ ત્યાંથી લેતા થઈ ગયા. સાંજે તો એમની દુકાને ઘરાકોની હાર લાગી જતી વળી પરગામના ઑર્ડરો પણ પાર વગરના, એટલે તેમણે ભાઇઓ તેમજ કુટુંબનાં માણસોને ધંધામાં બેસાડી દીધા હતા. આગળ જતાં તેમણે ત્રણ ધીકતી દુકાનો જમાવી દુકાનની નજીકના લત્તામાં ઘરબાર વસાવ્યાં, તેમજ આંગણે શિવાલય બાંધ્યું ને હંમેશ માટે ગાયો પાળવાનું વ્રત રાખ્યું. સ્વભાવે મધુર, પ્રસન્ન અને સાત્ત્વિક વ્યવહારવાળા હરિશંકર ઠાકર 'ગાંઠિયાવાળા' તરીકે સૂરતમાં પ્રસિદ્ધિ પામી ગયા. એ ભાવનગર તરફના અમારા વર્તુલના હતા એટલે મોટા ભાઇને તે ખૂબ આવકારતા. જ્યારે પણ મળે ત્યારે બેસાડી ચા નાસ્તો મૂકે, ને ઘેર લઈ જવા ફરસાણનું પડીકું સાથે સોંઢાડે. સૂરતમાં હું ઓળખું પિછાનું એવો કોઇ કલાકાર કે યુવાન મને ભેગો થયો નહોતો.

૧૯૧૧ને ડિસેમ્બર ત્યાં જ પૂરો કર્યો. મનુનો પત્ર આવ્યો હતો કે તેણે પીપળવાડીની રૂમ છોડી પરેલમાં મગનબાગમાં રૂમ રાખી લીધી હતી. અમે સંબંધીઓથી દૂર એક સ્વતંત્ર વાતાવરણનો પ્રયોગ કરવાનું ધાર્યું હતું. એટલે ૩૧મી ડિસેમ્બરે બપોરે સૂરતથી મોટા ભાઈથી છૂટો પડી હું રાત્રે મુંબાઇ પહોંચી ગયો. મનુ સ્ટેશને હાજર હતો.

૨૩૪ મગનબાગ

મગનબાગ એ પરેલના દરિયા તરફના વિસ્તારમાં વધતી વસતિનું એક નવું સંસ્થાન હતું. નવી થતી ચાલીમાં મહાદેવભાઈ અને તેમના ભાઈ છોટુભાઇ તેમજ રામનારાયણ પાઠક, ગજુભાઈ પાઠક, ગિજુભાઈ બધેકા બધાએ એકસાથે ઉપરના બીજા માળે પહેલાંથી રૂમો રાખી લીધી હતી. તેમના જેવા બીજા કેટલાક નોકરિયાતો, માસ્તરો વગેરે દક્ષિણી ગુજરાતી પણ ત્યાં વસ્યા હતા. સુભાગ્યે મનુએ ગિજુભાઇના ભાઈ વનુભાઇની નજીકમાં એક રૂમ હાથ કરી લીધી. મને એકંદર વાતાવરણ ગમ્યું કારણ કે બધા જ અમારા જેવા હેતુલક્ષી અભ્યાસીઓ હતા. ભોંયતળિયાની ઓરડીઓમાં મિલ-કામદારોનાં કુટુંબો હતાં.

ત્રણ ફૂટ પહોળી આવ-જાની ગૅલેરીવાળી ચાલીમાં ૧૪ નંબરની અમારી રૂમ ૮×૧૦ ફૂટની હતી. પાછળની સળિયાવાળી બારીને અડીને એક બાજુ બે ફૂટની નાવાની ચોકડી સાથે પાણિયારું હતું. અમારા સામાનમાં બિસ્તરા અને પેટી ઉપરાંત કામનાં એક-બે પાટિયાં અને કાગળોનાં બંડલો જ હતાં. દીવાબત્તી, સગડી, વાસણો કંઈ જ નહોતું. વીજળી-બત્તીનાં તે વખતે સ્વપ્નાં હતાં. બીજે દિવસે ભૂલેશ્વરમાં જઈ સગડી, સાણસી, કડછી, લોઢી અને લોટા-પ્યાલા તથા એક-બે તપેલીઓ ને ખીચડી સ્રોટ જેવું અઠવાડિયાનું સીધું ખરીદ્યું. તે દિવસે કાંદાવાડીની ખાણાવળમાં જમી લીધું, ટ્રેઇનના પાસ કઢાવી લીધા. અમારી પ્રવૃત્તિનું ટાઈમટેબલ ઘડી લીધું: વહેલા ઊઠી બૈરાંઓની પહેલાં નળ પર જઈ નાહી ધોઈ લેવું. મનુ તૈયાર થઈ સ્કૂલ ઑવ આર્કિટેક્ચરના ક્લાસમાં પહોંચવા ઊપડી જાય એ પછી હું સગડી સળગાવી બટાટા બાફવા મૂકી દઉં, ભાખરીઓનો લોટ બાંધી નાખું. પછી ભાખરીઓ વણી તેને ગોળ બનાવવા માટે એક મોટો વાડકો દાબી કાપી કાઢું. અને ભાખરીઓ શેકાતી જાય એટલામાં બટાટાની છાલ ઉતારી સમારી નાખું. ભાખરીઓ બધી શેકાઈ રહે એટલે તપેલીમાં વઘાર મૂકી તેમાં બટાટા તથા મસાલો નાખી થોડી વારે ગોળ-કોકમનું પાણી નાખું. આ દરમિયાન કંઈક કામ તો હોય જ. બિછાનાં ગોઠવવાનું અને સાવરણી મારવાનું કામ તો અમે ઊઠીને પતાવી દીધું હોય. ચાની ટેવ રાખી નહોતી. સ્વપ્રયોગો અને અભ્યાસ. રાંધવાનું પતાવ્યા પછી સાડા નવ સુધી હું છૂટો રહેતો, તે વખતે પ્રેરણાદાયક વાચન કરતો કે જરા દરિયા તરફ ચક્કર દેતો. મને રીતસર દશ્ય-ચિત્રો કરવાની ઘણી જ ધગશ હતી, પણ આ વિષયનું જ્ઞાન કે માહિતી સ્કૂલમાં અપાતાં નહોતાં એટલે કોઈ ને કોઇ લૅન્ડસ્કેપ કરનારનો સાથ શોધતો. પણ કોઈ રોજનો સોબતી મળ્યો નહિ એટલે છપાએલાં ચિત્રોની ગોઠવણ જોઈ કુદરતમાં તેને મળતાં દશ્યો શોધતો. એક બે નવા શબ્દો સાંભળેલા: atmosphere (હવા) ને light-value (પ્રકાશ બળ). ચિત્રમાં તેનો અર્થ નવી જ રીતે ઘટાવાતો હતો. એથી અઘરો શબ્દ composition (ચિત્ર સંયોજન) માટે પણ ફાંફાં મારવાં પડતાં.

તા. ૪ જાન્યુઆરીથી સ્કૂલમાં કામ શરૂ થયું હતું. આ મહિને તાસ્કર-માસ્તરનો વારો હતો. એમનું મારી તરફનું વલણ ખૂબ સાનુકૂળ બન્યું હતું. મને એક ઉદ્યમી વિદ્યાર્થી તરીકે તેમણે ઓળખી લીધો હતો. ઘણા વિદ્યાર્થીઓ સચ્ચાઈ કરતાં સફાઈ પર ધ્યાન રાખી ચિત્રને ખૂબ ઘૂંટતા જોયા. મને સમજાઇ ગયું કે અભ્યાસ માટે મૂકેલી વસ્તુની રચના તથા પદાર્થની મન પર પડતી છાપનો અનુભવ પકડીને આકાર કરવામાં સફળતા રહેલી છે.

૨૩૫ સંસ્કાર-સાધના

મગનબાગમાં અમારી પરિસ્થિતિ અમારા જ આધીનમાં હતી. ઓરડીની કડાકૂટ સાથે અમારા અભ્યાસ ને મનોવિકાસ માટે પણ જાગ્રત રહેવાનું હતું. મુરબ્બી તેમજ સમકક્ષ સંસ્કારી મિત્રમંડળ ઉપર-નીચે વસી રહેલું હતું. તેમના સમાગમમાં મને મારી ચિંતનશક્તિ બહુ જ છીછરી અને અપક્વ લાગી. ગજુભાઇને તો રામનારાયણભાઈના સાથે કૉલેજમાં ભણતા નાનાભાઈ વાત્રભાઇના અભ્યાસની ચર્ચાઓ ને આર્કિટેક્ચરમાં ઐતિહાસિક શૈલીઓના જ્ઞાનથી સ્વતંત્ર વિચારો કરવાની શક્તિ આવી હતી. આથી હું વારંવાર તેમની સાથે વાર્તાલાપનો પ્રસંગ મેળવતો. રવિવારે અમે બધા વરલીના દરિયાકિનારે ખૂબ લાંબે ફરવા જતા ને ખડકો ઠેકતા દરિયા સુધી જઇ બેસતા. ગિજુભાઈ પણ અમારામાં રસ લેતા. તેમણે અમારી જીવન સાધના માટે આત્મકથાઓની ચોપડીઓ વાંચવાની આગ્રહભરી સલાહ આપી, અને

પોતાના સંગ્રહમાંથી પ્રેસિડેન્ટ ગારફીલ્ડ, બેન્જામિન ફ્રાંકલિન, ગેરીબાલ્ડી વગેરે ચોપડીઓ આપી. મેં ઠરાવેલા સમય-પત્રકમાં રાત્રે એક કલાકનું વાચન અને રોજનીશી લખવાનું રાખ્યું હતું

મનુના વર્ગો સવારના હતા. હું ટ્રેઈન પર પહોંચું ત્યાર પછી તે સાડા દસ વાગ્યે રૂમ પર આવી જમી લે અને પછી બાર વાગ્યે કોઈ ઑફિસમાં પાર્ટ ટાઇમ કામ કરવા જાય. તેને એક મિત્રે આ ગોઠવણમાં મદદ કરી હતી. સાંજે તે ઑફિસમાંથી આવી સાંજને માટે ખીચડી શાક કે શાક-ભાત બનાવી નાખે. સવારની એક-બે ભાખરી હોય તેનો પણ ટેકો લઈએ. રાત્રે અમે જમવામાં દૂધ લેતા. અમારી ખાસ મોજ એટલી જ કે ગોળનો ડબ્બો પાસે જ રાખીએ. આ એકધારી રસોઈ ઘણી વાર અણગમો ઉપજાવતી, પણ 'ભાઇ આ તો જીવનસાધના છે, આપણી તપસ્યા છે' એવો કાંટો ચડાવી મનમાં જોમ ભરતા. મનુએ શાળાનો અભ્યાસ પૂરો કર્યો નહોતો. આગળ નહિ જઈ શકે એ જોઇને એના પિતાશ્રી ચુનીભાઈ માસ્તરે ગજુભાઈની સલાહથી તેને આ લાઇન માટે મારી સાથે વળગાડી દીધો હતો. તેનો પણ મારી તરફ અત્યંત સદ્ભાવ હતો અને મેં તેના ઘડતરની જવાબદારી ખુશીથી સ્વીકારી લીધી હતી. આજુબાજુ વસતા ભાડૂતોમાંથી યે ઘણા મિત્રો થયા હતા.

એ પરિચયોમાં સવિશેષ યાદગાર બની ગએલો પરિચય તો મહાદેવભાઈ દેસાઈનો. મહાદેવભાઈ અને રામનારાયણ પાઠક ઉપરના મજલે સામસામા રહેતા હતા; અને બંને ઊંચા પ્રકારના સુશિક્ષિત તરુણો એટલે તેમની મૈત્રી સહજ બની હતી. મહાદેવભાઈ બટુભાઈ (રામનારાયણ પાઠક) પાસે સવારસાંજ વાતો-ચર્ચા કરતા બેઠા હોય. હું એક વાર ત્યાં તેમને ભેટી ગયો. મહાદેવભાઇની સુપ્રસન્ન મુખમુદ્રા મને ઘણી ગમી ગઈ. વાતવાતમાં તેમણે ભગિની નિવેદિતાની છબિ કરી આપવા મને કહ્યું. મેં ફોટોગ્રાફ માગ્યો એટલે તેમની સાથે તેમની રૂમ પર લઈ ગયા અને મૉડર્ન રિવ્યુમાં છપાએલી સિસ્ટર નિવેદિતાની છબિ બતાવી. એ અંક માગીને હું મારી રૂમમાં લાવ્યો અને સારા કાગળ પર વૉટર-કલરથી મોટી છબિ બનાવી મહાદેવભાઇને ભેટ કરી. એથી એ મારા પર ખૂબ જ પ્રસન્ન થયા અને મને કહ્યું: 'તમે ભારતીય ચિત્રકાર બનવા પ્રયત્ન કરો. બંગાળમાં આ ભાવનાથી પ્રેરાઈ ઘણા ચિત્રકારો કાર્ય કરે છે.' આમ કહી તેમણે મૉડર્ન રિવ્યુની બીજી ફાઇલો મારી સામે મૂકી. હું ચિત્રો જોવાની ખાતર જ એ ફાઈલો મારા સ્થાને લાવ્યો ત્યારે મને સમજાયું કે બંગાળનું આ પ્રથમ કક્ષાનું રાષ્ટ્રીય સામયિક પણ ભારતીય ચિત્રોની શોધ જ કરી રહ્યું હતું. પહેલા વર્ષની ફાઈલમાં મુખ્ય ચિત્ર તરીકે અગ્રપૃષ્ઠે રાજા રવિવર્મા અને ભાવનાશીલ યુરોપિયન ચિત્રકારોનાં ચિત્રો હતાં. કેટલાક મહિનાઓ પછીના અંકમાં અવનીન્દ્રનાથ અને નંદબાબુનાં પ્રારંભિક સર્જનો હતાં. ચિત્રો જોતાંજોતાં ભગિની નિવેદિતા પછી હૅવેલ તથા કુમારસ્વામીના કલા પરના છૂટક લેખો વાંચી કોઈ નવી જ સૃષ્ટિનાં આંદોલનો મેં પકડવા માંડયાં. શ્રી નિવેદિતાનો શબ્દ realization (આત્મસાત્કરણ) symbol (પ્રતીક) તથા કુમારસ્વામીનો શબ્દ contemplation (ચિંતનશીલતા) અને હૅવેલનો શબ્દ intuition (આંતરદર્શન) વગેરે મારા જીવનમંત્રો બન્યા. શાળામાં બધું ઊલટું જ લાગતું. કળા એટલે ચારકોલથી પ્લાસ્ટરનાં મહોરાં ઘૂંટવાનાં! ગ્રીસના એ વીરો કે રોમના શૂરાઓની એ મસ્તક પ્રતિમાઓનાં નામ પણ કોઈ ન જાણતું તો કથા કે ચરિત્ર તો કોઇ શાના જાણે?

એક શિક્ષક તો કહે કે 'તમારે વાચનની કે ચોપડીઓ જોવાની શી જરૂર છે? અહીં માત્ર તમારા હાથ અને આંખની ચોકસાઇ કેળવો.' એટલે બાહ્ય ક્રિયાઓની તાલીમ સિવાય આંતરિક વિકાસને ત્યાં કંઈ જ સ્થાન રહ્યું નહોતું. શિક્ષકોનું જ સાંસ્કૃતિક ભાથું ખાસ વિશેષ નહોતું તેમજ શિષ્ટ કે પ્રખ્યાત કલાકારો કે વિવેચકોનો સમાગમ કે તેમની કૃતિઓનો પરિચય સદંતર અપ્રાપ્ય બન્યો હતો. સંસ્થામાં કળાનાં પુસ્તકોની એક લાયબ્રેરી હતી, પણ ત્યાં ગોઠવેલાં કબાટોમાંનાં પુસ્તકોની સુંદર બાંધણી જ કોઇક વાર બારણામાંથી ડોકિયું કરી જોવાની રહેતી. શિક્ષકોને તેમાંથી પુસ્તકો મળતાં, પણ કોઇએ પોતાના વાચનમાંથી કોઈ વાત કે નોંધ વિદ્યાર્થીઓ સમક્ષ મૂક્યાનું યાદ નથી.

આનું એક કારણ એ પણ હોય કે સ્કૂલ ઑવ આર્ટમાં આવતા વિદ્યાર્થીઓનું શાળા-ભણતર ઘણું જ છીછરું અને અર્ધદગ્ધ હતું. પહેલાંની ફરિયાદ હતી કે પુસ્તકો અપાતાં ત્યારે વિદ્યાર્થીઓ વાંચી ન શકતા, પણ માત્ર ચિત્રો ફાડી લેતા. એથી સદા માટે તેમના સારુ પુસ્તકોની મનાઈ થઈ હતી. મારા સમયમાં જ એક વાર તપાસ થઈ કે શાળામાં મૅટ્રિક પાસ થએલા કેટલા વિદ્યાર્થીઓ ચિત્ર-વર્ગોમાં છે? ત્યારે બધા વર્ગોમાંથી ત્રણ જણનાં નામ મળ્યાં, જે પૈકી મારું એક હતું. મગનબાગના વિદ્વાન મિત્રોનાં સંગથી વાચન બાબત મારી ભૂખ ઊઘડી હતી અને ડિક્શનેરીની મદદ લઇને પણ ચિત્ર વિષે ગહન વિચારણાવાળાં પુસ્તકો પણ રસપૂર્વક વાંચતો.

૨૩૬ ચિત્રશિક્ષકનો વર્ગ

સ્કૂલ ઑવ આર્ટના ચિત્રશિક્ષકોની તાલીમ અને પ્રગતિ માટે પ્રિ. બર્ન્સે દર શનિવારે લાઇફ પેઇન્ટિંગ (જીવંત પાત્ર પરથી ચિત્રકામ)-નો દિવસ ઠરાવ્યો હતો. આ દિવસે શાળાના વિદ્યાર્થીવર્ગમાં આખા દિવસની રજા રહેતી એટલે વિદ્યાર્થીઓને દર અઠવાડિયે બે દિવસ છૂટીના મળતા. આવા આખા દિવસોનો પોતાની મેળે શો ઉપયોગ કરવો તે વિદ્યાર્થીઓને સૂઝતું નહિ. માત્ર ઉપરના વર્ગના બેચાર વિદ્યાર્થીઓ નજીકનાં ગામોના કે દરિયાકિનારાના સ્કેચ લઈ આવતા. સ્કેચ કરવાનું રીતસરનું શિક્ષણ હતું જ નહિ, છતાં બેચાર વિદ્યાર્થીઓના નમૂના મને પણ આકર્ષક લાગતા. પરાંદેકર, સજીપ, પનવેલકર, વેલિંકર વગેરે દર સોમવારે કંઇક સ્કેચો લાવી ઉપરના વર્ગોમાં પ્રિન્સિપલને બતાવવા બોર્ડ પર ચોડતા તે હું કોઈક બહાને જઈને જોઇ આવતો. જો શિક્ષકો રજાના દિવસોમાં વિદ્યાર્થીઓના જૂથને પ્રકૃતિ અને જીવનમાં દૃષ્ટિ આપવા સાથે રહેતા હોય તો આપણા ઊગતા ચિત્રકારોમાં બહુ વહેલી કલાદૃષ્ટિ ઊગે પણ શિક્ષકોમાં કોઈક જ એવો ઉમંગ ધરાવતા હશે. છેલ્લાં બે વર્ષમાં વિદ્યાર્થીઓને વાર્ષિક પર્યટનમાં કોઇનો સાથ મળે ત્યારે તેમની ખરી ખાસિયતો જાણવા મળે. આવાં કારણે જ મિ. બર્ન્સે તેમનું અભ્યાસ-વર્તુળ યોજ્યું હશે. તે સાથે મિ. બર્ન્સ માટે પણ એવી ફરિયાદ હતી કે તેમનામાં બ્રિટિશ અહમ્ ખૂબ હતું અને શિક્ષકો પ્રતિ સમભાવ રાખી શકતા નહિ. શનિવારના વર્ગમાં હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સર બેસીલસ્કૉટ શોખથી કામ કરવા આવતા અને શિક્ષકો સાથે સમાન ભાવે વર્તતા ત્યારે શિક્ષકોને આશ્ચર્ય થતું કે આવા મહાન અધિકારીમાં કેટલું સૌજન્ય છે. તે વિલાયત ગયા ત્યારે દરેક શિક્ષકને પોતાના સંગ્રહમાંથી બબ્બે ઇચિંગ (તીક્ષ્ણ અણીથી ચીતરેલાં) ચિત્રો ભેટ આપતા ગયા હતા.

બીજી તરફ મિ. બર્ન્સનો સામા છેડાનો એવો દાખલો છે કે ચિત્રશિક્ષક મિ. આગાસકરે તેમના પ્રત્યક્ષ ચહેરા ઉપરથી એક તસવીર બનાવી તે બૉમ્બે આર્ટ સોસાએટીમાં મૂકવા ઇચ્છા દર્શાવી, ત્યારે મિ. બર્ન્સે સાફ ના પાડી કે હિન્દી પ્રદર્શનમાં પોતાની છબિ મૂકવા તે જરા ય રાજી નથી! આગળ કહ્યું તેમ મિ. બર્ન્સને અને મિ. રોથેન્સ્ટાઈનને... થામને મેળ નહોતો. તેઓ સામા મળતા ત્યારે બંનેની આંખો કતરાતી એ બધા જોઈ શકતા. બંને સાહેબો વચ્ચે સમાધાન કરવા

લઘુકથા

વર્ષગાંઠની ભેટ

ભરતભાઈ નાનાભાઇ ભટ્ટ

આજે આનંદમાં વૈશાલી રાત્રે પૂરું ઊંઘી પણ નહિ. વહેલી સવારે તો ઊઠીને તેણે ધમાલ કરી મૂકી અને ઘર આખાને જગાડી ધમધમતું કરી દીધું.

વૈશાલીના પિતા જયંતીભાઈના મિત્ર કેશુભાઈ દૂરના ગામડામાં રહેતા. જયંતીભાઈના આગ્રહથી કેશુભાઇનો દીકરો અચ્યુત જયંતીભાઇને ત્યાં શહેરમાં રહી છેલ્લાં ત્રણેક વર્ષથી અભ્યાસ કરતો હતો. તેના આવ્યા પછી થોડા જ વખતમાં તેને અને વૈશાલીને ભણવા તેમજ ગમ્મતમાં પરસ્પર સારો મેળ બેસી ગયો. અને કોણ જાણે ક્યારે એ ક્યારીમાં પ્રેમબીજ રોપાયું તેની ખબર વૈશાલીને રહી જ નહિ. મૂંઝાતી-હરખાતી વૈશાલી એ બીજને શમણાંનું પોષણ આપતી ગઈ.

અને એમ જ વૈશાલીએ એક વાર પિતાને આ વાત કરી. અને તેમણે જ્યારે સંમતિસૂચક હેતથી તેનો વાંસો થાબડ્યો ત્યારે તો તેજ ને તિમિર શાં થનગનાટ ને ક્ષોભના બેવડા ભાવે તેનું અંતર ભરી દીધું.

આજ સુધી બધું કરવા છતાં શરમાળ વૈશાલી અંતરની વાત અચ્યુતને કહી શકી નહોતી. ઓછાબોલા અચ્યુતને કેમ કરીને કહેવું તેમાં જ તે ગૂંચવાતી. પણ આજે તો તેણે તે તક ઝડપી લેવાનું નક્કી જ કર્યું હતું આજે—અચ્યુતના જન્મ દિવસે—તે અચ્યુતને બે ફોટોગ્રાફ રહે તેવી ફ્રેમ ભેટ આપવાની હતી. એ ફ્રેમમાં એક બાજુ અચ્યુતનો ને એક બાજુ પોતાનો એમ બે ફોટા જોડાજોડ ગોઠવ્યા હતા.

અચ્યુત તૈયાર થઈ મિત્રો તરફથી ગોઠવાએલી પાર્ટીમાં ગયો એટલે પોતાની ભેટ મૂકવા વૈશાલી અચ્યુતના ઓરડા તરફ ચાલી. હાથમાં રાખેલી ફ્રેમ જોતી વૈશાલી મલકી ઊઠી: ફ્રેમ ને ફોટાઓ જોઈ આનંદ સાથે એ પૂછશે: 'વૈશાલી, આ શું?' અને પોતે સાથે લાવેલી ચિઠ્ઠી તેના હાથમાં આપી ત્યાંથી નાસી જશે... આ કલ્પનાથી તેના મોં પર લાલી ધસી આવી ને તે અચ્યુતના રૂમમાં આવી વચ્ચે ઊભી રહી.

'ક્યાં મૂકું? અહીં કે ત્યાં?' કોઈ જગ્યા તેને સંપૂર્ણ લાગી નહિ. આખરે ફ્રેમને તેણે ઓશીકા નીચે મૂકવાનો વિચાર કર્યો અને પલંગ પાસે જઈ ઓશીકું ઊંચક્યું, તો ત્યાં એક કવર પડ્યું હતું. સહજ જિજ્ઞાસાથી વૈશાલીએ તે ઉપાડ્યું અને ખોલ્યું તો તેમાં એક ફોટો હતો. વૈશાલી બરાબર ઓળખી ગઈ. અચ્યુત સાથે ભણતી પોતાની બહેનપણીનો જ એ ફોટો હતો. સાથે એક ચિઠ્ઠી પણ હતી. વૈશાલીએ તે વાંચી અને પાછી મૂકી દીધી... અને પેલો ફોટો લઈ, ફ્રેમમાં પોતાના ફોટાની જગ્યાએ ગોઠવી દીધો. પોતાની ચિઠ્ઠી તેણે ફાડી નાખી અને બીજા કાગળ પર લખ્યું: 'જન્મદિનની ભેટ—વૈશાલી'.

અને ભેટ તથા ચબરખી અભ્યાસ-ટેબલ પર ગોઠવી તે ધીમે પગલે પોતાના રૂમમાં ચાલી ગઇ.

ડાયરેક્ટરે ખૂબ પ્રયત્ન કર્યો હતો, પણ બર્ન્સે પોતાનું વલણ બદલ્યું જ નહિ એટલે રોબોથામ છ માસની રજા લઇ ચાલ્યા ગયા અને બર્ન્સે તેની જગ્યાએ વ.ઈસ પ્રિન્સિપલ તરીકે મિ. ફર્ન્સને ઠસાવી દીધા.


૨૩૭ અંગત વાતો

'કરાચીથી ઘનશ્યામભાઇ આવ્યા હતા તેમણે કહ્યુ કે મારા પિતાશ્રીની બદલી સક્કર પોસ્ટ માસ્તર તરીકે થઇ હતી અનેસાથે મારાં બા, બેન અને અ. સૌ. પણ સિંધની ખરી હવા માણવા ગયાં હતાં ત્યારે મને લાગ્યું કે હવે કરાચી માત્ર સંભારવાનું રહ્યુ. સક્કરમાં તેમને કોઈ ગુજરાતી ભાષામાં વાત કરનાર મળતું નહિ. ગુજરાતી ઘરની સાફસૂફી અને સંસ્કાર તથા શુદ્ધિનું પાલન જોઇ તેમને મળવા આવતી સિંધી નારીઓ દૂરથી વંદન કરી બેસતી અને કહેતી કે તમે તો પાકા વૈષ્ણવો છો. મારાં પત્નીનો લેખન-વાચનનો અભ્યાસ ત્યાં ઠીક થતો. બહેન સંસ્કૃત શ્લોકો શીખવા મહેનત કરતાં. બા રોજ બપોરે તુલસી રામાયણ વાંચી વખત પૂરો કરતાં. સાંભળવા મળતું કે હવે તેમને જલદી વતનમાં જગ્યા મળવાની વકી છે.

મગનબાગમાં રોજિંદું કામ પતાવી દઇ હું ટ્રેઇન પકડીને મરીન લાઇન્સ ઊતરી ૧૦ વાગ્યે સ્કૂલમાં પહોંચી જતો. બપોરના રિસેસનો કલાક મળતો ત્યારે પાછળ જ સેન્ટ ઝેવીઅર્સ કૉલેજની હોસ્ટેલમાં ભાઇ પરમાનંદે એક રૂમ રાખી હતી ત્યાં પહોંચી જતો. કૉલેજના વિદ્યાર્થીઓ પોતપોતાની રૂમમાં ચા બનાવતા, નાસ્તા કરતા ને એકબીજા સાથે આનંદ-વિનોદ ઉડાવતા. આવી કોઈ સગવડ સ્કૂલ ઑવ આર્ટના વિદ્યાર્થીઓને નહોતી. ત્યાં મોટો ભાગ ગરીબ કે તંગ હાલતનો હતો. પાણી આપનાર મારવાડી તેની ઝૂંપડીમાં હલવાનાં પડીકાં રાખતો અને જેવીતેવી ચાનો ઉકાળો કરતો. ચાના પ્યાલાના ત્રણ પૈસા થતા અને હલવાનું પડીકું બે આનામાં મળતું. આમાંના કશા શૉખનો મને ચેપ લાગ્યો નહોતો, પરંતુ બપોરે ભાઈ પરમાનંદની રૂમમાં જાઉં ત્યારે ભાવનગરથી તેમના પર ગાંઠિયા-પેંડા આવ્યા હોય તેને ડબ્બો મારી સામે ખોલી દે, ભૈયો દૂધ આપી ગયો હોય તેની સરસ ચા બનાવે ને પ્રેમથી મને સાથીદાર બનાવે ત્યારે મુંબાઇમાં મારું એકાકીપણું વીસરાઇ જતું. આ નાસ્તા ઉપરાંત ભાઈ પરમાનંદે પોતાના મિત્રો સાથે મારો પરિચય કરાવીને બીજો લાભ કરી આપ્યો. તેમાં શ્રી શિવલાલ શાહ, નાનાલાલ મહેતા, નૌતમલાલ ત્રિવેદી વાઘજીભાઇ પરમાર, શ્રીપતરાવ જુન્નરકર વગેરે હતા. છેવટનાં વર્ષોમાં પરમાનંદ એલ્ફિન્સ્ટન કૉલેજની હોસ્ટેલમાં ગયા ત્યારે પણ તેમના દ્વારા ધીરેધીરે બીજા વિદ્વાન ને પ્રગતિમાન મિત્રો સાથે મારો સમાગમ વધ્યો અને વિદ્યા તથા સંસ્કારનાં ઉચ્ચ વર્તુળોમાં હું જાણીતો થયો. (ચાલુ)

શતરંજનો કોયડો

સુરેશ મોદી



White to play & win

સ્થિતિ: 3N4/4p3/q3Bpp1/1N2k3/P6P/6P1/3K4/8.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

આ કોયડામાં સફેદનાં ત્રણ નાનાં મ્હોરાંના બદલામાં કાળા પાસે વજીર છે પણ સફેદનો ઊંટ અને KRP ઉપર કાળાનો હુમલો છે અને છતાં સફેદના ઘોડા મેદાન મારી જાય છે. ઉકેલ માટે જુઓ અન્યત્ર.

નવી સેક્રેટરી

વીમાની રકમ માટેનો તેનો દાવો ઊભો જ હતો અને તે પોતે તો ખૂન માટે પકડાઇ, અને પછી...

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

'મને બધી વાત વિગતે કહો.' થોડી મહેનત બાદ ચારુની મુલાકાત મેળવી શકેલા વકીલે ગભરાએલી ચારુને પૂછ્યું.

'કોર્ટ છૂટી ત્યારે મને ગૌતમ મળ્યો. આમ તો હું એની સાથે વાત ટાળતી હતી, પણ એણે સહાનુભૂતિ બતાવી એટલે હું થોભી. એણે જણાવ્યું કે 'ઈન્દ્રવદન શેઠનું ખૂન થયું છે એ અંગેનો મજબૂત પુરાવો મારી પાસે છે. તમે મને રાત્રે સાડા આઠથી નવ વચ્ચે મારા ફ્લૅટ પર મળજો, ત્યાં હું તમને કહીશ. અહીં મને તમારી સાથે વાત કરતાં કોઈ જુએ છે. વળી મારે થોડું કામ પણ છે.'' પછી હું તમારી પાસેથી ઑફિસેથી નીકળી સીધી હ્યુજિસ રોડ પરના એના 'કમલ' નામના ફ્લૅટમાં ગઈ. બારણું એકાદ ઇંચ ખુલ્લું હતું. રૂમમાં લાઇટ ને રેડિયો બને ચાલુ હતાં. મેં જઈને જોયું તો ગૌતમ ખુરશીમાં ઢગલો થઈ પડ્યો હતો. મેં એને ઢંઢોળ્યો તો ખયાલ આવ્યો કે એ બેભાન હતો. મને એકાએક વિચાર આવ્યો કે ખૂનીનું નામ ન આપી શકે માટે કોઈએ એને ઝેર...આ વિચાર આવતાં હું ભાગી. બારણું બંધ કરતાં લૅચ વસાઇ ગયો ને સાડી ભરાઈ ગઇ. મેં સાડી ખેંચી ને છેડો ફાટી ગયો. ઉતાવળમાં દાદર ઊતરતાં મેં સતીશને લિફ્ટમાં ઉપર જતો જોયો. એની નજરે પડવું મને ઠીક ન લાગ્યું. મેં ઘેર આવીને બાને બધી વાત કરી. એટલામાં સતીશનો ફોન આવ્યો. એ મારી પાછળ 'કમલ' સુધી આવ્યા હતા, પણ ત્યાં પછી મને ન જોતાં એમને ચિંતા થઈ; કારણ કે ગૌતમનું ખૂન થયું હતું અને ધીરજલાલે જ પોલીસને ખબર આપી હતી. મેં સતીશને સાચેસાચી વાત કહી દીધી. એમણે ગૌતમના રૂમનું બારણું ખોલવા પ્રયાસ કર્યો હતો, પણ ન ખૂલતાં ઘેર ગયા હતા. ત્યાર બાદ ધીરજલાલનો ફોન આવતાં તેઓ ફરી ગયા હતા. ત્યાંથી સમય મળતાં એમણે મને ફોન કર્યો હતો.'

જરા શ્વાસ ખાઈ ચારુએ વાત આગળ ચલાવી: 'અમે અમારો ફોન પડોશીને વેચવાનું નક્કી કરી દીધું. એ પેટે ડિપૉઝિટ લઈ સવારે હું ને બા બૉમ્બે સેન્ટ્રલ પર ગયાં. અચાનક સ્ટેશને પોલીસે મને પકડી. મારી ટ્રંકમાંથી ફાટેલી સાડી મળી આવી તે તેઓએ કબજે લીધી. ટિકેટો રીફંડ કરી મારી બાને ઘેર મૂકી આવ્યા. ઘેર બધી તપાસ કરી અને ગૌતમે મને ભેટ આપેલી 'ચિરંજીવ પ્રેમ'ની ચોપડી લઈ ગયા.

ત્યાર પછી પોલીસ સ્ટેશને એમણે મને બધું પૂછ્યું. મેં સતીશની વાત સિવાય જે બધું બન્યું હતું એ જણાવ્યું. એક ઈન્સ્પેકટરે મને સહાનુભૂતિ બતાવી કહ્યું: તમે બહાદુર છો. એવા હલકટનું ખૂન કર્યું એમાં તમે કશું ખોટું કર્યું નથી. તમારી લાજ લૂંટવાનો એ શેતાને પ્રયત્ન કર્યો હશે. એ વિના તમે ગોળી ચલાવો નહિ. મેં એને કહ્યું કે મેં ગોળી ચલાવી જ નથી. મેં અગાઉ કહ્યું એ જ સાચું છે. પોલીસે મને ફરી સમજાવ્યું કે જો તમે કહો કે તમે સ્વરક્ષણાર્થે ખૂન કર્યું છે તો તમને સજા થશે નહિ. એ લોકો મારી પાસે પિસ્તોલ છે એમ માની વારંવાર મને પૂછ્યા કરે છે. પણ મને પિસ્તોલની કશી જ ખબર નથી. મેં તમને ઑફિસમાં બે ત્રણ વાર ફોન કર્યો, પણ તમે મળ્યા નહિ. મેં ઘેર જવા માગણી કરી પણ તેઓ મને છોડતા નથી. મેં તમારી વાત કરી ત્યારે એક ઈન્સ્પેક્ટર ગંભીર થઈ ગયો. આખરે એ લોકોએ મને જણાવ્યું કે તેઓએ મને ગૌતમના શંકાસ્પદ ખૂની તરીકે અટકમાં રાખી છે. મેં એમને કશું લખી આપ્યું નથી.'

'મેં જામીન-અરજી કરી દીધી છે.' વકીલે કહ્યું: 'હવે તમને મૅજિસ્ટ્રેટ સામે સવારે રજૂ કરીશ. ખૂનનો આરોપ છે એટલે જલદી છોડશે તો નહિ, પણ તમે હિંમત રાખજો. તમે મને પરમ દિવસે રાતે આ વાત કરી હોત તો?' ચારુ કંઇ બોલી નહિ. વકીલે ફરી જરા સખ્તાઈથી કહ્યું: 'તમે ગૌતમને મળવા જવાનાં છો એ વાત તો મને કરવી હતી?' ચારુની આંખમાં આંસુ આવી ગયાં.

'તમે એકાએક દેશમાં જવા તૈયાર થયાં એટલે તમારું માનસ ગુનેગાર છે એમ લાગે. પણ તમે મારાથી તો કશું છુપાવતાં નથી ને?'

તેણે નકારમાં ડોકું ધુણાવ્યું. પછી ધીમેથી બોલી: 'તમે મારી બાને મળી આવશો? તે બિચારી...' એને મોટું ડૂસકું આવી ગયું.

'ભલે, પણ તમે હવે કોઈને કશી વાત કરશો નહિ. તમે ખૂન કર્યું નહિ હોય તો તમને કંઈ થવાનું નથી.'

વકીલે દૂર બેઠેલી મેટ્રનને મુલાકાત પતી ગયાનો ઈશારો કર્યો.

×

ઉપરના બનાવને લીધે તા. ૧૫ની મુદતે ધીરજલાલની જુબાની લઈ શકાઇ નહિ. તા. ૨૦મી સુધી વકીલને કશો પ્રકાશ મળ્યો નહિ. આજે તો ચારુનો કેસ ચાલવાનો હતો. વકીલે પહેલું કામ આજના સિવિલ કેસોની તારીખો બદલવાનું ને કેટલાક દાવા મિત્રોને સોંપી દેવાનું કર્યું.

ગણાત્રાએ ઇન્સ્પેક્ટર સાથે ખૂબ ઝગડો કર્યો. ક્રિ૦ પ્રો. કોડ સેકશન ૪૯૭ મુજબ તેમણે ચારુને બેઇલ ઉપર છોડવા માગણી કરી હતી. ચારુ સેન્ટ્રલ સ્ટેશનેથી નાસી જતી પકડાઈ હતી, એટલે ઈન્સ્પેક્ટર એને છોડવાનું જોખમ ખેડવા તૈયાર નહોતા. વકીલે સેકશન ૪૧ મુજબ ૨૪ કલાકમાં એને કોઈ પણ મૅજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાનો પોતાનો હક્ક માગ્યો હતો, એટલે ઈન્સ્પેક્ટર ખૂબ ચીડાયા હતા. ઘણાં કામ હોવા છતાં ઈન્સ્પેક્ટરને ચારુને મૅજિસ્ટ્રેટ પાસે લઇ જવી પડી. અલબત્ત, એ બેઈલ ઉપર છૂટી નહિ, પણ ગણાત્રાએ એની અસહાય વિધવા માની વાત લાવી તરત કેસ ચલાવવાની માગણી કરી. ખીજમાં ને ખીજમાં ઇન્સ્પેક્ટર સંમત થયો. કેસ તરત ફાઇલ થયો. કોઇ અકસ્માત સંજોગોએ તે આજે ચાલવાનું પણ નક્કી થઈ ગયું. ગણાત્રા સમજતા હતા કે તપાસ અધૂરી હોય તો પોતાને કેસ ચલાવવાની મઝા પડે. સામા પક્ષની ભૂલોનો બરાબર લાભ ઉઠાવી શકાય.

કોર્ટ ભરચક હતી. ચારુબાલાના કેસની પ્રાથમિક સુનાવણી શરૂ થઈ. સરકારી વકીલ મસ્લાએ પોતાનું ઓપનિંગ સ્ટેટમેન્ટ રજૂ કર્યું:

'નામદાર, આરોપી ચારુલતા ઈન્દ્રવદન સંઘવીએ ગૌતમ વસાવડા નામના યુવાન કૉલેજિયનનું એમના નિવાસસ્થાને તા. ૧૩મીએ રાતે ખૂન કર્યું છે. અમે સાબિત કરીશું કે તે રાતે સાડા આઠ વાગ્યે તે એને મળવા ગઇ હતી. એ બંને એક જ કૉલેજમાં ભણતાં હતાં અને થોડા સમયથી બંને વચ્ચે મેળ નહોતો. આરોપી મરનારની રૂમ પર ગઈ ત્યારે કોઈ કારણસર બંને વચ્ચે ઝગડો થતાં એણે ગૌતમનું ખૂન કર્યું હતું. ઈ. પી. કો. સેકશન ૩૦૨ મુજબ એના ઉપર કામ ચલાવવા અમારી વિનંતી છે. આ ખૂન અંગે અમારી પાસે જોકે કોઇ દાર્શનિક પુરાવો નથી, પણ સાંયોગિક પુરાવા પરથી અમે સાબિત કરીશું કે ચારુબાલાએ જ ખૂન કર્યું છે. સેશન્સ કમિટ થવા માટે આટલી હકીકત પૂરતી છે. ચારુબાલાએ જ ખૂન કર્યું છે એ સાબિત કરવા અમે થોડા સાક્ષી લાવવા માગીએ છીએ.'

વકીલ ગણાત્રાએ જોયું કે સ્વબચાવમાં ખૂન કર્યાનો એક માર્ગ

મસ્લાએ એમને માટે ખુલ્લો રાખ્યો છે. પોતે જો એ અંગે સ્ટેટમેન્ટ કરે તો પોલીસને સરળતા પડે અને ચારુએ જ ખૂન કર્યું છે એ નક્કી થાય. પરિણામે સાપરાધ મનુષ્યવધની સજામાં મુકાતાં એની કારકિર્દી ખલાસ થઇ જાય. વળી સ્વરક્ષણાર્થે જો એણે ખૂન કર્યું હોય તો પોલીસને ખબર કેમ ના આપી? નાસી શા માટે જતી હતી? એવી દલીલો થાય અને કેસ તરત ફર્સ્ટ ડિગ્રી મર્ડરનો ગણાઇ જાય. પ્રોસીક્યુટર મસ્લાએ આ એક લાલચ ઊભી રાખી હતી પણ એમાં ફસાઈ ન જવાય એની બરાબર સાવચેતી રાખી ગણાત્રાએ કોર્ટને જણાવ્યું: 'હાલ મારુ સ્ટેટમેન્ટ મુલતવી રાખી હું તે મારો બચાવ કરતી વખતે રજૂ કરીશ. હાલ તો મારે એ જ કહેવાનું છે કે મારી અસીલ ચારુબાલાએ ખૂન કર્યું જ નથી. એના પરના આરોપ બિનપાયાદાર છે. પ્રોસીક્યુશને એની જિંદગી સાથે રમત કરી એનું ભવિષ્ય હોડમાં મૂક્યું છે. અસહાય વિધવા માની એકમાત્ર આધારરૂપ પુત્રી પર આ અકારણ જુલમ છે.'

પ્રથમ સાક્ષી ધીરજલાલ મણિલાલ શાહની આવી: 'હું અને સુરેન્દ્ર મહેતા ભાગીદાર છીએ. ગૌતમ વસાવડા સુરેન્દ્ર મહેતાના ગામનો હોવાથી એને અભ્યાસમાં સહાયક થવા સુરેન્દ્રે નોકરીમાં રાખ્યો હતો અને પોતાના જ ફ્લૅટમાં રાખ્યો હતો. ઘણા વખતથી ગૌતમનો આગ્રહ હતો એટલે હું એને મળવા ત્યાં ગયો હતો. સુરેન્દ્ર મહેતા પણ એમને ત્યાં મળવાના હતા. મેં સહેજ વહેલા જઈ જોયું તો બારણું બંધ હતું. અંદર લાઈટ ને રેડિયો ચાલુ હતાં. મેં બેત્રણ વાર બેલ વગાડયો, પણ કોઈએ બારણું ખોલ્યું નહિ. એટલામાં સુરેન્દ્ર મહેતા આવ્યા. મેં સુરેન્દ્ર મહેતાને વાત કરી. એમણે વેન્ટીલેશનમાંથી જોયું ને જણાવ્યું કે ગૌતમ પર હુમલો થયો લાગે છે, માટે તમે બાજુમાંથી પોલીસને ફોન કરો. મેં બાજુની જયંતભાઈની રૂમમાંથી ફોન કર્યો અને જયંતભાઇની સાથે જ ગૌતમની રૂમમાં આવ્યો. ત્યારે સુરેન્દ્ર ત્યાં ઊભા હતા. સદ્‌ભાગ્યે એમની પાસેથી ચાવી નીકળી હતી એટલે એમણે બારણું ખોલી નાખ્યું હતું. એમણે જણાવ્યું કે ગૌતમમાં જીવ નથી. થોડી વારમાં પોલીસ આવી પહોંચી. એમણે લાશનું પંચનામું કરી એમાં અમારી સહી લીધી.'

'તમે અને સુરેન્દ્ર ક્યારથી ભાગીદાર છો?' ગણાત્રાએ પૂછયું.

'પહેલાં અમે ઘણા વખત સુધી સાથે ધંધો કર્યો, પણ ચારેક માસથી ઈન્દ્રવદન નામના અમારા ભાગીદાર સાથે નહોતું ફાવતું એટલે હું છૂટો થયો. ત્યાર બાદ ઈન્દ્રવદન અકસ્માત ગુજરી જતાં સુરેન્દ્રની વિનંતીથી ફરી મેં એક માસથી ભાગીદારી શરૂ કરી છે.'

'તમે ભાગીદારી છોડયા પછી એ કંપનીએ મોટી ખોટ કરી છે એ તમે જાણો છો?'

મસ્લાએ તરત વાંધો લીધો: 'નામદાર, આ પ્રશ્નને આ કેસ સાથે નિસબત નથી.'

'નામદાર, જરૂર સંબંધ છે. મારી અસીલ એ ત્રીજા ભાગીદારની પુત્રી છે, જેની સાથે ધીરજલાલને સારો બનાવ નહોતો; એટલે એમની સાક્ષી પૂર્વગ્રહવાળી છે એમ હું બતાવવા માગું છું.'

મસ્લાનો વાંધો કોર્ટે કાઢી નાખ્યો.

'ખોટનું કારણ ઈન્દ્રવદન જ હતા. એમના જતાં ફરી ભાગીદારી કરવામાં જોખમ નહોતું.'

'અને હું સાબિત કરી દઉં કે તમે ભાગીદારીમાંથી છૂટા થયા એ ટલે પૈસાની ખેંચમાં માલ નહોતો ઊપડતો, અને પછીથી એકાએક જકાત નીકળી જતાં ખોટ ગઇ એટલે તમે જ કારણરૂપ હતા, તો?'

'નામદાર, આ પ્રશ્ન નથી, ધમકી છે.' મસ્લાએ જણાવ્યું. ધીરજલાલ કંઈ બોલ્યા નહિ. કોર્ટે મસ્લાનો વાંધો મંજૂર રાખ્યો.

'ગૌતમ તમારે ત્યાં શું કામ કરતો હતો?'

'પરદેશ સાથેનો પત્રવ્યવહાર એને હસ્તક હતો.'

'તમે ત્યાં શા માટે ગયા હતા?'

'સુરેન્દ્રનો એ દૂરનો સંબંધી હોઈ એનો ખાસ આગ્રહ હતો.'

'તમને એણે ક્યારે આમંત્રણ આપ્યું?'

'તેણે અગાઉ આમંત્રણ આપેલું. પણ હું જઈ શક્યો નહોતો. પણ આજે અચાનક એનો ફોન હતો એટલે ગયો હતો.'

'શો ફોન હતો?'

'અમારા વેપારના પત્રવ્યવહાર બદલ એને થોડી મૂંઝવણ હતી. આમ તો સુરેન્દ્ર મહેતા બધું કરે છે, પણ તે ત્યાં આવવાના હતા એમ ગૌતમે કહ્યુ અને આ બાબતમાં બંનેની જરૂર હતી એટલે મને પણ ખાસ વિનંતી કરી હતી.'

'પત્રવ્યવહાર એવો શા મહત્ત્વનો હતો?' ધીરજલાલ મૂંઝાયા. એ કંઇ બોલી ન શક્યા. તરત મસ્લા એમની વહારે ધાયા. 'વેપાર અંગેની ખાનગી વાત તમે જાહેર કરવા ન માગતા હો તો કંઇ વાંધો નહિ.'

'એ પત્રવ્યવહાર તો પોલીસે કબજે લીધો હશે,' ગણાત્રાએ કહ્યુ, 'એટલે ત્યાંથી જાણવા મળશે. આ તો તમે કહો તો મહેનત બચે.'

વળી ધીરજલાલ મૂંઝાયા. થોડી વારે એ બોલ્યા: 'એ બાબત જાહેર કરી શકાય નહિ. બિઝનેસ સીક્રેટ છે.'

'સુરેન્દ્ર તમને કયાં ભેગા થયા?'

'હું પાછો ફરીને દાદર ઊતરતો જતો હતો ત્યાં તે લિફ્ટમાંથી બહાર આવ્યા. એમણે પણ ગૌતમનો પોતા પર ફોન હતો એમ કહ્યુ. અમે બંને સાથે ફ્લૅટ તરફ ગયા પણ અંદરથી તો જુદી જ વાત નીકળી.'

'તમે જ્યારે એકલા ગયા ત્યારે બારણું ખુલ્લું હતું કે બંધ?'

'બંધ.'

'અંદર રેડિયો વાગતો હતો?' વકીલે પૂછયું. 'હા'.

'લાઈટ ચાલુ હતી?' 'હા'.

તો તમે બારણું ખટખટાવ્યું કેમ નહિ?'

'ખટખટાવેલું, બેલ પણ વગાડેલો, પણ અંદરથી જવાબ ન મળ્યો.'

'તમે આડોશીપાડોશીને બોલાવવાનો કે પોલીસની મદદથી બારણું ખોલવાનો પ્રયત્ન કેમ ના કર્યો?'

'બારણું ન ઊઘડયું એટલે હું જરા મૂંઝાયો. પણ પછી મને થયું કે એ બજાર કે બાથરૂમ ગયો હશે એટલે રાહ જોવા લાગ્યો.'

'—કે પછી તમે બારણું ખુલ્લું જોઈ, અંદર જઇ ખૂન કરી બારણું બંધ કરી દીધું?!' વકીલે તોપ છોડી. કોર્ટમાં સન્નાટો છવાઈ ગયો.

વકીલ મસ્લા બરાડી ઊઠયા: 'નામદાર, આવો તદ્દન જૂઠો, બિનપાયાદાર ને વાહિયાત આરોપ મૂકી મારા વિદ્વાન મિત્ર સાક્ષીને ગભરાવી દેવા માગે છે. આવી જુલમી રીતે પ્રશ્નો પૂછી તેઓ એક નામાંકિત વેપારીને અપમાનિત કરી રહ્યા છે.'

'નામદાર,' ગણાત્રાએ કહ્યુ: 'આ તો એક શકયતા છે; કારણ કે સુરેન્દ્ર મહેતાએ જ્યારે જોયું ત્યારે ગૌતમ ઘાયલ હતો, એના ઘામાંથી લોહી ટપકે એટલો ઘા તાજો હતો અને છેલ્લા તો ધીરજલાલ જ તેને મળવા ઉપર આવ્યા હતા, એથી એમ બને પણ ખરું. ચારુની સાડીનો છેડો લૅચમાં ભરાઈ ગયો હોય પણ બારણું ધીરજલાલના નીકળ્યા પછી જ બંધ થઈ ગયું હોય એ શક્ય છે.'

'કોર્ટ પ્રશ્ન પૂછવાની રજા આપતી નથી.' જજે રૂલિંગ આપ્યું.

'થૅંક યુ મિ. ધીરજલાલ' વકીલે કહ્યુ: 'આપણે ફરી મળીશું.'

ધીરજલાલે પરસેવો લૂછતાં સામેની ખુરશી પર બેઠક લીધી.

પ્રોસીક્યુટરે ગણાત્રાની ઊલટતપાસથી ડરી તરત (અનુ. પૃ. ૧૩૯)

હૉફમૅનના ત્રણ પ્રેમકિસ્સા

અને હૉટેલ બેરોલિનામાં

લેખક · ચંદ્રવદન ચી. મહેતા



વુલ્ફાંગ લૅાગહૅાફ અને ચંદ્રવદન મહેતા

બર્લિનૅાર આંસેબલમાં લગાતાર મેં બ્રેખ્ટનાં લખેલાં ઘણાં ઘણાં નાટકો જોયાં. ડ આરટુરો ઉઈ એટલે એડોલ્ફ હિટલર, કેવી રીતે એણે હિંડનબર્ગ પાસેથી સત્તા પડાવી પેલા બે ગઠિયા ગોબેલ્સ અને ગોરિંગનો કેવો સાથ સાધ્યો, અને પછી ચ.રેકોર રાજ્યનીતિ થકી લાખોની કેવી કતલ કરાવી — કતલ! અરધી ગુજરાતની વસ્તી જેટલા લોકોની કતલ! એવા એ હિટલરના જીવનપ્રસંગો ઉપર ભજવાતું નાટક જોવાની મજા પડી. પણ એ મજા છેલ્લે દિવસે ભારે પણ પડી ગઇ. એ જ નટને બ્રેખ્ટે શેકસપિયરની કૃતિ ઉપરથી ઉપજાવેલા 'કોરીઓલાન'નો પાઠ કરતો પણ જોયો. અસલમાં ઘણો ફેરફાર પણ ભજવણીમાં તાકાત, તાજગી અને તેજીલી સ્ફૂર્તિ. બ્રેખ્ટના રચ્યા આ થીએટરમાં નાટકો જોયા બાદ સરવાળે વિચાર કરવા બેસીએ તો બ્રેખ્ટના કેટલા સિદ્ધાંતો ત્યાં અમલમાં મુકાય છે એ વિષે કંઇ પણ કહેવું અઘરું થઈ પડે. આ મતભેદ ઊભો થયો જ છે, પરંતુ રજૂઆતકલા જાતે જ એવી રંગીલી નારી છે કે પોતે એકધારી પ્રથાને વળગી નહિ બેસે. મને પોતાને આ નાટકશાળા બહાર બર્લિનમાં જ બીજી નાટકશાળામાં પ્રખ્યાત નવલકથા 'થ્રી મસ્કેટિયર્સ' ઉપરથી ઉપજાવેલું નાટક બ્રેખ્ટીય શૈલીને વધારે અનુરૂપ લાગ્યું હતું. પરદા-રોશનીની મદદ વગર આજુબાજુ બે પડઘમચીઓને પડઘમ વગાડવા ઊભા રાખી, એમની મારફત વચગાળાના અંકોડા સંગીતથી સાધી, જરૂર પડે ત્યાં સૂત્રધાર ગમે ત્યારે સામાન્ય કપડાંમાં, હાથમાં લખાણનો ચોપડો લઇ ઊતરી પડી, એક જ સાદી સજાવટ યોજી આખું નાટક રંગ લાવી રેલાવી ગયા. ક્યાંક એમાં આપણને બનારસી રામલીલાની શૈલી પણ લાગે; અને બ્રેખ્ટે બનારસમાં ભવાઈ રામલીલા રાસલીલા જેવાં લોકનાટકોમાંથી ઘણું જોયું હતું. વાંચ્યું પણ હતું અને લીધું પણ હતું, એનો અચ્છો ખયાલ આ કૃતિ જોવાથી મળ્યો. પણ ચર્ચા તો ચાલવાની જ. એરિસ્ટોટલના મુદ્દાઓથી અવળી દિશામાં પગરણ માંડી અવનવું લખી કરી બતાવનાર, અને એના સંપ્રદાયમાં આવી ભળનાર ભલભલાનાં સૂત્રો મંતવ્યો કરતૂકો ઉપર ચર્ચા તો થવાની જ, એ જ તો પશ્ચિમની રંગભૂમિની તંદુરસ્તીની એક અમુક નિશાની છે.

ઇસ્ટ બર્લિનમાં વુલ્ફાંગ લૅાગહૅાફ ત્યાંની નાટ્યસંસ્થાના પ્રમુખ તો ખરા, વૉરસોમાં મારે એમની સાથે સારી ઓળખાણ થએલી, પરંતુ અહીં ગ્રીક નાટક 'ઇફિગન અને ટૅારસ'માં એમને અભિનય કરતા જોઈ હું તો દંગ થઈ ગયો. પહેલા અંક પછી એમને મળવા અંદર ગયો ત્યારે ત્યાં એમના ખંડમાં એ શતરંજ રમે. પોતાનો પાઠ આવવાનો હોય ત્યારે ત્યાંથી નીકળી રંગભૂમિ ઉપર જાય, બાકીના ગાળામાં બીજા નટ સાથે શતરંજ ખેલે, આ પણ નટના સ્વભાવની એક ખૂબીદાર ખાસિયત છે. પછી તો અમે વારંવાર મળતા, બહુ હોશિયાર, અદાકારીનો જાણકાર, સમજદાર, સ્વચ્છ દિલનો અને મિલનસાર સ્વભાવનો માણસ, એને ત્યાંના શ્રેષ્ઠ નટનું ઈનામ પણ મળેલું, એ હકીકત તો મેં બીજે દિવસે એક બુકસેલરની દુકાનમાં આવાં જુદાંજુદાં ઈનામોના વિજેતાઓની છબિઓ અને પુસ્તકો જોયાં ત્યારે ખબર પડી. મોટે ભાગે, તખ્તા ઉપર જાતની બહુ ઓછી સજાવટ કરીને જ ઊતરે, કેવળ સ્વસ્થતા અને અવાજના માપસરના નિયંત્રણથી એ શ્રોતાઓનાં દિલ જીતી જાય.

નાટકો તો ઘણાં જોયાં. ક્યાંક ખાસ અગત્યનાં હશે તો તે વિષે ઈશારો કરીશું. નટો પણ વિવિધ પ્રકારના મળ્યા, એમાંના થોડાની ઓળખાણ આપીશું, પણ સામાન્ય રીતે આપણે ત્યાંથી નાટક જોવા જનારાઓને વૉલ્ટર ફેલસેનસ્ટાઇન વિષે જાણવા કે એને મળવાનો પ્રસંગ સાંપડવો મુશ્કેલ, એવી વ્યક્તિનો આપણે પરિચય સાધીશું. ઈસ્ટ બર્લિનમાં કૉમિશ્ચે-કૉમિક ઓપેરા એક જગમશહૂર સંસ્થા છે. એને અઢળક કીર્તિ અપાવનાર આ વૉલ્ટરસાહેબ, ૧૯૦૨માં જન્મેલા એટલે મારાથી એક જ વર્ષે નાના, પાતળા, દેખાવે પચાસની આસપાસના લાગે, કામે વળગે ત્યારે ત્રીસના અને ઉત્સાહ-ઉમંગમાં પંદરેકના દેખાય, એવા સંગીતજ્ઞ જૂની અને નવી ઓપેરાઓને નવતર દૃષ્ટિથી તારવી, અવનવીન રીતે રજૂ કરી દુનિયાભરમાં ડંકો વગાડચો છે. સવારના દસથી એક અને બપોરના ત્રણ થી સાત શનિ રવિના અપવાદ સિવાય ભજવવાની ઓપેરાનાં રીહર્સલો કરે, કરાવે, એવો ઉસ્તાદ. 'લા ટ્રાવિયાટા'ની રજૂઆતમાં એણે ઓપેરાની ભજવણીમાં નાટ્યતત્ત્વોને બહલાવ્યાં. ઓપેરા ઉપર આપણે આગળ ઉપર વિવેચના કરી ગયા છીએ. એટલે એ સંબંધી અહીં વિગતોમાં નહિ ઊતરીએ, પરંતુ એણે અમને તે દિવસે ઓફનબાગની રચેલી એક કૃતિ નામે 'હૉફમૅનની વાતો' અથવા 'હૉફમૅનના ત્રણ પ્રેમકિસ્સાઓ' જોવા નોતર્યા અને એ કૃતિ જોઈ-સાંભળી. એના અંતર સોંસરવા ઊતરી રચીપચી ગએલા મહામૂલા સંસ્કાર હજી ભુલ્યા ભુલાતા નથી.

એક હૉફમૅન કરીને વ્યક્તિ, કવિ સરસ્વતી દેવીની એની ઉપર ભારે કૃપા. સરસ્વતીદેવી કરતાં સંગીતની દેવી કહેવી ઠીક પડશે. એ પ્રેમમાં પડચા પણ તે પ્રિયતમા એક પૂતળી નીકળી. મહોરું જ બીબું, હાલે ચાલે એટલું જ, પોતાની સ્વતંત્ર બુદ્ધિ નહિ, જીવતરમાં એક

રમકડું. નાચવું એટલે નાચવું, બોલવું એટલે બોલવું. અને એનું ભાન થતાં હૉફમૅન એમાંથી ઊગર્યો ત્યારે બીજીના પ્રેમમાં પડ્યો. આ પ્રિયતમાનો બાપ આ પ્રણયવ્યવહારની વિરુદ્ધ, તે આંટાફેરા કરી બંનેને મળતાં અટકાવ્યાં; પરિણામે પ્રિયતમા વિરહઘેલી થઈ, વિરહ-જ્વાળામાં આખરે મૃત્યુશરણ થઈ અને એમ પ્રેમના વળગાડમાંથી છૂટ્યો, ત્યાર બાદ ત્રીજીના પ્રેમમાં પડ્યો. આ એક ઈટાલિયન સૌંદર્ય-ની અનોખી મૂર્તિ હતી બહુ સુંદર પણ જીવનમાં વારાંગના. એની પાસે બધા પ્રકારની પ્રેમચેષ્ટાઓ, પ્રેમરમતો, પણ હૈયું જ નહિ, ત્યાં લાગણી તો હોય જ ક્યાંથી! બીજા પ્રેમીઓ પણ ખરા, એમની આવનજાવન પણ ચાલે, પરિણામે એ એક પ્રેમીને ઝેર આપવાની તરકીબ કરે છે પણ એ ઝેર ભૂલમાં એ વારાંગના પોતે જ પીએ છે. અને એ ગુજરી ત્યારે એકલા પડેલા હૉફમૅનને ભાન થાય છે કે આ બધું તો અસત્ય છે, જગત મિથ્યા છે આ જે દેખાય છે તે ભ્રમ જ છે. ત્રણે પ્રિયતમાઓ એણે પોતે પોતાની કલ્પના થકી સરજેલી ભ્રમ-ની સૃષ્ટિ હતી એનું ભાન થતાં એ જાગૃત થાય છે. પોતાના સાચા કામમાં રચ્યાપચ્યા રહેવા નિર્ણય કરે છે, અને સંગીતની દેવી એને સાથ આપવા પધારે છે. પણ હવે તો બહુત ગઈ અને થોડી રહી, એનો અંત નિકટમાં સામે આવતો જણાય છે. ત્રણ અંકમાં આ સંગીતનાટક અને વળી ત્રણે પ્રિયતમાનો પાઠ કરનાર એક જ વ્યક્તિ, એક જ નટી, આપણે તો આ કલાકસબની સિદ્ધિ જોઇને રસના સાગરમાં ઝોલાં ખાવા લાગ્યા. તખ્તાની સજાવટ, રોશનીની કારીગરી, નટનટીઓનું ગાણું, અને એ ઉપરાંત આ કલાધુરંધરે અભિનય કરવામાં આપેલી તાલીમ, એ બધાંની સમગ્ર અસર એવી તો ભારે થઈ છે કે હજી એ કૃતિનાં દૃશ્યો અને એમાંનું સંગીત ભૂલ્યાં ભુલાતાં નથી. એવા આ ફેલસેનસ્ટાઈનનું નામ નોંધી રાખજો, એની કોઈ પણ રજૂઆત જોવાનો પ્રસંગ મળે તો તે ચૂકશો નહિ.

હોટેલ બેરોલિનામાં દર વખત ઉતારો મળતો હોવાથી, એના કર્મચારીઓ મને ઓળખતા થઈ ગયા હતા. એક દિવસ સવારે રૂમમાંના ફોનની ઘંટડી વાગી, મને થયું મારો કોણ ઓળખીતો અહીં પાક્યો, તો નીચેથી મુલ્કરાજનો અવાજ, એણે નામોની યાદી જોઈ મને ખોળ્યો. 'અરે ભૈયા નીચે આઓ, હમ ત્રણચાર મહેમાન હિન્દુસ્તાનસે આયે હૈં. સાથ મેં બ્રેકફાસ્ટ લેંગે.' અચ્છા ભાઈ, હમ નીચે ચલા, તો નીચેના હોટેલના આલશાન રેસ્ટોરાંના એક ખૂણામાં મુલ્કરાજ આનંદ દરબાર ભરીને બેઠા હતા. સજ્જાદ અને અમૃતલાલ બી થે. ચારે કોર નજર કરું છું તો જાતજાતના ચહેરા. હું રાતે મોડો આવી સૂઈ ગએલો, એટલે ખબર ન પડી, બાકી હોટેલના નીચેના રિસેપ્શન રૂમમાં સવારે દસ મિનિટ ગાળો તો શહેરમાં શું ગાજે-વાજે છે, એની જાણ થઈ જાય. ગએટેના શહેર વાઈમરમાં રાઈટર્સ કૉન્ફરંસ હતી તે દક્ષિણ અમેરિકાથી માંડી આણી કોર જાપાન સુધીના કલમબાજો ઊતરી પડ્યા હતા. વૉરસો પ્રાગ મૉસ્કો ઍથેન્સ રોમના તો હોય જ, અને એમાંના કોઈ રડ્યાખડ્યા આમતેમ ક્યાંક ભટકાએલા એવા ઓળખીતા પણ મળી ગયા.

મુલ્કરાજ તો બેત્રણ દિવસના ઘરાક હતા, પણ હું લાંબું રહેનારો, એટલે એમ જ એક દિવસ સવારે હું નીચે ઊતરું છું ત્યાં ભૂરો હાફકોટ પહેરી અને એની ઉપર નાના બબ્બે હાથગ્લોવ્સના લટકણ લટકાવી કંઇક દાગીના ટોળાબંધ ફરતા, ચા ચા કૉફી પીતાં જોયા. અને હું જરા આગળ વધું છું તો એકજણે જોરથી શેકહેન્ડ કરી મારા કોટ ઉપર પણ એ કચકડા કે પ્લાસ્ટિકનો ગ્લોવ્ઝનો બિલ્લો લટકાવી દીધો. મને સમજણ તો ન પડી, પણ રિસેપ્શન ઉપર ઊભેલી ઓળખીતી પોટ્ટીને અંગ્રેજીમાં હું પૂછવા ગયો તો પહેલાં તો ખડખડ ખડખડ હસવા માંડી, અને પછી મારી વહાલી મને કહે છે, 'પ્રોફેસર! આજે તમારે હવે રેફ્રી તરીકે જવું પડશે. તમને કંઈ શરતના નિયમોની ખબર છે ખરી?' 'અલ્યા પણ મને કહો તો ખરા, આ શેની શરતના બિલ્લા છે' ત્યારે મને સમજાવ્યું કે બર્લિનમાં આઠ દિવસ આંતરરાષ્ટ્રીય બૉક્સિંગનો જલસો જામવાનો છે, અને આ કોઈ મને શરીર જોતાં બૉક્સિંગ કરનારો મલ્લ તો નહિ જ ધારે, પણ કોઈ હોંસીલાએ મને ભારત કે એ બાજુના ખાસ રેફ્રી અમ્પાયર માની આ બિલ્લો પહેરાવી દીધો. પેલા બિલ્લા તે બૉક્સિંગના ખોળિયા, હાથે પહેરી મુક્કાબાજી કરવાની. એમાં હું ક્યાં અટવાયો? પણ રોજબરોજ ચારસો પાંચસો રૂમના મોટા હોટેલમાં જાતજાતનો કાફલો આવી પડે, ત્યાં સવારનું હવામાન આમ ફેરવાતું રહે એમાં શી નવાઈ? એક દિવસ લેખકો તો બીજે દિવસે એંજિનીઅરો, બીજે આઠ દિવસે બાળનાટક લખનારાઓ, તો એ પછી વેપારીઓ, એમ ચરખો ચાલ્યા જ કરે. શહેરમાં આ જ એક સારું અને મોટું હોટેલ એટલે નીચે કલાકેક બેસી રંગત જોવાની મજા પડતી. મારી ઇન્ટરપ્રીટર બાઈ મિસ ફિક્લર આવે ત્યારે એને પૂછી હવામાન જાણવાની ઓર મજા પડતી.

એક દિવસ મારે લંચ પર જવાનું હતું, ત્યારે રસ્તે મને મિસ ફિક્લર પ્રો. વૉલ્ટેર રૂબેનની ઓળખ આપતી બેઠી. એંસી ઉપરના એ બુઝર્ગને મળવાની મને હોંસ તો ઘણી હતી, પણ હિંમત જરા નહોતી. હજી તો અમે ત્યાંના ઓપેરા હાઉસ પાસેના એ હમ્બોલ્ટ યુનિવર્સિટીની સામે આવેલા રેસ્ટોરાંમાં દાખલ થઇએ છીએ, ત્યાં એ વયોવૃદ્ધ પંડિત રૂબેન પોતાની ખુરશી ઉપરથી ઊભા થઈ હાથ મિલાવવા સામે આવતા જણાયા. આ સંસ્કૃતના પંડિત છે, એવું મને મિસ ફિક્લરે કહ્યું ન હોત તો પણ એને ચહેરેમહોરે ઉપનિષદો, સંસ્કૃત નાટકો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને સ્મૃતિગ્રંથોની જ્ઞાનરેખાઓ તરવરતી દેખાય એ ઉપરથી એનું જ્ઞાન તારવવું સહેલું હતું. વેદથી માંડી આજ સુધી શબ્દનું શું સ્થાન રહ્યું છે એનો એણે અભ્યાસ કરી પુસ્તક લખ્યું છે. બૌદ્ધ ધર્મ, જૈન સિદ્ધાંતો અને કાવ્યના અલંકારના ગ્રંથો વિષે એ જાણે એ તો ખરું, પણ એ જ્ઞાનરસિયો જિજ્ઞાસુ પૂછે છે કે તમારે ત્યાં તો બે ધ્રુવ એમાંથી કોણ હયાત છે? મેં કહ્યું બંને સ્વર્ગસ્થ છે, તો કહે હું બંનેને મળ્યો હતો, અને આટઆટલી ચર્ચા કરી હતી. કાને કાણે બેલવેલકર સુકથનકર હીરાચંદ આનંદશંકર કેશવલાલ આપણે ત્યાંના પંડિતોની પરંપરા વિષે જ્ઞાત, એ વ્યક્તિ મારા ભાષણોમાં પ્રમુખ થઇ બિરાજનાર છે, ત્યાંથી જ મને સભાક્ષોભ શરૂ થવા માંડ્યો.

છ સાત જણા જમવામાં હતા, પણ સૌથી ઓછું અમે બે જણાએ ખાધું. એની સવાલોની પરંપરામાં એ ન જમે અને જવાબ આપતાં મારે આરો નહિ, ત્યાં હું ન કોળિયો ભરી શકું. પણ એની સાથેના વાર્તાલાપથી મને તો ભોજન કરતાં પણ ભારે સંતોષ થયો, રસતૃષા તો છિપાઈ જ. આજે આવા પંડિતોનાં દર્શન જ ક્યાં કરવા મળે છે, અહીં કે ત્યાં? જ્યાં ત્યાં રાજકારણિયા મોટાઇની પાઘડી પહેરી જ્ઞાની, સંત, ધર્મગુરુનો ડોળ ઘાલી નીતિના ઇજારદાર થઈ ફાળકા થઇ ફરતા જોવામાં આવે છે. હમ્બોલ્ટ યુનિવર્સિટીની તેમજ બર્લિનની સ્ટેટ લાયબ્રેરી જોતાં ગ્રન્થોનો ભંડાર જોયો, આપણે ત્યાં સહેલાઈથી શોધ્યા ન જડે એવા સંસ્કૃત ગ્રન્થોની યાદી અને સંગ્રહ જોયો. એમની યાદી કરવાની રીતથી જ આપણે તો અંજાઇ જઈએ. એટલી સુગમ સુઘડ, સુતરી કોઈ પણ પ્રકારનું પુસ્તક શોધવું હોય તો તે સહેલાઈથી જડી આવે એવી એમણે કરેલી યોજના આપણે અહીં ચારેકોર અમલમાં મૂકીએ તો યે ઘણું છે.

(ચાલુ)

ગુનાશોધન-૧૫
લેખક
પુષ્કરભાઈ ગોકાણી

દારૂ

કેટલાક પદાર્થો કે પીણાં હોજરીમાં જતાં તેની અસર લોહીમાં પણ જોવા મળે છે. અમુક ઝેર અને દારૂ પણ લોહીમાં પોતાની હાજરી બતાવીગુનાશોધનમાં સહાયરૂપ બને છે.ભારતમાં ૪૨ટકા વસ્તી દારૂબંધી તળે છે, એટલે તેમાં દારૂ પીવો એ ગુનો ગણાય છે. ગુજરાત રાજ્યમાં પણ દારૂબંધી છે અને મુંબાઈ પ્રોહિબિશન કાયદાની ૬૬મી કલમ નીચે દારૂ પીવો એ ગુનો બને છે. દારૂ પીવાથી થતા ગુના માટે કલમ ૮૫ મુજબ કામ ચલાવાઇને સજા થાય છે.

દારૂ પીવાથી પ્રાપ્ત થતી અસ્થિરતાને કારણે મોટર-અકસ્માત, ઝપાઝપી અને ઘણીવાર ખૂનના ગુના બને છે. વધારે દારૂ પીવાયો હોય તો તેનું ઝેર ચડે છે, અને અતિશય દારૂ પીધા પછી માણસ બાર કલાકે—કોઇકોઈ વાર ચાર-પાંચ દિવસ સુધીમાં મરણ પામે છે. ભારતમાં દારૂબંધીના ભંગના ને દારૂ પીને કરાતા ગુનાનું પ્રમાણ અન્ય ગુનાઓના પ્રમાણમાં ઘણું વધારે છે. સામાન્યતઃ અહીં ચોરી ૧૫ ટકા, જુગાર ૧૦, કેફી પદાર્થ ૧૦, ખિસ્સું કાપવાના ૭, લૂંટ ૬, ઠગાઇ ૬, ઘરફોડ ૫, ખૂન ૫, ચોરીનો માલ વેચવાના ૩, દાણચોરી ૩, બંદરી ૩, રેલ્વેના ૩ ને અન્ય પ્રકારના ૪ ટકા જેટલા ગુના થાય છે. આ સૌ કરતાં દારૂ પીને થતા ગુનાનું પ્રમાણ ૨૦ ટકા જેટલું-સૌથી વધારે છે.

દારૂ દ્રાક્ષ, મહુડા, ગોળ, જવ, સ્ટ્રૉબેરી વગેરેમાંથી બને છે. પ્રચલિત દારૂ પાણી કે સોડા સાથે મેળવીને લોકો પીએ છે. ભારતમાં મહુડા તથા ગોળના દેશી દારૂ વધુ પ્રમાણમાં પીવાય છે. કેટલીક દવામાં ૫ થી ૬૦ ટકા ચોખ્ખો દારૂ મેળવવામાં આવે છે. જ્યારે દારૂ લોહીમાં લગભગ ૦·૧૫ ટકાથી વધે ત્યારે માણસના મગજ પર એની અસર થવા માંડે છે. આથી દારૂ પીવાના કે દારૂ પીને કરેલા ગુનામાં જ્યારે કોઇ માણસને પકડવામાં આવે ત્યારે તેના લોહીમાં દારૂ કેટલા પ્રમાણમાં ભળ્યો છે તેની તુરત તપાસ કરવી જરૂરી બને છે. દર કલાકે લગભગ દસ ગ્રામ જેટલો દારૂ લોહીમાં ભળીને તેમાંથી કાર્બન ડાયોક્સાઈડ અને ભેજ બની જાય છે, એટલે ગુનેગારે કેટલો દારૂ પીધો છે તેની પરીક્ષા શક્ય એટલી વહેલી થઈ જવી જોઇએ.

દારૂના નશામાં ચકચૂર માણસને ઓળખવો મુશ્કેલ નથી. એ એકધારો સ્થિરતાથી ચાલી શકતો નથી; એની આંખો લાલ થઈ જાય છે; એનો અવાજ ઘેરો બની જાય છે; આગળ-પાછળનું એને સ્મરણ રહેતું નથી; પુછાએલા પ્રશ્નના એ તુરત જવાબ આપી શકતો નથી; એની નાડી ઝડપથી ચાલે છે; એની આંખની કીકી ત્વરાથી સંકોચાઇ શકતી નથી. થોડા વખતમાં એ ઊંઘી જાય છે, યા બેભાન બની જાય છે; ક્યારેક મરી પણ જાય છે. પીધેલા માણસના ઉચ્છ્વાસમાં દારૂની તીવ્ર વાસ આવે છે; પણ જો દારૂ પીધેલો ગુનેગાર પકડાતાં થોડો સમય વીતી જાય તો એણે દારૂ પીધો છે કે નહિ તે નક્કી કરવા માટે તેની પાસે એક ફુગ્ગો ફુલાવડાવવામાં આવે છે અને એ રીતે એના ઉચ્છ્વાસને એકઠો કરવામાં આવે છે. પછી પોટાશિયમ પરમૅંગેનેટને તેજાબયુક્ત બનાવી તેના પર એ હવાને છોડવામાં આવે તો એનો રંગ તુરત ઊડી જાય છે, ને એ રીતે નક્કી થાય છે કે એણે દારૂ પીધો છે. પરંતુ જો દારૂ પીધાને વધુ વખત થઈ ગયો હોય તો પછી એના લોહીમાંથી જ દારૂનું પ્રમાણ જાણવું જરૂરી બને છે. કાયદેસર કામ ચલાવવા માટે તો આ લોહીનો રીપોર્ટ જ ઉપયોગી ગણાય છે.

દારૂ પીધેલા માણસના પરીક્ષણ માટે એનું લોહી લેતી વેળા ચામડી પર સ્પિરિટ ન ચોપડતાં મર્ક્યુરિક ક્લૉરાઈડ લગાવવામાં આવે છે. લોહી જામી ન જાય એટલા સારુ એને પોટાશિયમ ઑક્ઝૅલેટના મંદ દ્રાવણ સાથે ભેળવીને રાખવામાં આવે છે.

તપાસમાં બાષ્પીભવન દ્વારા એમાં ભળેલા દારૂનું પ્રમાણ જાણી શકાય છે. આ માટે લીધેલા લોહીમાં સોડિયમ ટંગસ્ટેટ અને ગંધકનો મંદ તેજાબ દસ ટકા ઉમેરી લોહીના પ્રોટીનને નીચે બેસાડી, ઉપરનું દ્રાવણ બાષ્પીભવન માટે લેવાય છે. આમાં સામાન્ય સેન્દ્રિય પદાર્થ જરાક પણ ભળેલો હોય કે બાષ્પીભવન માટેનાં સાધનોને તે વળગેલો હોય તો પરિણામ સંતોષકારક આવતું નથી. તેથી બાષ્પીભવન થએલા દારૂનું બે વાર એક જ વખતે બાષ્પીભવન થાય તેવાં સાધનોનો ઉપયોગ થાય છે.

સામાન્ય પ્રાથમિક તપાસમાં તેને સલ્ફોમોલિબ્ડિક ઍસિડ યા પોટાશિયમ આયોડાઈડ સાથે મેળવવાથી તેનો રંગ બદલાય છે ને તેથી લોહીમાં દારૂનું પ્રમાણ કેટલું છે તે જાણી શકાય છે. દારૂબંધી ભંગ માટે આટલો પુરાવો બસ થઈ પડે છે. પણ જ્યાં દારૂબંધી નથી અને ગુનો બને છે ત્યાં તો દારૂનું પ્રમાણ બાષ્પીભવનથી જાણવું જરૂરી થઇ પડે છે. જ્યારે વધારેપડતો દારૂ પાઈને ખૂન કરવામાં આવ્યું હોય ત્યારે તેની હોજરીનું પોસ્ટમૉર્ટમ કરીને જાણી શકાય છે. અન્ય ખોરાક મુખ્યત્વે આંતરડાંમાં પચે છે, જ્યારે દારૂ હોજરીમાં પચી જાય છે. દારૂનું જલદ દ્રાવણ હોજરીમાં જલદી શોષાઈ જાય છે પણ મંદ દ્રાવણોને શોષાતાં વાર લાગે છે. તે વખતે શિરામાં દારૂનું પ્રમાણ વધારે થઈ જાય છે પણ પછી ધીમેધીમે શિરા અને ધમનીમાં તેનું પ્રમાણ સરખું થઈ જાય છે. દારૂથી થએલા મૃત્યુમાં હોજરી બળી જઇને રાતી બની જાય છે, લોહી કાળું પડી જાય છે. ફેફસાં મગજ ને હોજરીમાંથી દારૂની વાસ આવે છે. દારૂની સામાન્ય ટેવવાળા માણસને વધારે દારૂ પાઇને ખૂન કરવાના ઘણા કિસ્સા નોંધાયા છે.

મગજ ઉપર દારૂની એક અવળી અસર છે બુદ્ધિની અસ્થિરતા. અને તેને કારણે મોટર-અકસ્માત અને મારામારી તે સહજ બને છે. દારૂ પીનાર એ લતથી પોતાના ઘર-કુટુંબને બરબાદ કરીને પણ દારૂ પીતો જ રહે છે. માટે જ આપણા બંધારણના નિર્દેશક સિદ્ધાંતોમાં ૪૭મી કલમમાં ભારતમાં સંપૂર્ણ દારૂબંધી ફરમાવી છે.

મૂત્ર અને પરસેવાની તપાસમાંથી પણ શરીરમાં દારૂની હસ્તી જાણી શકાય છે. પણ તે તો દારૂ પીધાનું પ્રમાણ ખૂબ વધારે હોય અને લોહી લેવું અથવા તેની તપાસ કરાવવી સુલભ ન હોય ત્યારે જ. કારણ કે મૂત્રના સૅમ્પલને લાંબો વખત સાચવી શકાય છે. હા, ઇન્સ્યુલિન અને અમુક દવા લેનાર, દારૂ તેમજ દારૂના ઉપયોગવાળા ઉદ્યોગોમાં કામ કરનાર કારીગરના લોહીમાં દારૂની હસ્તી હોવાની રાસાયણિક પ્રક્રિયા દેખાય છે, પણ તેથી કુશળ ગુનાશોધક દોરવાઈ જતો નથી.

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ સને ૧૯૬૬ માટે પ્રો. ચંદ્રકાન્ત મહેતા (૨/૫૨, રૂપનગર, દિલ્હી-૭)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનંતી છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં વાર તેમને મોકલીને આભારી કરશો.

છઠ્ઠી રાષ્ટ્રીય શતરંજ ટુર્નામેન્ટ

મદ્રાસમાં તા. ૧૨ થી ૨૭ ફેબ્રુઆરી સુધી છઠ્ઠી રાષ્ટ્રીય શતરંજ ટુર્નામેન્ટ રમાઈ હતી. તેમાં ભારતભરમાંથી ૫૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ ૧૪ રાઉન્ડવાળી સ્વિસ પદ્ધતિથી રમાઇ હતી. મહારાષ્ટ્રના શ્રી રૂસી માદને ૧૪માંથી૧૦½પોઇન્ટ મેળવી પહેલું ઈનામ અને 'મીલન્ડ કીલ્મે સુવર્ણ પદક' મેળવ્યા.


શ્રી રૂસી માદન

ગુજરાતમાંથી સર્વશ્રી સુરેશ દવે, પ્રફુલ્લ ભટ્ટ, એસ. એસ. કૌન્તુર અને ઈન્દ્રવદન મોદીને ચૂંટવામાં આવેલા; પણ શ્રી સુરેશ દવેને નોકરીમાંથી રજા ન મળી આવા ઘણા આશાસ્પદ ખેલાડીને જોઈતું પ્રોત્સાહન તો બાજુએ રહ્યું, પણ ટુર્નામેન્ટમાં ભાગ લેવાની સગવડ પણ ન મળે તે ગુજરાત માટે અને ભારતમાં શતરંજની પ્રગતિ માટે ખેદજનક છે. તેમને બદલે શ્રી એચ. ડી. ચીતલેને રાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં પ્રથમ વખત રમવાની તક સાંપડી.

આ વખતની ટુર્નામેન્ટ અગાઉની બધી ટુર્નામેન્ટ કરતાં વધુ રસાકસીભરી હતી. ૧૯૬૧માં શ્રી એરોન છેલ્લે સુધી મોખરે રહીને જીત્યા હતા. ૧૯૬૩માં ફારૂક અલી પણ અર્ધી ટુર્નામેન્ટ પછી બાકી બધા કરતાં ઘણા આગળ વધી ગયા હતા. પણ આ વખતે તેવું નહોતું. મોખરે રહેતા ખેલાડીઓ ફરતા રહેતા હતા. શ્રી માદન ૧૨મા રાઉન્ડ પછી જ મોખરે આવ્યા હતા. આ છેલ્લું રાઉન્ડ શરૂ થયું ત્યારે માદનના ૧૦, સપ્રેના ૯½, અને રંગારાવ, એરોન અને ફારૂક અલીના ૯ પૉઇન્ટ હતા. માદન અને રંગારાવને રમવાનું હતું. જો રંગારાવ માદનને હરાવે, સપ્રે અને શાલિગ્રામની રમત ડ્રૉમાં જાય અને એરોન તથા ફારૂક અલી પોતપોતાની રમત જીતી જાય તો પહેલા ઈનામ માટે પાંચ જણ—માદન, રંગારાવ, એરોન, સપ્રે અને ફારૂક અલી (બધાના ૧૦ પોઇન્ટ)—વચ્ચે રસાકસી થાય આમાંથી કઈ પણ અસંભવિત ન હતું. અને જો તેમ બને તો કાર્યકર્તાઓનું કામ ઘણું અઘરું બની જાત. માદન એક પ્યાદું ઓછું હોવા છતાં રંગારાવ સામે બહુ જ સુંદર રમત રમી ડ્રૉ મેળવીને વિજેતા થયા. ૧૦ પૉઇન્ટ મેળવીને ભારતના એક માત્ર ઇન્ટરનૅશનલ માસ્ટર મેન્યુઅલ એરોને બીજું ઇનામ મેળવ્યું. રામચંદ્ર સપ્રે, ફારૂક અલી અને રંગારાવ ત્રણેને ૯½ પૉઇન્ટ મળ્યા. એસ. બી. સ્કૉર પ્રમાણે તેઓને અનુક્રમે ત્રીજું, ચોથું અને પાંચમું ઈનામ મળ્યું છે. મહારાષ્ટ્રના સુરેશ શાલિગ્રામ અને શ્રીકૃષ્ણ સાખળકર તથા આંધ્રના કામેશ્વરરાવ ૯ પૉઇન્ટ મેળવીને અનુક્રમે છઠ્ઠા સાતમા અને આઠમા આવ્યા હતા.

માત્ર અઠ્ઠાવીસ વર્ષના રૂસી માદન ૧૯૫૩માં જ શતરંજ રમતા શીખેલા. ૧૯૫૪માં દાદર ચેસ સર્કલમાં જોડાયા અને બે જ વર્ષમાં તે કલબના ચેમ્પીઅન થયા. અત્યાર સુધીમાં તેઓ આઠ વખત એ કલબના ચેમ્પીઅન થયા છે. માદન બી. કૉમ. છે અને છેલ્લાં છએક વર્ષથી 'ગોદરેજ'માં કામ કરી રહ્યા છે.

૧૯૫૭માં મુંબાઇની આંતર-કૉલેજ હરીફાઇમાં પહેલી જ વખત ભાગ લઇને તેઓ તેમાં પ્રથમ આવેલા. ૧૯૫૮માં ૨૦ વર્ષની નાની વયે મુંબાઇ રાજ્યની ટુર્નામેન્ટમાં તે વખતના રાષ્ટ્રીય ચેમ્પીઅન રામદાસ ગુપ્તાની સાથે તેઓ પહેલા ઈનામના ભાગીદાર બન્યા હતા. ૧૯૫૯-'૬૦માં 'યુથ્સ ઓન યુનિયન' તરફથી રમાતી 'ઑલ પારસી ટુર્નામેન્ટ'ના વિજેતા બન્યા હતા.

પાંચમી રાષ્ટ્રીય ટુર્નામેન્ટ (૧૯૬૩)માં તેમને પાંચમું ઈનામ મળ્યું હતું. તેલ અવીવ (ઇઝરાએલ)માં આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ(૧૯૬૪)માં તેઓ ભારત તરફથી રમ્યા હતા. તેમની શૈલી 'કૉમ્બિનેટિવ'અને'ઍટેકિંગ' છે.

સાધારણ રીતે જ્યારે સામે સારો ખેલાડી હોય ત્યારે સહીસલામતીને ધ્યાનમાં રાખીને હારવા કરતાં ડ્રૉ મેળવવી સારી એમ માનીને ઘણા ખેલાડીઓ સંરક્ષણાત્મક રીતે રમવાનું પસંદ કરે છે, પણ રૂસી માદન, ૧૯૫૯ અને ૧૯૬૧ના ચેમ્પીઅન એરોન અને ૧૯૬૩ના ચેમ્પીઅન ફારૂક અલી સામે જે રીતે રમ્યા તે તેમની ઍટેકિંગ શૈલીની સાબિતી છે. તેમની ફારૂક અલી સામેની એ રમત આપણે જોઈશું. ૧૨મા રાઉન્ડમાં રમાએલી એ રમત ટુર્નામેન્ટમાં વિજેતા થવા માટે ઘણી કટોકટીભરી હતી.

સુરેશ મોદી

ટિકિટ સંગ્રહ





નવમી સદીના તમિળ કવિ કમ્બરના માનમાં ૫ એપ્રિલે અને ડૉ. ભીમરાવ આંબેડકરના માનમાં ૧૪ એપ્રિલે ભારતે બહાર પાડેલી ૧૫ પૈસાની બે ખાસ ટપાલ-ટિકિટો. (પ્રેષક: રજનીકાન્ત વોરા—અમદાવાદ) ◖ નીચે: પૂર્વ આફ્રિકાની ચાર ખાસ ટિકિટો. પ્રવાસાને ઉત્તેજવા માટે એ બહાર પાડેલી છે. તેમાં (ડાબી બાજુથી અનુક્રમે) પૂર્વ આફ્રિકાના જંગલ વિસ્તારનો એક લાક્ષણિક ઉતારો, યુગાન્ડાનો મર્ચિસન ધોધ, કીન્યાના નાકુરુ સરોવર પર ફ્લૅમિંગો પક્ષીઓ અને ટાન્ઝાનિયાની દરિયાઈ મચ્છીમારીનાં આલેખન આપ્યાં છે. (પ્રેષક: હસમુખ શાહ—નાકુરુ અને આર. એ અમીન—કમ્પાલા).

ટેકનીકલ કારણોસર રંગીન ટિકિટોમાં ભૂલ ગઈ છે તે હવે પછીના આ અંકમાં અન્યત્ર.




કલાવાર્તા

ગુજરાત રાજ્ય કલાપ્રદર્શન

ગુજરાતની લલિતકલા અકાદમી તરફથી રાજ્યનું છઠ્ઠું કલાપ્રદર્શન ગયા માસ (માર્ચ)ની ૨૦મીથી ૨૮મી સુધી અમદાવાદમાં ભરાયું. અકાદમીએ રાજ્યમાં કલાની પ્રતિષ્ઠા વધારવાની યોજનાઓ કરી છે તે પૈકીની એક આગળપડતી પ્રવૃત્તિ તે રાજ્યનાં જુદાંજુદાં શહેરોમાં વર્ષોવર્ષ આવાં પ્રદર્શનો ભરવાની છે.

એથી રાજ્યમાંના પ્રૌઢ તથા ઊગતા કલાકારોને આગળ આવવાને એક જાહેર ક્ષેત્ર મળે છે અને તેમાં દર વર્ષે ખૂણેખૂણે કામ કરતા નાના મોટા કલાકારો તેમજ સર્જક બુદ્ધિના વિદ્યાર્થી ચિત્રકારોને પિછાનવાની તક આમજનતાને મળી રહે છે.


અન્ય યોજનાઓમાં સેમીનારો, નામનાં પામેલા કલાકારોનાં વૈયક્તિક કલા-પ્રદર્શનો (વન મૅન શો) કલાકારો તથા કલાસંસ્થાના આંતરરાજ્ય વિનિમય પ્રદર્શનો, વિકટ આર્થિક પરિસ્થિતિમાં મૂકાએલા અને શારીરિક રીતે અશક્ત તેવા ગણનાપાત્ર કલાકારોને આર્થિક મદદ, કલાસંસ્થાઓને માન્યતા તથા નાણાકીય સહાય, અને લલિત કલાના ક્ષેત્રમાં જેઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું હોય, તેવા અગ્રગણ્ય અને ખ્યાતનામ કલાકારોનું અકાદમી તરફથી દર વર્ષે બહુમાન કરવામાં આવે છે. વધુમાં, અકાદમીએ હવે પછી સુંદર કલાકૃતિઓ ખરીદવાનું પણ નક્કી કર્યું છે. સાથે સાથે કલાકારોને તદ્દન આવશ્યક તેવા અદ્યતન સાધનોથી સુસજ્જ સ્ટૂડિયો સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું છે. કલાકારોનાં ચિત્રો પ્રદર્શિત થઈ શકે તેમજ તેનું વેચાણ થઈ શકે તે માટે આર્ટ ઍમ્પોરિયમ સ્થાપવાનું પણ વિચારવામાં આવ્યું છે.



શ્રી બેન્દ્રેનું બહુમાન કરતા ગુજરાતના રાજ્યપાલ શ્રી નિત્યાનંદ કાનુનગો. વચ્ચે રાજ્યનાં શિક્ષણ-પ્રધાન શ્રી ઈન્દુમતિબેન છે.



રાજ્ય કલાપ્રદર્શનમાંની બે શિલ્પકૃતિઓ. ઉપર: (વસ્તુલક્ષી શિલ્પ 'પોર્ટ્રેટ'): કલાકાર દત્તાત્રેય કેળકર. એમના અન્ય એક શિલ્પને રૂ. ૧૦૦૦નું પહેલું ઇનામ મળ્યું છે. જમણી બાજુ ટ્વીસ્ટર'(અર્વાચીન શિલ્પ): બિનિતકુમાર રૉય. બીજું ઈનામ રૂ. ૫૦૦



આ ઉપરાંત ગુજરાતના કલાકારોની ડિરેક્ટરી તૈયાર થાય છે. ગુજરાતમાં જૂનાં ભીંત ચિત્રોને ગ્રંથસ્થ કરવાનો પણ વિચાર ચાલે છે. કલાકારો તથા કલારસિકોના અભ્યાસ માટે સમૃદ્ધ કલાગ્રંથાલય સાથેનો એક અભ્યાસખંડ પણ ખોલવાની યોજના છે.

આ વર્ષના પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે અકાદમી તરફથી વડોદરા યુનિવર્સિટીના લલિતકલા વિદ્યાલયના અધ્યક્ષ (ડીન) શ્રી નારાયણરાવ બેન્દ્રેનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેમણે જીવનભર ઉચ્ચ પ્રકારની કલાસાધના કરી છે તથા ગુજરાતને પોતાની સેવા આપી ઉત્તમ યુવાન કલાકારો તૈયાર કર્યા છે એ શ્રી બેન્દ્રેનો પરિચય 'કુમાર'ના વાચકો તો આજથી વર્ષ પહેલાં કરી ચૂક્યા છે. આવતા અંકમાં એમની થોડી કૃતિઓ સાથે એમનો ટૂંકો પરિચય થતાં કલા વિષેના એમના વિચારો પ્રકટ કરતી એમની મુલાકાત પ્રકટ થશે.

આજના યુગમાં કલાજગતમાં પરંપરાઓની રૂઢિબદ્ધતા સામે એક વંટોળ ઊભો થયો છે અને વિજ્ઞાને સંકોચી નાખેલી દુનિયામાં સમીપતાના કારણે સર્વ દેશોની કલામાંથી યુવાનો પોતાની પ્રેરણા લેતા થયા છે....

પહેલાંના ચિત્રકારો બેચેન જગતમાં ચેન લાવવાનો આદર્શ સેવતા હતા; તેથી વૈદ્ય કે ડૉકટરની જેમ રોગી, દુઃખી કે સંતપ્ત જનોને

નીચે: પોસ્ટર (વ્યવહારિક કલા)
ચિત્રકાર: ઈબ્રાહીમ વલીભાઈ પટેલ







રાજ્ય કલાપ્રદર્શનમાંની ચિત્રકૃતિઓ. ઉપર: 'પેઈન્ટિંગ ન. ૩' (અર્વાચીન ચિત્રકલા): રમણિક ભાવસાર–બીજું ઈનામ રૂા. ૫૦૦. જમણી બાજુ: 'સ્ટીલ લાઈફ' (અર્વાચીન): એચ હકીમ.સરખે ભાગે પહેલું ઈનામ રૂા. ૫૦૦.

કલાની માધુરીનો ઘૂંટ પાઈ નિરાંત કે શાંતિ આપી શકતા હતા. આજે કાંઈક એવું જણાય છે કે બેચેની પ્રકટ કરવી; અને બીજાને બેચેન બનાવવામાં કલાકૃતિઓની સફળતા મનાય છે. તેનો ખુલાસો કૃતિના સર્જકો પ્રજાને આપી શકશે તો લોકોને તેમની એ કૃતિઓમાં રસ લેવાનું ફાવશે.


બીજો પ્રશ્ન એ રહે છે કે કલાને મહાલયોમાં અને માતબરોને ત્યાં જ સ્થાન કે આદર મળે એવી સ્થિતિ રહે તો તે કલાકારો તથા ધનિકોથી દૂર પડેલા મોટા માનવસમૂહને કલાનો આસ્વાદ શી રીતે પહોંચાડી શકાય! પ્રદર્શનનાં શ્રેષ્ઠ ચિત્રોનું શું થાય છે, ક્યાં જાય છે, કોને તેનો આસ્વાદ મળે છે, અગર તેનું ખર્ચ કોણ ભોગવે છે તેમજ રાષ્ટ્ર જીવનમાં કલાકૃતિઓ સંસ્કૃતિ અને પ્રગતિમાં શી રીતે ઉપકારક થાય છે, એ બધું વિચારવું પડશે. ભારતની ગરીબીને યુરોપ-અમેરિકાના ચાળા કેટલા માફક આવશે તે પરિસ્થિતિથી પ્રકટ થશે. બગીચામાં જનાર દરેક જણને એક જ પ્રકારનાં ફૂલ ગમે એવું હોતું નથી. કોઈને ગુલાબ તો કોઈને મોગરો, કોઈને સુગંધ તો કોઈને રંગની શોભા ગમે છે, એમ લોકોની રુચિ ભિન્ન હોય છે; પરંતુ એટલું ખરું કે ઉપભોક્તાઓની કક્ષા સંતોષે એવી કળા હોય ત્યારે જ વાડીની સાર્થકતા સિદ્ધ થઈ એમ કહી શકાય.

–ર. મ. રાવળ

રૂપભેદ

સંપાદન–કલાદીપ


ભારતની સરકારી કલાશાળાઓમાં સૌથી જૂની મુંબાઈની સર જમશેદજી જીજીભાઇ સ્કૂલ ઑફ આર્ટનું નામ સુપ્રસિદ્ધ છે. ઈ. ૧૮૫૬માં શરૂ થએલી આ સંસ્થાએ પશ્ચિમ ભારતમાં સૌથી અધિક વર્ષો સુધી કળાની અનેકવિધ સેવા કરી છે અને નવા યુગમાં રાષ્ટ્ર જીવનમાં કળાની સમાનતા પ્રકટાવી છે. તેના પ્રારંભમાં મુંબાઈના તે સમયના પ્રસિદ્ધ શ્રેષ્ઠી નાના શંકરશેઠ સર જમશેદજીના કળાપ્રયાસોમાં એક સાથીદાર હતા. આર્ટ સ્કૂલના ૧૦૯ વર્ષના ઈતિહાસમાં દેશી-પરદેશી કંઈક વ્યક્તિઓના અધિકાર નીચે તેની સંવૃદ્ધિ થઇને તેમાંથી લલિતકલા (ચિત્ર તેમજ પ્રતિમા) વિભાગ વ્યાવસાયિક કલા (કૉમર્શિયલ આર્ટ) વિભાગ, સ્થાપત્ય (આર્કિટેક્ચર) વિભાગ, પક્વમૃત્તિકાપાત્ર (સિરામિક્સ) વિભાગ ધંધાર્થી શિલ્પ વગેરે વિભાગો પાંગર્યા છે. સ્થાપત્ય અને વ્યાવસાયિક કલાઓનાં અલગ મકાનો અલગ અધિકાર તળે વિવિધ શાખાઓમાં વિસ્તર્યા છે. સ્થાપત્યવિભાગ ટેક્નૉલૉજીના પ્રદેશમાં મુકાયો છે ત્યારે કલાશિક્ષણની પ્રણાલિગત એકસૂત્રતા



મુદ્રણક્ષમ કલાની એક કૃતિ



એક બાલકલાકાર હિતેન્દ્ર નાયકનું ચિત્ર



ાચવવા અન્ય વિભાગોને મહારાષ્ટ્ર સરકારે ાક જ ડિરેક્ટરના અધિકારમાં મૂક્યા છે.

આ અધિકારમાં કલાક્ષેત્રે વિકસિત માનસ-ાળા અધ્યાપકો અને વિદ્યાર્થી સમૂહના વિચારો તેમજ પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડતું મુખપત્ર 'રૂપભેદ' વિદ્યાર્થી-સમૂહમાં સદ્દાચાર અને સંસ્કાર ખીલવવા સ્થપાએલા 'કલાદીપ' મંડળ તરફથી નીકળે છે. ('રૂપભેદ' નામ ભારતના પ્રાચીન 'કળાનાં ષડંગો'માંથી લેવાયું છે એમ લાગે છે.) તેના તાજા ૧૯૬૫-'૬૬ના અંકમાં જે સુસજ્જતા ભરી વાચન-સામગ્રી સંવિવાદ રૂપે વિચારવિનિમય, શિલ્પ-ચિત્ર-રચના તથા વ્યવસાયી કલાના નમૂના આદિ રજૂ થયાં છે તેમાં સંસ્થાના અધ્યાપકોની કક્ષા અને વિદ્યાર્થીઓની પ્રગતિનો આહ્લાદક અને પ્રેરક પરિચય જોવા મળે છે. મુદ્રણ-કળા સુભગ સંયોજન અને સંપાદક-મંડળની અભિરૂચિનો પ્રભાવ પ્રકટાવતા લેખો વિશેષ ધ્યાન ખેંચે છે. સિમ્પોઝિયમ (વિચાર-સંમેલન)માં કલાશિક્ષણ વિષે સૌના મનમાં ઘોળાતા પ્રશ્નો મુંબાઇના અગ્રગણ્ય કલાવિવેચકોને અને અધ્યાપકોને પૂછીને તેમના અનુભવનો સાર ખેંચવા પ્રયત્ન થયો છે.

એ પ્રશ્નાવલી અમે સાભાર અહીં ઉતારીને વાચકોને પોતાની મેળે જવાબો ગોઠવી 'રૂપભેદ'માં આવેલા જવાબો સાથે સરખાવી જોવા ભલામણ કરીએ છીએ.

પ્રશ્ન: (અ) શિક્ષણ દ્વારા આજના યુગમાં કળાની પૂર્ણ સમજ મેળવવાની જરૂર છે ખરી? (બ) શિક્ષણમાં કલા એક અગત્યનો વિષય છે એમ માનો છો? (ક) કલાથી શિક્ષણને નવો વળાંક મળે ખરો?

પ્રશ્ન ૨: બહુલક્ષી વિદ્યાલયો (મલ્ટીપર્પઝ હાઈસ્કૂલ)માં ઘણા બુદ્ધિમાન વિદ્યાર્થીઓ કળાને પ્રધાન વિષય તરીકે લેતા નથી તેનું કારણ શું? આ પરિસ્થિતિ સુધરે તે માટે કેવાં પગલાં લેવાં જોઇએ?

પ્ર ૩: પ્રણાલિકાઓનો અનાદર કર્યા વિના હાલના કલાશિક્ષણમાં આધુનિક વિચાર-ધારાઓનો પ્રભાવ સ્વીકારવામાં તમે સંમત છો?

પ્રશ્ન ૪: કલાકાર અને તેના સમાજની વચ્ચેના સંબંધો કેવા પ્રકારના હોવા જોઇએ?

પ્રશ્ન ૫: કલાના વિષયોના પરીક્ષકો હોવા જોઇએ તે બાબતમાં સંમત છો?

પ્રશ્ન ૬: કલાવિદ્યાલયોને યુનિવર્સિટીઓ સાથે સંયુક્ત (એફિલિયેટ) કરવામાં આવે તો કલાશિક્ષણનું ધોરણ ઊંચું બને ખરું?

'રૂપભેદ'માં ઉપરના સવાલોના જવાબ આપનાર વ્યક્તિઓનાં નામ છે: (૧) શ્રી કાર્લ જે. ખંડાલાવાળા (૨) ડૉ. મોતીચંદ્ર (૩) શ્રી આર. ડી. ધોપેશ્વરકર (૪) શ્રી એન. જી. પાનસરે (૫) શ્રી માધવ સાતવલેકર (૬) પ્રો. ઈ. ડી. શિરગાંવકર (૭) પ્રો. બાબુરાવ સાતવલેકર (૮) શ્રી નિસીમ ઇઝેકિયેલ, (૯) પ્રો. સંભાજી કદમ (૧૦) પ્રો. એસ. એચ. શાહાણે (૧૧) શ્રી વી.પી. કરમારકર અને છેવટે સમાપન કર્યું છે પ્રો. વી. એમ. શોલાપુરકરે.

આ ઉપરાંત પ્રો. એસ. બી. પલસીકરે 'મારા ચિત્રમાં તાંત્રિક આકૃતિઓ' નામથી અનુભવ પ્રેરિત નોંધ આપી છે. તેમણે લખ્યું છે: 'આકૃતિઓ, રંગો, અવકાશ અને સ્પર્શ-ભાન (texture) ચિત્રકારને માટે પાયાનાં તત્ત્વો છે. એ બધાં મળીને આંખ દ્વારા મનમાં સ્વરાવલી જગાડે છે. અવકાશ વિના સ્વરનો સંભવ નથી. આકૃતિ હોય ત્યારે જ અવકાશનું ભાન થાય છે; અને આકૃતિને રંગ તથા સ્પર્શ-ભાનની જરૂર પડે છે. જેઓ આ સ્થિત્યાંતરનો અનુભવ કરવાનું મનોબળ ધરાવે છે તેમને પૂર્ણ મૌનમાં સ્વરોના અનુભવ થાય છે. કોઈ પણ ભાવિ સમયે સાંસ્કૃતિક સમૃદ્ધિનું એ તળ હશે ' શ્રી પલસીકરની કલા-સાધના પણ ગહન પ્રદેશમાં વિહરે છે. તેમને ઇગ્લંડની રૉયલ સોસાએટી ઑવ આર્ટસની ફેલોશિપ મળી છે જે એક ભારતીય માટે વિરલ સમ્માન છે. વિદ્યાર્થીઓએ પણ અંગ્રેજી, હિંદી તથા મરાઠીમાં તેજસ્વી લેખો આપ્યા છે તે સાથે સંસ્થાના પારિતોષિક વિજેતાઓ અને તેમણે સર્જેલી કલાકૃતિઓનાં ચિત્રો તથા અન્ય સંસ્થા-સમાચારો આ સમય પ્રકાશનને અતિ આદરપાત્ર સંચય બનાવે છે.

—ર. મ. રાવળ



કળશ: ઈબ્રાહીમ પટેલના પોસ્ટરમાંનું આલેખન.
ડાબી બાજુ ઉપર: તાંત્રિક મુદ્રાઓના સંયોજનવાળું શ્રી પલસીકરનું 'રૂપભેદ'માંનું ચિત્ર.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : પણી, પાણિ

પૂણી જેમ રૂની, તેમ પણી ભાજીની. 'પણી' એટલે ભાજીની ઝૂડી.

પાણિનિની અષ્ટાધ્યાયીમાં 'પણ' શબ્દ નોંધાયો છે (૩,૩,૬૬). તેના પરની ટીકા કાશિકામાં 'મૂલકપણ', 'શાકપણ' એવા સમાસો સમજાવતાં કહ્યું છે કે વેપાર-વહેવારમાં શાકભાજીનો મૂઠો ભરવામાં આવે તે 'પણ'.

કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં પણનું છેદન' એટલે 'કાંડા નીચેનો હાથ કાપી નાખવો.'

તરત જ આપણને 'પાણિ' (=હાથ) શબ્દ યાદ આવશે. 'પણ' અને 'પાણિ'નો સંબંધ દેખીતો છે. 'વીણાપાણિ', 'શાર્ઙ્ગપાણિ', પિનાકપાણિ' વગેરેથી આપણે પરિચિત છીએ.

આ 'પાણિ', લૅટિનમાંથી અંગ્રેજીમાં આવેલા palm, અને અંગ્રેજી feel બધાના મૂળમાં એક જ ધાતુ છે.

ચોથો ભાગ દર્શાવતી ઊભી લીટી 'પાણ' કહેવાય છે. તેનું સ્ત્રીલિંગ જોતાં, તેના મૂળમાં આ 'પાણિ' હોવાનો સંભવ ખરો. જેમ 'અગ્નિ' ઉપરથી સ્ત્રીલિંગ 'આગ'. તેમ 'પાણિ' ઉપરથી 'પાણ' – અને જેમ 'કર્ણ' ઉપરથી 'કાનો' ('ક'ને કાનો 'કા' વાળો) વિશિષ્ટ અર્થમાં, તેમ 'પાણિ' ઉપરથી 'પાણ' વિશિષ્ટ અર્થમાં.

હરિવલ્લભ ભાયાણી

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ-૯

કેન્દ્રીય બૅંકિંગ: એમ. એચ. દ કૉકના 'સેન્ટ્રલ બૅંકિંગ'નો અનુવાદ : કરનાર જ. હી. અધ્વર્યુ. રીડર અર્થશાસ્ત્ર વિભાગ, વલ્લભભાઈ વિદ્યાપીઠ; ભારત સરકાર પુરસ્કૃત પ્રકાશન, પૃ ૪૦૭, કિં. રૂ. ૭–૫૦.

Atman and Moksa (આત્મન્ ઍન્ડ મોક્ષ) લેખક: ડૉ. જી. એન. જોશી, (પ્રોફેસર ઍન્ડ હેડ આવ ધ ડિપાર્ટમેન્ટ ઑવ ફિલૉસૉફી, ફર્ગ્યુસન કૉલેજ, પૂના) થીસીઝ પબ્લિકેશન સીરીઝ-૧; પૃ. ૮૯૮, કિં. રૂ. ૧૦.

જીવાણુઓ પર વિજય: લેખક: ડૉ. નરસિંહ મૂ. શાહ, લોકભોગ્ય પ્રકાશન શ્રેણી-૧; પૃ. ૯૧, કિં. રૂ. ૧-૫૦.

રાજ્યબંધારણના કાયદાનો પરિચય મૂળ એ. વી. ડાઇસીના 'ઇન્ટ્રોડક્શન ટુ ધ સ્ટડી ઑવ ધ લૉ ઑવ ધ કૉન્સ્ટિટ્યૂશન' પરથી અનુવાદક: પ્રો. ગિરીશ છો. પટેલ, આચાર્ય ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ; પૃ. ૬૨૫, પાકું પૂઠું. રૂ. [illegible]



વોરા ઍન્ડ કં. પબ્લિશર્સ પ્રા. લિ.
રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબાઇ-૨

આર્થિક ઉત્ક્રાંતિનાં સોપાન: ડબ્લ્યુ. ડબ્લ્યુ. રૉસ્ટૉવના મૂળ 'સ્ટેઈજિઝ ઑવ ઈકૉનૉમિક ગ્રોથ' ઉપરથી અનુવાદક: હૃષીકેશ પાઠક; પૃ. ૨૫૨, રૂ. ૨-૫૦

શોધખોળનો જાદુગર: આઈ. ઈ લેવિનના મૂળ 'ઇન્વેન્ટિવ વિઝાર્ડ: જ્યૉર્જ વેસ્ટિંગહાઉસ' ઉપરથી ઉતારેલું ચરિત્ર; અનુવાદક: પી. જે. પટેલ, પૃ. ૨૩૯, રૂ. ૩.

આગેકૂચનો અવસર: લિન્ડન બી. જૉન્સનના 'એ ટાઈમ ફૉર ઍક્શન' નામનાં પ્રવચનો ને લેખોના સંગ્રહ ઉપરથી અનુવાદક: વાસુદેવ મહેતા, પૃ. ૧૬૦, પાકું પૂઠું, રૂ. ૨.

હવામાન: ઈવાન રે ટૅનહિલના 'ઑલ અબાઉટ ધ વેધર' ઉપરથી અનુવાદક-બંસીધર ગાંધી, પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂ. ૩.

દરિયાઈ બાજ: ફ્રૅન્ક જી. રૉબર્ટસનના મૂળ ઉપરથી અનુવાદક: વિમળા સેલવાડ, પૃ. ૧૫૬, રૂ. ૨-૫૦.

વિધિનાં વહેણ વાળવા: જૉન એફ. કેનેડીના મૂળ 'ટુ ટર્ન ધ ટાઈડ' ઉપરથી અનુવાદક: હરિન શાહ, પૃ. ૨૧૧, પાકું પૂઠું રૂ. ૩.

અમેરિકાના સાહિત્યનો ઇતિહાસ: માર્કસ કનલિફના મૂળ 'ધ લિટરેચર ઑવ ધ યુનાઇટેડ સ્ટેઈટ્સ' ઉપરથી અનુવાદક: સુરેશ જોષી, પૃ. ૪૯૨, પાકું પૂઠું, રૂ ૬.

નાનસેન: ઉત્તરધ્રુવના હિમપ્રદેશનો પગપાળા પ્રવાસ કરનાર પ્રથમ ધ્રુવયાત્રીનું ચરિત્ર, લોકસેવક ચરિત્રમાળાનું ૭મું પુસ્તક; લેખક ઇશ્વરભાઈ પટેલ, પૃ. ૪૭, રૂ. ૧

મહાપ્રસ્થાન: ઉમાશંકર જોષીની સાત પદ્યનાટિકાઓ. પાકું પૂઠું. પૃ. ૧૧૦, રૂ. ૩ ૫૦.

સમસંવેદન: ઉમાશંકર જોષીના અગિયાર નિબંધો. પાકું પૂઠું. પૃ. ૨૩૬, રૂ. ૫ ૦૦.

સવાયાં થાય સુખ: હરિલાલ ઉપાધ્યાયની એક સામાજિક નવલકથા. પાકું પૂઠું, પૃ. ૩૪૮, રૂ. ૬ ૫૦.

એક મ્યાન બે તલવાર: નાનકસિંહની સરકાર-પુરસ્કૃત એક શ્રેષ્ઠ પંજાબી નવલકથાનો અનુવાદ. કરનાર: પ્રભાતસિંહ ઇનામદાર; પાકું પૂઠું, પૃ. ૩૮૦, રૂ. ૬-૫૦.

લાગ્યો કસુંબીનો રંગ અને સતનો દીવો: પીતાંબર પટેલની બે નવલકથાઓના સંક્ષેપ; પૃ. અનુક્રમે ૧૨૫ અને ૧૨૪; કિં. અનુક્રમે રૂ. ૨ ૫૦ અને રૂ. ૨-૦૦.

જ્વાળામુખી અને ધરતીકંપ: મૂળ ફ્રેડરિક એચ. પાઉના અંગ્રેજી પરથી વિજયગુપ્ત મોર્યે કરેલો અનુવાદ–સચિત્ર; સર્વજ્ઞાનમાળા-૫; પાકું પૂઠું. પૃ. ૧૩૬, રૂ. ૩ ૦૦.

સાગરપેટાળની ખોજ: મૂળ રૂથ બ્રિન્ઝીના અંગ્રેજી પરથી જશભાઈ પટેલે કરેલો અનુવાદ–સચિત્ર; સર્વજ્ઞાનમાળા-૬; પાકું પૂઠું, પૃ. ૧૩૪, રૂ. ૩ ૦૦.

ચીનમાં શિક્ષણ: કે. ઈ. પ્રીસ્ટલીના મૂળ 'ઍડ્યુકેશન ઈન ચાઈના' પરથી જયન્તી શુક્લે કરેલો અનુવાદ; પૃ. ૭૯, રૂ. ૧-૦૦.

અમેરિકામાં કેળવણી: હેન્રી ચૅાન્સીના 'ટૉક્સ ઑન એડ્યુકેશન' નામક એક વાર્તાલાપમાળાનો અનુવાદ–કરનાર: ઈશ્વરભાઈ પટેલ; પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૩-૦૦.

અમેરિકી પ્રમુખના નિર્ણયો: વ્હાઈટ હાઉસમાં નિર્ણય કેમ લેવાય છે એ દર્શાવતા મૂળ થીઑડૉર સી સોરેન્સનના મૂળ અંગ્રેજી પુસ્તકનો હીરાબેન ભોજાણીએ કરેલો અનુવાદ; પૃ. ૮૦, રૂ. ૧ ૫૦.

આર્થિક વિકાસ: જૉન કેનેથ ગૅલબ્રેથના મૂળ અંગ્રેજી 'ઇકૉનૉમિક ડેવેલપમેન્ટ'નો ઠાકોર મિસ્ત્રીએ કરેલો અનુવાદ; પૃ. ૧૦૪, રૂ ૧-૫૦.

ઉદારમતવાદીનું આત્મદર્શન: ચેસ્ટર બૉલ્સના લેખો અને નિબંધોના 'ધ કૉન્સાયન્સ ઑવ એ લિબરલ' નામક મૂળ અંગ્રેજી સંપાદનનો નગીનદાસ સંઘવીએ કરેલો અનુવાદ; પાકું પૂઠું, પૃ. ૫૧૦, રૂ. ૪-૦૦.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



જ્યોતીન્દ્ર હ. દવે

૧) નવ રસમાં ઉત્તમ રસ કયો?

એ નક્કી કરવું મુશ્કેલ છે. બધા રસ પોતપોતાને સ્થાને શોભે છે. શૃંગાર રસ આકર્ષે છે, વીર રસ ઉત્તેજે છે, કરુણ રસ પીગળાવે છે ને હાસ્ય રસ વિકસિત કરે છે. જીવનમાં આ સર્વેની જરૂર છે, એટલે બધા મુખ્ય રસો મનુષ્યને અલૌકિક આનંદ આપે છે; પણ હાસ્ય તો આનંદરૂપે જ છે. એટલે એ સૌમાં શ્રેષ્ઠ હોય કે ન હોય પણ સૌથી વધુ લોકપ્રિય તો છે જ.

૨) આપે ખરેખર કાવ્યો રચ્યાં છે?


રચ્યાં છે, ખરેખર રચ્યાં છે, પણ તે ખરેખર કાવ્ય છે કે નહિ એ વિષે મતભેદ છે. પહેલું કાવ્ય મારી તે વખતે જીવતી મા મરી ગએલી છે એમ માનીને શોક-પ્રશસ્તિ' તરીકે લખેલું; પણ એનો કરુણ રસ મારી માતાને સમજાયો નહિ, એટલે પછી માતા વહાલી કે કવિતા વહાલી એ વિમાસણ ઊભી થતાં માતાને ખાતર કવિતા છોડી.

૩) સાહિત્ય એટલે?

મનુષ્યના ભાવ, ભાવના, વિચાર આદિને લક્ષ્ય કરીને રચાએલી વિશિષ્ટ વાઙ્મય-રચના.

૪) જિંદગી એટલે?

ઘોડિયાથી સ્મશાન સુધીનો પ્રવાસ. બંને અંતિમ બિંદુએ આપણો ભાર બીજા ઊંચકે છે, પણ વચગાળામાં આપણે પોતે આપણો ભાર ઊંચકવો પડે છે.



પાતાળનો પ્રવાસ: જુલે વર્નની એક વિખ્યાત સાહસકથાનો શ્રીકાન્ત ત્રિવેદીએ કરેલો અનુવાદ. પૃ. ૧૩૨, રૂ. ૨.૦૦.

બાલગોવિંદ કુબેરદાસની કંપની
ગાંધીમાર્ગ, અમદાવાદ-૧

અશાબ્દિક બુદ્ધિમાપન કસોટી તથા તેની **નિર્દેશિકા:** લેખક: ડૉ. ગુણવંત બી. શાહ અનુક્રમે ૭૫ પૈસા અને રૂ. ૧.૫૦.

તારા અને ગ્રહો: લેખક: છોટુભાઈ સુથાર, 'કુમાર'ના કદનાં ૪૪ સચિત્ર પૃષ્ઠ, કાડૅબોર્ડનું પૂઠું. રૂ. ૨.

Techniques of Teaching English: by R. S. Trivedi and D. A. Ghanchi. પૃ. ૩૯૦, પાકું પૂઠું, રૂ. ૧૫.

Community Resources In General Science. An experimental project undertaken by J. J. Patel, Edited by R S. Trivedi. પૃ.૧૧૬, પાકું પૂઠું, કિં. ૬.૨૫.

ફિલસૂફને પૂછો: લેખક: ચિનુભાઇ ભોગીલાલ પટવા. પૃ. ૨૩૮, પાકું પૂઠું, રૂ. ૪.

રાષ્ટ્રીય આયોજન: (ભાગ-૧: આયોજન અને રાજકોષીય નીતિ તથા ભાગ ૨: વિદેશોમાં આયોજન: સિદ્ધાંત અને વ્યવહાર) લોકભારતી ગ્રંથમાળા પુસ્તક ૯ અને ૧૦. પૃષ્ઠ અનુક્રમે ૧૪૮ અને ૯૨ કિં. અનુક્રમે રૂ. ૨-૨૫ અને ૩.

સહકારી ખેતી કે ખેતીમાં સહકાર: લે. મૃદુલા કોઠારી, લોકભારતી ગ્રંથમાળા પુ. ૧૧મું પૃ. ૯૦, રૂ. ૧-૫૦.

વનસ્પતિનું વિજ્ઞાન: દેવીપ્રસાદ ચટ્ટોપાધ્યાયના મૂળ બંગાળી ઉપરથી અનુવાદક: સુભદ્રા ગાંધી, પૃ. ૧૦૨, રૂ. ૨.

માનવીની મનોસૃષ્ટિ: લેખક-અનુવાદક: ઉપર મુજબ, પૃ. ૧૦૦, રૂ. ૨.

સમરાંગણનાં શસ્ત્રો: લેખક: યશવંત મહેતા, પૃ. ૫૬, રૂ. ૧.

ગાંધી જીવનદર્શન: સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ પ્રકાશન-૧. વિવિધ વ્યક્તિવિશેષોએ આલેખેલા પ્રસંગો. પૃ. ૧૨૪, રૂ. ૨-૨૫.

હિંદુ ધર્મમાં મધ્યમ માર્ગ: ડોલરભાઇ માંકડનાં ત્રણ વ્યાખ્યાનો. લોકભારતી ગ્રંથમાળા-પુ. ૧૦મું. પૃ. ૮૮, રૂ. ૧.૭૫,

સમાજ નવનિર્માણ (ગ્રામ નવનિર્માણ) લેખકો: નવલભાઈ શાહ અને મનુભાઇ પંડિત. પૃ. ૧૧૨, રૂ. ૨.

શિક્ષણદર્શન (૧): લેખકો: સુમનરાય ત્રિપાઠી અને ભોળીદાસ પટેલ. પ્રાથમિક શાળાના પહેલા ધોરણના શિક્ષકોને માર્ગદર્શક પુસ્તક. પૃ. ૧૪૪, રૂ. ૩-૨૫.

સાજા રહીશું: શરીર-સાચવણી માટેનાં બોધક કથિતો. લેખક: પ્રભુલાલ ગ્રોળકિયા. પૃ. ૩૨, ૫૦ પૈસા.

આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

અવલોકના: ગદ્ય તથા પદ્યનાં અવલોકનોનો સંગ્રહ, કર્તા સુન્દરમ્. પૃ. ૫૬૬, પાકું પૂઠું, રૂ. ૧૧.૫૦.

સંવનનકાળ: વેવિશાળથી લગ્ન સુધીના પંથના વિવિધ પ્રશ્નોની છણાવટ કરતા ઈશ્વર પેટલીકરના ૪૨ માર્ગદર્શક લેખોનો સંગ્રહ, પાકું પૂઠું. પૃ. ૩૪૩, રૂ. ૭.૨૫.

સુગરા મળજો લાખ: જેસલ તોરલના જીવનપટ પર ગૂંથેલી ગુણવંતરાય આચાર્યની નવલકથા. પાકું પૂઠું. પૃ. ૪૫૨ રૂ. ૯-૨૫.

શિક્ષણ અને સંસ્કાર: સ્વ. રમણલાલ વ. દેસાઈના લેખોનો એક વધુ સંગ્રહ. પાકું પૂઠું. પૃ. ૨૩૭, રૂ. ૫.૨૫.

સુરભિ: પન્નાલાલ પટેલની નવલકથાનો સંક્ષેપ. પૃ. ૧૦૭, કિં. ૨-૦૦.

બાલરંજનમાળા: લેખક: શ્રીકાન્તત્રિવેદી. ૪૦ પાનાંની એક, એવી વીસ પુસ્તિકાઓ: સોનારૂપાનાં પગલાં, સાત કરોડનું દાન, દોઢડાહ્યાનો દેશ, કમાણીમાં પથરા, સૌથી મોટી ગપ, ગુજરાતનું ગૌરવ: કરામતી કાણિયો, જિંદગીનો ખેલ, અક્કલના દાણા, બહેનને ખાતર, બાપને ખાતર, કુબેરનો ભંડાર, ચાતુરીની જીત, મોઘું બલિદાન, સોનાનું કમળ, સોનેરી પંખી, મરણિયા વીર, સોનાનો ચરુ, સાચો ન્યાય અને પવનપાવડીમાં: સચિત્ર બાળવાર્તાઓ. પૂરા સેટના રૂ. ૧૫. છૂટક કિં. દરેકના ૭૫ પૈસા.

સુબોધ ગ્રંથાવલિ: ઉપર મુજબ જ પ્રેરક બાળવાર્તાઓનો, ૫૬ પાનાની એક એવી દસ પુસ્તિકાઓ (ઈચ્છા અને પ્રયત્ન, શ્રાપ અને આશિષ ('શાપ' જોઈએ), બુદ્ધિની કસોટી, સત્ય અને ટેક, કળ અને બળ, સાચો સ્વમાની, આગનો જાદુ, પાપનું મૂળ, સુખનું મૂળ અને સાચી હોળી)નો સેટ. લેખક: જીવરામ જોષી. પૂરા સેટની રૂ. ૧૦, છૂટક રૂ. ૧.૦૦.



સુમન પ્રકાશન
૮૬, ડામરગલી, મુંબઈ-૯.

રૂપે-રંગે રૂડી : જયંત વસાની સત્તર નવલિકાઓ. પાકું પૂઠું, પૃ. ૨૩૪, રૂ. ૫-૫૦.

કોયલનો રંગ : મનસુખલાલ ઝવેરીનાં બાર એકાંકીઓનો સંગ્રહ, પાકું પૂઠું, પૃ. ૨૧૮, રૂ. ૫ ૦૦.

નજરાણું : સિત્તેર જેટલા ગુજરાતી શાયરોનાં મુક્તકોનો સંગ્રહ. કરનાર : જમિયત પંડ્યા -'જિગર'. પાકુંપૂઠું પૃ. ૨૬૪, રૂ. ૫-૨૫.

સ્મૃતિ પ્રકાશન
વિરાર, વે. રેલ્વે (મુંબઇ).

વેરનાં વળામણાં : મૂળચંદ મોદીની એક સામાજિક નવલકથા. પાકું પૂઠું, પૃ. ૨૭૦, રૂ. ૬-૦૦.

વાત વિજોગની : નવલકિશોર વ્યાસની સૌરાષ્ટ્રના ગ્રામજીવનની એક નવલકથા. પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૫-૨૫.

સ્મૃતિ : દુષ્યંત શકુંતલાની કથા પરથી રચેલી નવલકથા. લેખક : યોગેશ્વર. પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૫-૫૦.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ.

પ્રાચીન કાવ્યમંજરી : મધ્યકાલીન કવિતાનું ચયન. સંપાદક : જેઠાલાલ ત્રિવેદી. પાકું પૂઠું. પૃ. ૪૨૪, રૂ. ૧૪-૦૦.

'જય સોમનાથ'ની સમીક્ષા : કરનાર : ડૉ. બિપિન ઝવેરી, પૃ. ૬૮, રૂ. ૧-૪૦.

ઇતિહાસની તેજમૂર્તિઓ : સ્વ. 'ધૂમકેતુ'ની ઐતિહાસિક પ્રસંગકથાઓનો સંગ્રહ. પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૩-૦૦.

નંદા : મગનલાલ બ્રહ્મભટ્ટની એક નવલકથા. પાકું પૂઠું, પૃ: ૩૬૪, રૂ. ૭ ૫૦.

ધૂમકેતુ'ના જીવનઘડતરની વાતો : , ૨ ને ૩. એમના જ પુત્ર દક્ષિણકુમાર અને પુત્રી ઉષા જોષીએ લખેલાં 'ધૂમકેતુ'ના જીવનનાં કેટલાંક સ્મરણોની પુસ્તિકાઓ. પૃ. ૩૬, ૪૬ ને ૪૮ કિં. અનુક્રમે ૫૦ પૈસા અને ૬૦ પૈસા.

દીવો એ મારા દેશનો : ગાંધીજીના અવસાન સમયના કાળને આવરી લેતું ઇન્દ્ર વસાવડાનું એક ત્રિઅંકી નાટક. પૃ. ૪૮, ૭૫ પૈસા.

વતન, તારાં રતન ! કુમારપાળ દેસાઇએ લખેલા કેટલાક પ્રેરક પરિચયોની સચિત્ર પુસ્તિકા. પૃ ૬૦, રૂ. ૧-૦૦.

મહાન વૈજ્ઞાનિકો (ખંડ ૬): ભારતીય વૈજ્ઞાનિકોના પરિચય. લેખક : નરસિંહ મૂ. શાહ. પૃ. ૯૨, રૂ. ૧-૫૦.

સાબદા થાવ ! કચ્છની ધરતી પરના પાકિસ્તાની આક્રમણને સાંકળતી બે અંકની નાટિકા. લેખક–જશવંત ઠાકર, પૃ. ૩૪, રૂ. ૧.

તિબેટની ભીતરમાં : મૂળ હેનરિક હેરરે લખેલી, તિબેટની રહસ્ય ભૂમિમાં સાત વરસ ગાળનારા બે બહાદુરોની સત્યકથાનો અનુવાદ. કરનાર : મહેન્દ્ર મેઘાણી, પાકું પૂઠું, પૃ. ૨૦૬, રૂ. ૩ ૦૦.

પાનખર અને વસંત : સ્ત્રીજીવનના કારુણ્યને પ્રકટ કરતી કેટલીક કથાઓ. સત્યવતી શાહ. પાકું પૂઠું. પૃ. ૧૮૧, રૂ. ૩-૫૦.

કંચન અને કામિની : જયભિખ્ખુની બાર વાર્તાઓ. પાકું પૂઠું, પૃ. ૨૫૫, રૂ. ૫-૦૦.

'બનફૂલ'ની ફોરમ : બંગાળી સાહિત્યના ખ્યાતનામ વાર્તાકાર 'બનફૂલ'ની વાર્તાઓનાં ચંદ્રકાન્ત મહેતા અને સુરેશ જોષીએ કરેલાં રૂપાંતર. પાકું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૨ ૫૦.

સ્વાતિ પ્રકાશન
૨૨૬, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૩.

ધુમ્મસ : મોહમ્મદ માંકડની 'માનવીની મૂંઘળી, ધુમ્મસભરી અંત વિનાની એક કથા.' પાકું પૂઠું, પૃ. ૩૨૨, રૂ. ૭-૦૦.

એક અને એક : ચંદ્રકાન્ત બક્ષીની એક નવી નવલકથા. પાકું પૂઠું, પૃ. ૨૬૭, રૂ. ૬-૦૦.

છિન્ન પત્ર : લે૦: સુરેશ જોષી. 'એક લખવા ધારેલી નવલકથાનો મુસદ્દો.' પૃ. ૮૬, રૂ. ૨.

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય
ભદ્ર પાસે, અમદાવાદ-૧

તત્ત્વચિંતન અથવા નિત્યપાઠ શિક્ષાપત્રી. મહાત્મા જેમ્સ ઍલન કૃત 'મેડિટેશન્સ'નું ભાષાન્તર, કરનાર : સ્વ. વૈકુંઠલાલ ઠાકોર, પાકું પૂઠું, પૃ. ૩૭૪, રૂ. ૩ ૦૦.

સંધ્યા-પદ્ધતિ : તર્પણવિધિ, દેવપૂજન, બલિવૈશ્વદેવ સહિત. સંગ્રાહક વૈદ્ય કન્હૈયાલાલ ભેડા. અનુવાદક : જનાર્દન ના. પ્રભાસ્કર. પૃ ૮૫ ૫૦ પૈસા.

પ્રાચીન કાળનો વિશ્વ-ઇતિહાસ : મૂળ ડૉ. જ્વાલાપ્રસાદ સિંઘાલના પુસ્તક પરથી કરેલો અનુવાદ. કરનાર : નાનુભાઇ દવે. પૃ. ૨૧૩, બે અભ્યસનીય નકશા સાથે. રૂ. ૨ ૦૦.

રસાયન : ઔષધોનો પરિચય. આયુર્વેદ નિબંધમાળા ભાગ-૪. સંગ્રાહક : વૈદ્ય ધીરજલાલ દલપતરામ. પૃ. ૧૭૨, રૂ ૧-૫૦.



અનડા બુક ડીપો
ગાંધીમાર્ગ, અમદાવાદ.

અર્થકારણ પ્રવેશ : પ્રિ-યુનિવર્સિટી આર્ટ્સના વિદ્યાર્થી અને આધુનિક અર્થકારણનો પરિચય કર વતું પુસ્તક : ન. ઉ. રાજગુરુ અને હીરુભાઈ ભટ્ટ. પૃ. ૨૨૭, પાકું પૂઠું, રૂ. ૫-૦૦.

ટેકનિકલ ગણિત : લેખકો : કાન્તિલાલ વ. ભટ્ટ અને જયન્તીલાલ ઈ. શાહ. પોલિટેકનિકના પ્રથમ વર્ષના ડિપ્લોમાના વિદ્યાર્થીઓ માટેનું એ વિષયનું ગુજરાતી પાઠ્યપુસ્તક. પાકું પૂઠું, પૃ. ૬૩૧, રૂ. ૧૨-૫૦.

પ્રાથમિક સર્વેક્ષણ : લેખકો–જયંતીલાલ પી. ખખ્ખર, મણિલાલ મો. પટેલ અને જો. પટેલ. એન્જિનીઅરિંગ અને પોલિટેકનિકના વિદ્યાર્થીઓ માટેનું ગુજરાતી પાઠ્યપુસ્તક. પાકું પૂઠું, પૃ. ૪૩૮, રૂ. ૧૧-૦૦.

ભારતમાં આધુનિક શિક્ષણપદ્ધતિનો ઈતિહાસ : સ. મ. જોષી. પૃ. ૧૪૨, રૂ. ૨ાા.

ગ્રીસના ઈતિહાસનું રેખાદર્શન : લેખકો : પરીખ અને શેઠ. પ્રથમ વર્ષ બી.એ.ના વિદ્યાર્થીઓને ઉપયોગી પુસ્તક. પાકું પૂઠું, પૃ. ૧૫૪, રૂ. ૪-૦૦.

ન્યાયનો દિવસ

ફતેહ બી. વૈદ્ય

આ પૃથ્વીનો આજે નહિ તો કાલે પ્રલય થવાનો છે એવું તો જગતના લગભગ બધા ધર્મો માને છે, પણ ધર્મગ્રંથો તૌરેત, જબુર, ઈંજિલ (બાઈબલ) અને કુરાનને માનનાર યહૂદી, ખ્રિસ્તી તેમજ મુસ્લિમો વધુમાં ન્યાયના દિવસ પર પણ વિશ્વાસ રાખે છે.

પ્રલય એટલે સર્વનાશ. ધર્મગ્રંથો કહે છે: 'એ સર્વનાશ પછી સપાટ મેદાન બની ગયેલી ધરતી પર પરમ પ્રભુ સિંહાસને વિરાજશે અને જગતની ઉત્પત્તિથી એના અંત સુધીમાં જન્મ લઈ ચૂકેલા સર્વ જીવને ફરી સજીવન કરી, એમનાં કર્મોનો ન્યાય તોળવા, અને કોને નર્કમાં ને કોને સ્વર્ગમાં મોકલવા એનો ફેંસલો આપવા ભેગા કરશે.'

આ ધર્મોના કોઈ પણ શ્રદ્ધાળુને મન ન્યાયનો દિવસ પ્રલયથી વધુ ભયજનક અને ગંભીર હશે. ધર્મપુસ્તકો કહે છે: 'ન્યાયનો દિવસ ખૂબ જ કપરો હશે. ન પિતા પુત્રને, ન પુત્ર પિતાને ઓળખતો હશે. કોઈ કોઇનું સ્વજન નહિ હોય. સૌને પોતાની જ ચિંતા હશે. સૂર્ય અગ્નિ વરસાવતો હશે. છાંયનું નામનિશ ન નહિ હોય. પ્રચંડ તાપમાં મનુષ્યો ભૂખ અને તરસથી આકુળવ્યાકુળ હશે.

બહાદુરશાહ ઝફરની આ પંક્તિ જ જુઓ:

મત ઉઠા આસુદગાને ખાક કો અય રોઝે હશ્ર,
ઈક જરા રાહત હુઈ હૈ ઉનકો મર મરકે નસીબ.

અર્થ: હજાર વખત મૃત્યુ પામ્યા પછી કંઈક હવે શાંતિ વળી છે, માટે ઓ ન્યાયના દિવસ, મારા મૃત દેહને ફરીથી ન જગાડીશ. (ન્યાયના દિવસનો તાપ સહન કરવાની શક્તિ હવે નથી.) અને છતાં ય...

નીચે ઉર્દૂના ખ્યાતનામ કવિઓની થોડી પંક્તિઓ રજૂ કરી છે. ધર્મના બંધનમાં રાચનાર શ્રદ્ધાળુઓથી વિરુદ્ધ પ્રેમભક્તિમાં રાચનાર સૂફી પંથના કવિઓ પોતાની આગવી રીતે ન્યાયના દિવસને કેટલી સહજ, અને છતાં ય ગંભીર દૃષ્ટિથી, જુએ છે! પંક્તિઓ તો થોડી છે પણ સૂફી મત માટે તે ઘણું બધુ કહી જાય છે:

હશ્ર મેં ભી ખુશ્રવાના શાનસે જાયેંગે હમ,
ઔર અગર પુરસિશ ન હોગી તો પલટ આયેંગે હમ. (જોશ)

(ન્યાયના દિવસે હું તો બાદશાહી ઠાઠથી જ જઈશ અને જો પૂછપરછ નહિ થાય તો પાછો ચાલ્યો આવીશ.)

મહશર કા ખૈર કુછ ભી નતીજા હો અય 'અદમ',
કુછ ગુફતગુ તો હમ ભી કરેંગે ખુદા કે સાથ. (અદમ)

(ન્યાયના દિવસનું ભલે આવવું હોય તે પરિણામ આવે; પણ પ્રભુ સાથે કૈંક વાતચીત તો હું કરીશ.)

હમેં માલૂમ હૈ હમ સે સુનો મહશર મેં ક્યા હોગા;
સબ ઉનકો દેખતે હોંગે, વો હમકો દેખતા હોગા. (જિગર)

(મને પુછો; હું જાણુ છું, ન્યાયના દિવસે શું થવાનું છે તે. સર્વે યાચનાભરી નજરે પ્રભુને જોતા હશે, જ્યારે તે મને જોતો હશે.)

ફરિશ્તે હશ્રમેં પૂછેંગે પાકબાજોં સે,
ગુનાહ ક્યોં ન કિયા? ક્યા ખુદા ગફુર ન થા? (અજ્ઞાત)

(જગતમાં જેણે પવિત્ર જીવન ગાળ્યું હશે એને દેવદૂતો પૂછશે: 'તમે પાપ કેમ ન કર્યાં? શું પ્રભુની ક્ષમાશીલતા પર શ્રદ્ધા ન હતી?')

બડે બડે મુજરીમોં કી પૂછ હોગી હશ્રમેં,
કૌન પૂછેગા મૈં કિન ગુનાહગારોં મેં હું. (અજ્ઞાત)

(ન્યાયના દિવસે મોટામોટા પાપીઓની પૂછપરછ થશે, એમાં મારા જેવા સામાન્ય પાપીને તે કોણ પૂછવાનું હતું?)

જહન્નુમ હો કિ જન્નત, જો ભી હોગા, ફૈસલા હોગા;
યે ક્યા કમ હૈ હમારા ઔર ઉનકા સામના હોગા? (જિગર)

(નર્ક મળે યા સ્વર્ગ, પરિણામ તો આવવાનું જ છે. પણ અમે એકબીજાની સામસામે હોઈશું એ શું ઓછું સૌભાગ્ય છે?)

હમ હશ્રમેં ગયે થે, મગર કુછ ન પૂછીએ;
વો જાનબૂઝ કર વહાં અનજાન બન ગયે. (અદમ)

(ન્યાયના દિવસે હું પણ હાજર હતો; પણ મને કાંઈ પૂછશો ના. એ મારાથી હેતુપૂર્વક અનજાણ બની ગયા.)

ગિનતો લેતે હૈં ઉંગલીઓં પર ગુનાહ
તેરી રહમતોં કા હિસાબ કૌન કરે. (શકીલ)

(હે પ્રભુ, મારાં પાપ તો હું આંગળીના વેઢે ગણી શકું છું; પણ તારી કૃપા, જે અગણિત છે, એની ગણના કોણ કરી શકવાનું હતું?)

બંદે સેં હૈ ક્યોં પુરસિશે આમાલ ઇલાહી,
ઈન્સાનકો રહેતી હૈ કહાં અપની ખતા યાદ? (દાગ)

(હે પ્રભુ, તારા દાસનાં કર્મોની પૂછપરછ શું કરે છે? મનુષ્યને વળી પોતાની ભૂલો ક્યારે યાદ રહે છે!)

આતા હૈ દાગે હસરતે દિલ કા શુમાર યાદ,
મેરે ગુનાહ કા હિસાબ અય ખુદા ન માંગ. (ગાલિબ)

(હું તો ફક્ત મારા હૃદય પર પડેલા ઘાની જ ગણતરી કરી જાણું છું. હે પ્રભુ, તું મારાં પાપોનો હિસાબ ન માગ. એ મને નહિ આવડે.)

કતરે જો ગીરે મેરે અર્કે ઈન ફઆલ કે,
મોતી સમજ કે ચુન લિયે શાને કરીમીને. (ઈકબાલ)

(ન્યાયનો દિવસ હતો, મારાં પાપથી હું શરમિંદો હતો, કપાળ પરથી પ્રસ્વેદનાં બુંદ ટપકી રહ્યાં હતાં; પ્રભુએ એ જોયું, અને એની મહાનતા રૂપી દેવદૂતોએ એ બિન્દુઓને મોતી સમજી વીણી લીધાં.)



ચિત્રાંગદા: રવીન્દ્રનાથ ટાકુરના એ નાગીતા નાટકનો અનુવાદ કરનાર: નિરંજન ભગત, પ્રકાશક: દર્પણ ઍકૅડેમી, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩, પૃ. ૬૬. પાકું પૂઠું, રૂ. ૧.

સબરસ: (ભાગ-૧) લેખસંગ્રહ: લેખક-પ્રકાશક: ડૉ. કાન્તિલાલ અમૃતલાલ શાહ, 'ઉપહાર', ૫ ટાની પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯; પૃ. ૨૦૦, રૂ. ૧-૫૦.

વાલીમિત્રો: સંતાનોને સમજવાની માબાપોને સલાહ આપતાં કાવ્યો: લેખક-પ્રકાશક: ઉપેન્દ્ર કાકા, પ્રાપ્તિસ્થાન: એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૨; પૃ. ૩૬, ૬૦ પૈસા.

ભગવો અંચળો (રંગો બાપુજી): સત્તાવનના પ્રથમ સ્વાતંત્ર્યજંગના એક પ્રણેતાને લગતી ઐતિહાસિક નવલકથા, લેખક: રમેશ જોષી, પ્રકાશક: ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. રાવપુરા, વડોદરા; પૃ. ૩૭૨. પાકું પૂઠું, રૂ. ૪-૭૫.

ચંદ્રકાન્ત ચિંતામણિ: સનાતન હિંદુધર્મના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતી વાર્તા. લેખક: સ્વ. શ્રી હરિદાસજી મહારાજ; પ્રકાશક ઉપર મુજબ; પૃ. ૧૯૮, પાકું પૂઠું. રૂ. ૨.

લોકગંગા: ભારત-પાકિસ્તાન-સંપર્ક અંગે વિવિધ લોકવિચારના પત્રોનું સંપાદન, કરનાર: મહેન્દ્ર મેઘાણી. પ્રકાશક: ઉપર મુજબ; પૃ. ૮૦, રૂ. ૧.

રૂપ અને રસ: સાહિત્ય વિવેચનોનો સંગ્રહ, કર્તા: ઉશનસ્, પ્રકાશક: પૉપ્યુલર પબ્લિશિંગ હાઉસ, ટાવરરોડ, સૂરત; પૃ. ૩૩૮, પાકું પૂઠું, રૂ. ૫.

હથેળીના હુન્નરો: નાનામોટા બારસો ઉપરાંત ઔદ્યોગિક વિષયો, ૬૩ વિભાગો અને ૩૦ ઉપરાંત ચિત્રો સાથેનો માર્ગદર્શક ભોમિયો, કર્તા: પ્રકાશ જે. શાહ. પ્રકાશક: નવીન ઉદ્યોગકાર્યાલય ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પૃ. ૪૭૮, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦.

શ્રીયુત ગોવર્ધનરામ: એ આર્ષદ્રષ્ટા-વિદ્વદ્વર્યના ઈ. ૧૯૧૦માં સ્વ. ડૉ. કાન્તિલાલ પંડ્યાએ લખેલા પ્રશંસાપાત્ર ચરિત્રગ્રંથની સુધારેલી-વધારેલી બીજી આવૃત્તિ, સંપાદક: ઉપેન્દ્ર છ. પંડ્યા, પ્રકાશક એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પૃ. ૪૫૬, પાકું પૂઠું, રૂ. ૭.

વ્યવહારશુદ્ધિ અને તકેદારી: ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત.

જવાહરલાલ નેહરુનો વિચાર-વારસો: એમનાં પુસ્તકો, પત્રો, વાર્તાલાપો અને પ્રવચનોમાંથી ચયન. સંપાદક: મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક: લોકમિલાપ કાર્યાલય, કોરટ રસ્તો, ભાવનગર; પૃ. ૧૫૨, રૂ. ૨.

કલાસાધના: ગુજરાત મહારાષ્ટ્રની માધ્યમિક શાળાના પરીક્ષાના અભ્યાસક્રમને અનુલક્ષીને વિદ્યાર્થીઓ તથા કલારસિકો માટે તૈયાર કરેલું સચિત્ર પુસ્તક. લેખક: નટુભાઈ મિસ્ત્રી, પ્રકાશક: વિકાસ પ્રકાશન, નગીનાપોળ, રતનપોળ, અમદાવાદ; પૃ. ૨૪૪, પાકું પૂઠું, રૂ. ૫-૨૫.

દીકરા અને દીપડા: આબિદ સૂરતીની નવલકથા, પ્રકાશક: ઊર્મિપ્રકાશન, બાવાસીદી ગોપીપુરા, સૂરત-૨; પૃ. ૨૨૦, પાકું પૂઠું. રૂ. ૬.

શ્રી ચોખાવાળા ષષ્ટિપૂર્તિ સન્માન-ગ્રંથ: સંપાદકો: કલ્યાણજી વિઠ્ઠલભાઇ મહેતા, જ્યોત્સનાશુક્લ, ઈશ્વરલાલ ઈચ્છારામ દેસાઈ, પ્રકાશક: ષષ્ટિપૂર્તિ સમિતિ, સૂરત; પૃ. ૧૪૨, મોટું કદ, પાકું પૂઠું. રૂ. ૨.

અભિનવ ફ્રી-હૅન્ડ: ચિત્રકળાની ગ્રેઇડ પરીક્ષાઓ તથા એસ. એસ. સી. પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે મુક્ત-હસ્ત ચિત્રણની માર્ગદર્શિકા: આયોજકો: પ્રવીણભાઈ મહેતા અને કનુભાઈ પંચાલ; પ્રકાશક: જમનાદાસ ઍન્ડ સન્સ પ્રાપ્તિસ્થાન: સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨; પૃ. ૪૪, રૂ. ૧-૧૫.

ભારત-પાક સંઘર્ષનો એકમાત્ર ઉકેલ: લેખક: ઈસ્માઈલ યુસુફજી પટેલ, પ્રકાશક-ભારત સેવક સમાજ, લાલભાઇ શેઠનો વંડો, પાનકોરનાકા, અમદાવાદ-૧; પૃ. ૨૦.

સુવાસ: શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીની કથાવાર્તામાંના સુવાક્યોનો સુંદર રૂપરંગમાં સંગ્રહ કરનાર તથા પ્રકાશક: શાંતિલાલ મગનલાલ સાઠંબાકર, ૪૨ જૈનનગર સંજીવની પાસે, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૭; પૃ. ૬૪ કિંમત જણાવી નથી.

તાઈકો (બાળનાટક): લેખક અને પ્રકાશક: અવિનાશ મુનશી, 'શ્રીકુંજ,' મંગળદાસ માર્ગ, અમદાવાદ-૬; પૃ. ૩૨, એક રૂપિયો.

સંતસૌરભ: સંતજીવનના પ્રેરક પ્રસંગો. લેખક: મૂળજીભાઇ પી. શાહ, પ્રકાશક: શાનીન્દ્ર મટુભાઈ કાંટાવાળા, ૧૩બી નરનારાયણ સોસાએટી, નવરંગપુરા, અમદાવાદ; પૃ. ૬૪. વિના મૂલ્ય.

સામ્યવાદી ચીનમાં ખેડૂતોની દુર્દશાનો ખરો ચિતાર આપતું પુસ્તક. લેખક-પ્રકાશક: ભોગીલાલ ગાંધી, વિશ્વમાનવ, રામજી-મંદિર પોળ, વડોદરા; પૃ. ૧૪૪. કિં. ૨-૭૫.

પરમાણુ રહસ્ય: સેલિગ હેકટના 'એક્સ્પ્લેનિંગ એટમ'નો ગુજરાતી અનુવાદ કરનાર: વાસુદેવ વ્યાસ અને હીરાલાલ ભાવસાર; પાકું પૂઠું, પૃ. ૨૩૯, રૂ. ૪-૦૦.

ગાંધીજી અને મજૂરપ્રવૃત્તિ: સંસ્મરણો અને અનુભવો. લેખક; શંકરભાઈ ઘે. બંકર. પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૧૪; પૃ. ૨૫૭, રૂ. ૩-૦૦.

ઇશિતા: લલિતકુમાર શાસ્ત્રીની નવલકથા. પ્રકાશક: લક્ષ્મી પુસ્તક ભંડાર, ગાંધી માર્ગ, અમદાવાદ; પાકું પૂઠું, પૃ. ૨૮૦, કિં. ૬-૦૦.

કુંવરબાઈનું મામેરું: ચંદ્રશંકર ભટ્ટનો વિવેચનાત્મક નિબંધ. પ્રકાશક: સૌ. પૂર્ણિમા ભટ્ટ, ૯ ચન્દ્ર કૉલોની, અમદાવાદ-૬; પૃ. ૪૦, રૂ. ૧-૨૫.

શ્વેતરેખા: કે. ચન્દ્રનાથની અઢાર નવલિકાઓ સાથે હસમુખ રાવળના નિબંધ 'નવલિકાનું કલેવર.' પ્રકાશક: પરાગ પ્રકાશન, જેઠા મેઘજીની શેરી, સદર, રાજકોટ; પૃ. ૧૯૧, રૂ. ૪-૫૦.

વડલાનો વિસામો: સ્વ. 'પુનિત' મહારાજે કહેલા પંદર પ્રેરક આધ્યાત્મિક દષ્ટાંતોનું સંપાદન, સંપાદક-પ્રકાશક: ચંદુલાલ પ્રજાપતિ, પુનિત પ્રકાશન મંદિર, સંત પુનિત માર્ગ, મણિનગર, અમદાવાદ-૮; પૃ. ૧૨૭, રૂ. ૧-૦૦.

ત્રણ શૂરા સેનાપતિ: લેખક: શરદ દત્તાત્રેય વૈદ્ય. પ્રકાશક: યશવંત મોને, સુવિદ્યા પ્રકાશન, શાંતાવાડી, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૫૮; પૃ. ૩૬, કિં. ૫૦ પૈસા.

અનાગરિક ધર્મપાલ: જીવન અને કાર્ય. લેખક: ભિખ્ખુ સંઘરક્ષિતજી. અનુવાદક: બકુલ વકીલ. પ્રકાશક: બુદ્ધિસ્ટ સોસાએટી ઑાવ ગુજરાત, વૈશ્ય સભા પાછળ, અમદાવાદ-૧; પૃ. ૪૬. કિં. ૫૦ પૈસા. (અનુ પૃ. ૧૪૭)

અમેરિકા અને આપણે

☆ ☆ ડૉ. પ્રહ્‌લાદ ચુ. વૈદ્ય

૧૩

૨૧ ફેબ્રુઆરી ૧૯૬૫

વ્હાલાં બાળકો,

અમે અહીં આવ્યાં અને દશેક દિવસમાં યુનિવર્સિટીના હાઉસિંગ વિભાગ તરફથી એક પરિપત્ર આવ્યો. તેમાં જણાવ્યું હતું કે તમારાં પોતાનાં ન હોય તેવાં બાળકો તમારી પાસે ઊછરતાં હોય તો તેના ખબર ગામના મૅજિસ્ટ્રેટને આપવા; આવા ખબર ન દેવા એ ગુનો છે.

તે સમયે પરિપત્ર વાંચીને નવાઈ તો લાગી, પણ તે સિવાય વધુ કશી ખબર પડી નહિ. ઠેઠ ગયે રવિવારે સાંજે મિ. અલીને ઘેર અમે બેઠાં હતાં ત્યારે આ વાતનો ઘટસ્ફોટ થયો. અને ત્યારે ખબર પડી કે અમેરિકાનું સામાજિક જીવન સમજવાની આ એક અગત્યની કૂંચી છે.

અમે અલીને ત્યાં બેઠાં હતાં ત્યાં એક અમેરિકન બેન (પડોશણ) થેલીમાં મીઠાઇ લઇને તેમને દેવા આવ્યાં. (અહીં મીઠાઇ એટલે જાત-જાતની ગળી બિસ્કિટ-પણ ભૂલેચૂકે તેને બિસ્કિટ ન કહેતાં. બિસ્કિટ તો કૂતરાંને ખાવાનાં હોય! માણસને ખાવાનાં ખારાં બિસ્કિટને 'ક્રૅકર' કહે છે, ગળ્યાં બિસ્કિટને 'કૂકી' કહે છે, અને કૂતરાંને ખાવાનાં બિસ્કિટને 'બિસ્કિટ' કહે છે!) એ બહેને ત્રીજું બાળક લીધું હતું તેની ખુશાલીમાં કૂકી દેવા આવ્યાં હતાં. મિસિસ અલીએ મશ્કરી કરતાં તે બહેનને કહ્યું: 'બે દીકરા અને એક દીકરી તો થયાં; હવે આવતે વર્ષે બીજી દીકરી લેજો એટલે બરાબર મેળ થઈ રહે.' બહેન હસીને ચાલતી થઈ. અમને આ વાર્તાલાપથી બહુ આશ્ચર્ય થયું. બહેનના ગયા પછી મિસિસ અલીએ સ્પષ્ટતા કરી ત્યારે ખબર પડી કે તે બહેનને બાળક થતાં નથી તેથી બાળક દત્તક લે છે. અહીં નવપરિણીત યુગલને સામાન્યરીતે લગ્નની શરૂઆતના ગાળામાં દર સવા વર્ષે કે દોઢ વર્ષે બાળક જન્મે છે; એટલે આ યુગલ પણ દર સવા વર્ષે કે દોઢ વર્ષે એક નવું બાળક દત્તક લે છે! એવા દત્તક લીધેલા ત્રીજા બાળકની ખુશાલીમાં કૂકી દેવા આવ્યાં હતાં!! અને મિસિસ અલીએ 'આવતે વર્ષે ચોથી દીકરી દત્તક લેજો' એવી શુભેચ્છા વ્યક્ત કરી!!!

પછી તો ચર્ચા આગળ ચાલી. દત્તક લેવા માટે બાળકો ક્યાંથી મળે? અહીં મોટર અકસ્માત એ યુવાનોનાં મૃત્યુનું મોટું કારણ છે. અહીં સરેરાશ ઉંમર ૬૦થી વધુ છે. એનો અર્થ એ થયો કે નાની ઉંમરના માણસોમાં મૃત્યુનું પ્રમાણ અહીં ઘણું જ ઓછું છે. જે કોઈ થોડા માણસો અહીં નાની ઉંમરે મરે છે તેમાંના ઘણાખરા આવા અકસ્માતમાં મૃત્યુ પામે છે, ને ઘણા કિસ્સામાં આવા અકસ્માતોમાં પતિ-પત્ની સાથે મૃત્યુ પામે છે ને નાનાં બાળકો અનાથ થાય છે પરંતુ અહીં બાળકો ખરેખર 'અનાથ' થતાં નથી, કારણ કે કાયદા પ્રમાણે મા-બાપ પછી બાળકોની દેખરેખ રાખવાની જવાબદારી સરકારની છે, અને તેથી આવાં ૧૮ વર્ષની નીચેનાં દરેક 'અનાથ' બાળકનાં મા-બાપ સરકાર છે. દરેક જિલ્લાના મૅજિસ્ટ્રેટ પાસે આવાં અનાથ બાળકોની યાદી રહે છે ને તેમના વસવાટ તથા ઉછેરની વ્યવસ્થા મૅજિસ્ટ્રેટ કરે છે.

દત્તક લેવા ઈચ્છનાર પણ મૅજિસ્ટ્રેટ પાસે પોતાનું નામ નોંધાવે છે. પછી મૅજિસ્ટ્રેટ તેમના કુટુંબનો ઇતિહાસ તપાસે છે, દારૂની કે એવી કોઈ લત તો લાગેલી નથીને, તેની તપાસ કરે છે, આવક કેટલી છે, સ્ત્રી-પુરુષનો સ્વભાવ કેવો છે તેની તપાસ કરે છે ને પછી પોતાની પાસેનું 'અનાથ' બાળક તેમને દત્તક આપે છે. આમ દરેક દત્તકવિ[illegible] ચોપડે રજિસ્ટર થાય છે. વળી છોકરાંની બરાબર દેખભાળ લેવાય છે કે નહિ તેની દર વર્ષે મૅજિસ્ટ્રેટના ઈન્સ્પેક્ટર આવીને તપાસ કરી જાય છે.

મોટર અકસ્માત ઉપરાંત બાળકોને 'અનાથ' બનાવતું એક બીજું મોટું કારણ છૂટાછેડા છે. છૂટાછેડા લેનાર મા-બાપમાંથી કોઇને પણ તેમના બાળકનો કબજો ન જોઇતો હોય (અથવા એવું પણ બને કે બંનેને કબજો જોઇતો હોય ને પછી ન્યાયાધીશ નીવેડો આણે કે કોઇને કબજો નહિ મળે) એવાં બાળકો પણ મૅજિસ્ટ્રેટના કબજામાં આવે છે. દરેક રાજ્યમાં અનાથાશ્રમ પણ હોય છે; પરંતુ તે લગભગ ખાલી જ હોય છે. સામાન્ય રીતે બાળકને કોઇ ને કોઈ દત્તક લઈ જ લે છે.

એક તરફ સમાજની વિકૃતિના ફળસ્વરૂપ બાળકો અનાથ થાય છે, બીજી તરફ નિસર્ગના અપવાદ તરીકે અથવા 'ઈશ્વરની એવી ઇચ્છા હશે એટલે' કેટલાં યે સ્ત્રી-પુરુષોનો સંસાર બાળકોના કિલકિલાટ વગર સૂનો રહે છે,—આ બે પરિસ્થિતિઓનો સુસંગત ઉકેલ લાવવાની કેવી નિયમિત વ્યવસ્થા!

ચર્ચા આગળ ચાલતાં વળી અમેરિકન સમાજનું એક વધુ ઉન્નત પાસું ઊપસી આવ્યું. મિ. અલી ગયે વર્ષે જ્યાં નોકરી કરતા હતા તે બ્રોઝમનની કૉલેજના એક પ્રોફેસરને પોતાનાં ચાર બાળકો હતાં ને તેમણે ચાર બીજાં બાળકો દત્તક લીધાં હતાં! શા માટે? ઈશ્વરે નાણાં ઘણાં આપ્યાં છે પણ બાળક ચાર જ છે; હજુ બીજાં ચાર બાળકનો ઉછેર સહેલાઈથી થઈ શકે તેમ છે; તો તેમ કરવું એ મારી ઈશ્વર પ્રત્યેની તેમજ મારા રાજ્ય પ્રત્યેની ફરજ છે માટે!

સમાજમાં આર્થિક અસમાનતા ઘણી છે. તે દૂર કરવાના બે મુખ્ય રસ્તા: એક સામ્યવાદનો, બીજો ગાંધીજીનો. 'જેની પાસે નાણાં જમા થાય છે તેનો સ્વભાવ બગડી જાય છે અને તેમાં સુધારાને અવકાશ નથી. તેની પાસેથી નાણાં લઈ લો તો જ તે સુધરે.' આ છે ટૂંકમાં સામ્યવાદી વિચારસરણી. તેથી સામ્યવાદી દેશમાં વ્યક્તિગત મૂડી રાજ્ય લઈ લે છે. માનવીના સ્વભાવમાં જે સદ્‌વૃત્તિ છે તેમાં ગાંધીજીને વિશ્વાસ છે. અત્યારે નાણાં પાસે આવ્યાં એટલે કદાચ માનવીના સ્વભાવનું આ સારું પાસું દબાઈ જતું હશે; પણ પ્રયત્ન કરવાથી ગમે તે માનવીની સદ્‌વૃત્તિ જાગ્રત કરી શકાય છે અને તેથી તેને સમજાવી શકાય કે તારી પાસે જે નાણાં આવ્યાં છે તે તો ઈશ્વરની દેન છે, ઈશ્વરની થાપણ છે. એ નાણાં તારી ફરજ બજાવવામાં વાપરવાનાં છે.

ગાંધીજીને માનવીમાત્રની મૂળભૂત સદ્‌વૃત્તિમાં જે શ્રદ્ધા છે તેનું કેવું જ્વલંત ઉદાહરણ પેલો બ્રોઝમનનો પ્રોફેસર પૂરું પાડે છે?

લિ. કાકાના આશિષ

તા.ક. હવે તમે બધાં જ પરીક્ષાની તૈયારીમાં પડ્યાં હશો એટલે આવતે અઠવાડિયેથી ભારેખમ સામાજિક કે આર્થિક વિષય પર ન લખતાં વર્ણનાત્મક વિષયો પર પત્રો લખવા ધાર્યું છે. —કાકા

૧૪

૨૮, ફેબ્રુ. ૧૯૬૫

વ્હાલાં બાળકો,

આ દેશનું નામ યુનાઇટેડ સ્ટેઇટ્સ ઑવ અમેરિકા—અમેરિકાનાં સંયુક્ત રાજ્યો—છે. કોલંબસે આ ખંડ શોધ્યો ત્યાર પછી યુરોપના જુદાજુદા દેશોમાંથી સાહસિક લોકો અહીં વસવાટ માટે આવ્યા. ઇંગ્લૅન્ડથી ત્યાંના ધર્માંધ રાજાઓના ત્રાસથી દુ:ખી થઈ ઘણા લોકો અહીં આવી વસ્યા. અહીંના મૂળ રહેવાસીઓ તાંબા જેવા લાલ રંગની ચામડીવાળા હતા, અને કોલંબસે અમેરિકા શોધ્યો ત્યારે તેને તો એમ જ હતું કે તે હિન્દુસ્તાન પહોંચ્યો છે, તેથી તેણે અહીંના આદિવાસી-

ઓને રેડ ઇન્ડિયન કહ્યા. આજે પણ અહીં ઇન્ડિયન એટલે આદિવાસી રેડ ઇન્ડિયન એવો જ અર્થ થાય છે. આ આદિવાસી રેડ ઇન્ડિયનોને તેના દેશમાં આવી વસેલા ગોરાઓ સ્વાભાવિકરીતે જ દુશ્મન જેવા લાગે. તેથી શરૂઆતમાં વસેલા ગોરાઓને રોજ રેડ ઇન્ડિયનો સાથે લડાઈ થતી. આ ત્રાસ સામે રક્ષણ મેળવવા માટે ઇંગ્લૅન્ડથી આવી વસેલા લોકોએ ઇંગ્લૅન્ડના રાજા પાસેથી મદદની આશા રાખી હશે ને આમ આ નવા વસેલા પ્રદેશ ઉપર ઇંગ્લૅન્ડની હકૂમત સ્થાપાઈ હશે અને વહીવટ અંગ્રેજીમાં થવા લાગ્યો હશે. યુરોપના જુદાજુદા દેશોમાંથી આવેલા સઘળા લોકો આમ અહીં આવી અંગ્રેજી બોલતા થયા.

જેમ જેમ અહીં ગોરાઓની વસ્તી વધવા લાગી તેમ તેમ રેડ ઇન્ડિયનોને કિનારા પરથી અંદરના ભાગમાં ધકેલવા માંડયા અને કિનારાના પ્રદેશોમાં ગોરાઓનું વર્ચસ્ જામતું ગયું. પરંતુ સાથેસાથે જુદાજુદા દેશોમાંથી એકઠા થએલા આ આઝાદીપ્રિય લોકોને દૂર બેઠેલી ઇંગ્લૅન્ડની પાર્લમેન્ટ તેમની ઉપર રાજ્ય ચલાવે તે રુચ્યું નહિ. અને તેમણે માગ ઊઠાવી કે અમને (અમેરિકાનિવાસીઓને) મતાધિકાર આપો અને અમારા પ્રતિનિધિઓને પાર્લમેન્ટમાં બેસવા દો. તેમની આ માગણી સ્વીકારાઇ નહિ તેથી અમેરિકાભરમાં આંદોલન શરૂ થયું. આંદોલનનું સૂત્ર હતું: 'પ્રતિનિધિત્વ નહિ તો કરવેરા નહિ.' લોકોએ કરવેરા આપવા બંધ કર્યા, બૉસ્ટનના બંદરમાં લાંગરેલાં ઇંગ્લૅન્ડનાં વહાણોમાં લાદેલી અંગ્રેજ વેપારીઓની ચાની પેટીઓ લોકોએ દરિયામાં પધરાવી દીધી, ને આમ અમેરિકન સ્વાતંત્ર્યયુદ્ધ શરૂ થયું. આ યુદ્ધમાં જ્યૉર્જ વૉશિંગ્ટનની સરદારી નીચે અમેરિકન જનતા ઇંગ્લૅન્ડના લશ્કર સામે લડી અને વિજયી થઈ. ઇંગ્લૅન્ડની હકૂમત આ પ્રદેશ ઉપરથી દૂર થઈ અને લોકોનું રાજ્ય સ્થપાયું. આમ, યુરોપના જુદાજુદા દેશોમાંથી આવી વસેલી પ્રજાએ સહિયારો પુરુષાર્થ કરી આઝાદી પ્રાપ્ત કરી અને વિવિધતાવાળી પ્રજામાં એકતા દાખલ થઈ. વિવિધતામાં એકતા એ અહીંની વિશેષતા છે, અને દેશના રાજ્યબંધારણમાં પણ ને વણાઈ ગઈ છે. વિવિધતા જાળવવા માટે વિવિધ પ્રજાઓએ પોતાનાં જુદાં રાજ્ય સ્થાપ્યાં ને એકતા માટે એ બધાંએ ભેગાં થઈ એક દેશ વસાવ્યો. આ દેશ તે યુનાઇટેડ સ્ટેઈટ્સ ઑવ અમેરિકા (અમેરિકાનાં સંયુક્ત રાજ્યો) નામની યથાર્થતા હવે સમજાઈ હશે.

આપણે ત્યાં પણ આવી જ સ્થિતિ છે. ગુજરાતી બંગાળી કરતાં કેટલો જુદો છે, અને છતાં બે વચ્ચે કેટલું સરખાપણું છે! અમેરિકાની આ વ્યવસ્થા ઉપરથી જ દાખલો લઇને આપણે પણ ૧૯૪૭ પછી ઘડેલા આપણા રાજ્યબંધારણમાં વિવિધતામાં એકતાવાળી રાજ્યો અને મધ્યસ્થ સરકારની વ્યવસ્થા સ્વીકારી છે. રાજ્યો બધાં સ્વાયત્ત છે છતાં સહિયારા હિત માટે મધ્યસ્થ તંત્ર નીચે સાથે રહીને કામ કરે છે.

આનો અર્થ તો એમ થયો કે દેશવાસીઓને પૂરેપૂરા ઓળખવા હોય તો દરેક રાજ્યને ઓળખવું જોઇએ. ભારતીયની ઓળખાણ જોઈતી હોય તો એકલા ગુજરાતીને ઓળખ્યે કે એકલા મદ્રાસીને ઓળખ્યે ન ચાલે. ભારતનાં ઘણાંખરાં રાજ્યોના લોકોને મળીએ, ઓળખીએ તો જ ભારતના સમાજનો સાચો ખયાલ આવે. એ જ પ્રમાણે અમેરિકાની પ્રજાને ઓળખવી, જાણવી હોય તો જુદાંજુદાં રાજ્યોની વિશેષતા પણ જાણવી જરૂરી છે.

અમે અહીં વૉશિંગ્ટન રાજ્યમાં આવી વસ્યાં, પરંતુ નાતાલની મુસાફરી દરમિયાન કેટલાં યે જુદાંજુદાં રાજ્યોમાં ફરવાનું થયું. અમેરિકામાં કુલ ૫૦ રાજ્યો છે. તેમાંનાં જે થોડાં રાજ્યોમાં રહી જાણવા જેવું જે કાંઈ મળ્યું છે તે હવે પછીના પત્રોમાં લખવું છે.

અમેરિકાનાં ૫૦ રાજ્યોમાંનું વિસ્તારમાં સૌથી મોટું રાજ્ય અલાસ્કા છે. તે રાજ્ય તરીકે હજુ બે વર્ષ પહેલાં જ જોડાયું. તે પહેલાં ૪૯ રાજ્યો હતાં. આ 'રાજ્ય તરીકે જોડયું' એટલે શું? જ્યારે ઇંગ્લૅન્ડની અમેરિકા ઉપર હકૂમત હતી ત્યારે જેટલી જમીન ઉપર તેનું રાજ્ય હતું ત્યાં બધે ગોરાઓની વસ્તી નહોતી. જેમજેમ યુરોપથી લોકો વસવાટ માટે આવતા ગયા તેમતેમ નવા ને નવા પ્રદેશોમાં વસવાટ કરતા ગયા. અમુક તબક્કે વસવાટ પહોંચે એટલે તે નવા પ્રદેશને રાજ્ય તરીકે જોડાવાનો અધિકાર મળે. આમ નવાંનવાં રાજ્યો થતાં આવે.

નકશામાં જોશો તો ખબર પડશે કે અમેરિકાનાં આ નવા રાજ્ય અલાસ્કા ને રશિયાના સાઇબિરિયા વચ્ચે બેહરિનની સામુદ્રધૂનિનો ૧૦૦, ૨૦૦ માઈલનો દરિયો જ છે. રશિયામાં જ્યારે ઝારનું રાજ્ય હતું ત્યારે અલાસ્કા ઉપર ઝારની હકૂમત હતી. પણ ગઈ સદીમાં અમેરિકાએ ઝાર પાસેથી અલાસ્કા ખરીદી લીધું. કેટલી બધી દૂરંદેશી! આ ખરીદી ન કરી હોત તો અમેરિકા ખંડની ભૂમિ પર રશિયાનો પ્રાન્ત બન્યો હોત! સામસામાં ઘુરકિયાં કરતાં અમેરિકા ને રશિયા નકશામાં કેટલાં બધાં પાસે છે!

—લિ. કાકાના આશિષ



એપ્રિલ ૧૯૪૧ અંક ૨૦૮

પચ્ચીસ વર્ષ પહેલાં

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંક ૨૦૮માં આવેલો આ નીચેનો તંત્રીલેખ આજે પણ એટલો જ લાગુ નથી પડતો?

તમે ભલે મોટાં દાન કરી ન શકો વખતનો ભોગ આપી ન શકો, કોઇને આશ્રય આપી ન શકો, તમ રી નોકરી કે પદવી તમને જાહેર વક્તા કે લેખક થવામાં બાધક થતાં હોય અને રાષ્ટ્રસેવા માટે શું કરવું તેની લાચારી તમે અનુભવતા હો, તો એટલું જ કહું કે કંઈ ન કરો તો પણ રાષ્ટ્રની યત્કિંચિત સંપત્તિનો વ્યર્થ વ્યય તો તમે અટકાવી શકો છો.

તમે પોતે તેમજ તમારું કુટુંબ અન્ન વસ્ત્ર ને આચારમાં સયમ બતાવી બચાવ ને કર કસરનાં ધોરણથી દેશને સાદી જિંદગી અને સ્વાશ્રયના પાઠ પર લાવી તંદુરસ્ત રાખી શકો છો. તમે પરદેશી ખરીદીની જરૂરિયાતો કમી કરી શકો છો, અથવા ખરીદેલી વસ્તુને ખૂબીથી વાપરી તેનો બમણો કે ત્રણ ગણો લાભ ઉઠાવી શકો છો. તે રીતે તમે વધારે ખર્ચાતું દ્રવ્ય બચાવો છો અને રાષ્ટ્રીય સમૃદ્ધિમાં ફાળો આપો છો. હજારો એવી નજીવી બાબતો હોય છે કે જેના આચરણથી પ્રજા પોતાની સંપત્તિ ને શક્તિનો સચય જાળવી શકે છે.

એમાં પહેલો પ્રયોગ તમે તમારી ખાનપાનની રીતોમાં કરી શકો છો. ન જોઈએ એટલા પદાર્થો પોતાના ભાણામાં લેવા એ તો એકેએક હિંદીની જાણે જન્મની કુટેવ છે. ખાનપાનમાં સંયમ અને વ્યવસ્થા એ માત્ર કરકસર જ નથી પણ પ્રત્યેક પ્રજાની સંસ્કૃતિનું માપ પણ તેમાંથી નીકળે છે. એટલા માટે દરેક સ્વીકારે કે ૧) હું કદી બિનજરૂરી પદાર્થો મારા ભાણામાં લઇશ નહિ. ૨) એંઠું ન જ પડયું રહે તેની કાળજી રાખીશ. ૩) કોઇને તેની રુચિ ઉપરાંત ખાવાનો આગ્રહ કરીશ નહિ. ૪) ભોજન વેળા બને તેટલી સ્વચ્છતા, વ્યવસ્થા ને મૌન જાળવીશ.

બીજો પ્રયોગ તે આપણાં વસ્ત્રોમાં કરવાનો છે. આજકાલ માત્ર 'સ્માર્ટ' (ચાલાક) દેખાવા ખાતર જ પોશાકની રૂઢિથી આપણા દેશના એકેએક કુટુંબમાં કપડાંની ખર્ચાળ ટેવો પેઠી છે અને અલ્પ કમાઈમાં માબાપો મને-કમને તેના બોજો વેઠી રહ્યાં છે. ધોતિયામાં ઘણી કરકસર છે એ વાત સમજાવવી પડે એમ નથી, કારણ કે તેનું છેલ્લું ચીથરું કે પાટો કંઇ ને કંઈ ઉપયોગમાં આવે છે. પણ આજના જમાનામાં સાઈકલ, મોટર, રેલવે વગેરેથી પ્રવાસ કરનારા અને યંત્રો આગળ કામ કરનારા માટે તે સલામતીભર્યું નથી; તે માટે હાથે ધોઈ સ્વચ્છ રાખેલી સાદી ચડ્ડી ને બંડી સાત્વિકતા અને સુસજ્જતા બંને આપશે. વસ્ત્રની બાબતમાં સારા પ્રસંગો સિવાય આપણી વિદ્યાર્થીઆલમ એકસરખું સાદાઈનું ધોરણ પાળે તો મોટી રાષ્ટ્રસપત્તિ બચી રહે અને તેમના જ ઉત્કર્ષ તેમજ વિદ્યાસંવર્ધન માટે તેમની તાકાત વધે.

આ તો ચાલુ વસ્ત્રોની કરકસરનો વિચાર થયો; પણ એ વસ્ત્રો નકામાં થયા બાદ તેમાં થએલો ખર્ચ પુરો વસુલ કરી લેવાની યોજનાઓ એક મિત્રે આચરી બતાવી છે તે પણ જાણવા જેવી છે. તેણે સુરવાલો અને લેંઘામાંથી કોથળીઓ અને થેલીઓ બનાવી; કોટના વાંકાચૂંકા કટના ટુકડાઓ સંચા પર સાંધી લઈ આસનો, ચાકળા વગેરેની પાછળનાં અસ્તર બનાવ્યાં. પહેરણોમાંથી તેણે રૂમાલો કાઢયા. સીવેલાં કપડાંમાંથી ભાગ્યે જ એકે ચીથરું તેણે નકામું જવા દીધું હતું. બહુ છેલ્લે વધેલા ટુકડા ઘરની સાફસૂફી માટે સંઘરી રાખ્યા હતા.

ત્રીજો પ્રયોગ સમારકામ (રીપેર્સ), બંધબેસતાપણું (ઍડજસ્ટમેન્ટ્સ) અથવા ઘાટ કરી દેવું તે. દુનિયાના બધા વિકાસમાન દેશોમાં આ બાબતો સારી પેઠે ખીલવવામાં આવી છે. ખાલી ખોખાં, પસ્તીના કાગળો, લોખંડના તાર ને ખીલા, રબર, કૂચા, રેશમ ને બીજા પદાર્થો ઘરેઘરમાં વધારે પડી જાય છે કે નકામા થઈ જાય છે ત્યારે ફેંકી દેવામાં આવે છે. અથવા કચરાના ભાવે વેચી નાખવામાં આવે છે. આ વિષયમાં સુધરેલા દેશોએ નિષ્ણાતો પાસે બારીક તપસીલ કરાવી તેનું શું કરવું તે ઉપર નાની પુસ્તિકાઓ બહાર પાડી છે અને આ કાર્ય રાષ્ટ્રીય કરકસરખાતું (નૅશનલ ઇકૉનૉમી બ્યૂરો) કરી રહ્યું હોય છે. સેલ્યુલૉઇડની ભાંગેલી સાબુની પેટી દાંતિયા અને ટૂથબ્રશના હાથામાંથી અવનવી ચીજો બનાવનાર ભાવનગરના કુશળ કારીગર શ્રી માનશંકર ભટ્ટે પદાર્થોની કરકસર અને ઉપયોગના અનેક પ્રયોગો કર્યા છે. તેમનાં એ ઓજારોમાં કાનસ, કરવતી કે છરી જ છે. આમ પ્રજાએ કરકસર દ્વારા ક્રિયા, શિક્ષણ અને તાલીમ પામી વસ્તુઓનો બેવડો કે ત્રેવડો લાભ લેતાં શીખવું જોઇએ.

અને એ જ રીતે કાકાસાહેબ કાલેલકરના અસમ (જેને આપણે આસામ કહીએ છીએ તે) વિષેની આ નીચેના લેખમાંની માહિતી આજે પણ કદાચ એટલી જ નવી લાગશે.

કાશ્મીર, કેરલ અને કામરૂપ.—એ ત્રણ હિંદુસ્તાનના તાંત્રિક ત્રિકોણનાં ત્રણ શિર છે. પ્રકૃતિમાતાએ એ ત્રણેને અપ્રતિમ સૌંદર્ય અર્પણ કર્યું છે. કામરૂપનું અતિ પ્રાચીન નામ હતું 'પ્રાગ્જ્યોતિષ'. આજ એ પ્રાન્તને 'અસમ' કહે છે. ઉત્તરમાં હિમાલયથી માંડીને ડફ્લાની પહાડીઓ સુધી, ને દક્ષિણમાં ચેરાપુંજીથી માંડી ગારોની પહાડીઓ સુધી જ્યાં જોઇએ ત્યાં બસ પહાડ ને પહાડ જ છે. એથી જ કદાચ આ પ્રદેશને 'અ-સમ' કહેતા હશે. એક દૃષ્ટિએ જોઇએ તો આ પ્રાન્ત પર કુદરતની અસાધારણ કૃપા છે. સૌથી મોટી ને સૌથી પહોળી નદી બ્રહ્મપુત્રા આ જ પ્રાન્તમાં થઈ વહે છે. નદીના કાંપનો ને પહાડી વૃક્ષોનાં પાંદડાંના ખાતરનો જો હિસાબ કરવામાં આવે તો અહીંની ભૂમિ જેવી ઉપજાઉ ભૂમિ બીજે કશે નથી. ઘાસતેલ ને કોલસા પણ જો કયાંય પાસેપાસે જ ખોદી કાઢવામાં આવતા હોય તો તે પણ અહીં જ. જંગલની સમૃદ્ધિ અને ખનિજ પદાર્થોની સંપત્તિમાં તો આ પ્રદેશ અસાધારણપણે સંપન્ન છે. અનાજ, કપાસ, બટાટા, શાક, ચા, ગળી, જે કંઇ ચીજ આપણે માગીએ તે આપવા આ ભૂમિ તૈયાર છે.

જેમ કાચા માલમાં આ પ્રાન્ત સમૃદ્ધ છે તેમ જ 'કાચી' લોકવસ્તીમાં પણ તે કમ સમૃદ્ધ નથી. નાગા, ખસી, મિકીરી, ગારો, મિરી, આબોર, મિસમિસ આદિ અનેક પર્વતીય અને વન્ય લોકોની આબાદી જ આ પ્રાન્તનો મહત્ત્વનો ભાગ છે. ઇતિહાસ પૂર્વેના કાળની મનુષ્યજાતિનું અધ્યયન કરનારા નૃવંશશાસ્ત્રીઓ માટે અસમ પ્રાન્ત અધ્યયનનું સૌથી શ્રેષ્ઠ ક્ષેત્ર છે. ગોવા, કોંકણ અને કેરલના થોડા હિંમતવાન લોકો જો અહીં આવી વસે ને આમની સાથે એકરૂપ થઇ જાય તો આ પ્રાન્તમાં નવા યુગનો પ્રારંભ થાય; કેમકે આ મુલક પણ ડાંગર, સોપારી, નારિયેળ, માછલી, કેળાં વગેરેનો જ છે અને પશ્ચિમ ભારતમાં જે કંઈ કારીગરી છે, જીવનકલા છે એનો



ચાનાં પાન ચૂંટતી અસમી સ્ત્રી

લાભ અહીંના લોકોને મળતાં એમને પોતાની શક્તિનો સાક્ષાત્કાર થઈ જાય. અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં કુદરત સાથે લડીને કઇ રીતે જીવન ટકાવી રાખવું તેની કળા જેવી આ આરણ્યકો પાસે છે તેવી કદાચ થોડા જ શહેરી અને ગ્રામીણ લોકો પાસે હશે.

અસમ પ્રાન્તમાં ગાયો છે, ભેંસો છે, હાથી હરણાદિ વન્ય પશુઓ પણ છે ને વિશેષ તો એ કે અહીં ખડ્ગવિષાણ ગેંડા પણ છે. જેમ હિંદુસ્તાનનું પ્રતીક હાથી છે, બ્રહ્મદેશનો મોર ને દક્ષિણ આફ્રિકાનો શાહમૃગ છે તેમ અસમનું પ્રતીક આ ગંભીરવેદી ગેંડો છે. અસમ પ્રાંતમાં ઠેરઠેર પાણીનાં સરોવરો છે. એમાં જે સારાંનરસાં ફૂલ ઊગે છે એમનું અમૃત ચૂસીચૂસીને મધ બનાવનારી માખીઓ અહીં અસંખ્ય છે. અસમનું મધ દૂર દૂર જાય છે.

અસમનો ઇતિહાસ છેક મહાભારત કાળથી શરૂ થાય છે. મહાભારતમાં અહીંના રાજા ભગદત્તનો અને એના હાથીઓનો ઉલ્લેખ આવે છે. અનેક રાજાઓની કન્યાઓનું હરણ કરી પોતાનું અંતઃપુર ભરી દેનારો નરકાસુર પણ અહીંનો જ રાજા હતો. શ્રી કૃષ્ણે જ્યારે અસમ પર ચડાઈ કરી ત્યારે સેનાનાયક પદ સત્યભામાએ લીધું હતું. એનું રહસ્ય શું છે? શું શ્રીકૃષ્ણના વખતથી જ આ પ્રદેશમાં સ્ત્રીરાજ્ય હતું? મધ્ય પાંડવ અર્જુનની ચિત્રાંગદા પણ આ પ્રાંતની (મણિપુરની) હતી. શ્રીકૃષ્ણના પુત્રે પણ ચાહ્યું કે અસમની કોઈ કન્યા મળી જાય તો સારું, પણ બિચારો અહીં ફસાઈ ગયો ને અનિરુદ્ધ હોવા છતાં પણ ઉષાના પ્રેમમાં રુદ્ધ થઇ ગયો.

ઇતિહાસ કહે છે કે ગુજરાત-કાઠિયાવાડના કોઈ રાજપુત્રે લંકા જઇને ત્યાંની રાજકન્યા સાથે લગ્ન કર્યાં, તે ઉપરથી દૂરદૂરના સંબંધને વ્યક્ત કરવા માટે ગુજરાતીમાં કહેવત પડી કે 'લંકાની લાડી ને ઘોઘાનો વર.' કિન્તુ એ પહેલાં અનિરુદ્ધે કામરૂપની ઉષા સાથે વિવાહ કરીને હિંદુસ્તાનના બે છેડા બાંધી દીધા હતા. પૌરાણિક કાળના આપણા સૌથી જબરા રખડુ મુસાફરો ત્રણ છે: અમર સંવાદદાતા નારદ, શીઘ્રકોપી બલરામ અને ક્ષત્રિયબ્રાહ્મણ પરશુરામ. દુર્વાસા, દત્તાત્રેય, હનુમાન વગેરે પણ પૂરા રખડુ હતા; પરંતુ એમનાં તીર્થાટનનો ઇતિહાસ મળતો નથી. પરશુરામે હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા પર બહુ ભારે યજ્ઞ કર્યો ને સઘળી ભૂમિ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. પછી એણે જોયું કે પોતાને રહેવા માટે પણ જગ્યા નથી રહી, એટલે એણે પશ્ચિમ સમુદ્રને હઠાવી પોતા માટે એક નાનકડો પ્રદેશ તૈયાર કર્યો જે કોંકણ તરીકે ઓળખાય છે. એ જ પરશુરામનો એક કુંડ અહીં અસમ પ્રાંતમાં સદિયા સ્ટેશનની પૂર્વ તરફ ૫૦ માઈલ પર છે.

પરશુરામના સમયમાં આપણા લોકોમાં નિસર્ગપ્રેમ, ધર્મપ્રચારની વૃત્તિ અને આપણા સીમાન્ત પ્રદેશોમાં જંગી છાવણીઓ નાખવાની લશ્કરી દૃષ્ટિ હતી જ. આજે તો આપણે નિરાશાવાદી, સંકોચપ્રિય અને જડતાના ઉપાસક બની ગયા છીએ. નહિતર આપણે પૂર્વ અને પશ્ચિમના સીમાન્ત પ્રદેશોમાં દેશના પુરુષાર્થી અને દીર્ઘદૃષ્ટિ નવયુવકોનાં મોટાંમોટાં આશ્રમો હમેશ માટે જારી ન રાખ્યાં હોત? એક ચાણક્ય જ માત્ર એવો હતો જે ઉત્તર-પશ્ચિમ સીમાન્ત પ્રદેશોને સંભાળવાનું મહત્ત્વ સમજ્યો હતો.

અસમના પ્રાંતની સૌંદર્યસમૃદ્ધિની અને ભાગ્યલક્ષ્મીની વાત કહી. હવે એની સાથોસાથ, ત્યાં જાણે પોતાનો પક્ષપાત ધોઇ નાખવા માટે કુદરતે જે કોપ આ ભૂમિ પર કર્યો છે એની પણ વાત કરવી જોઇએ. આ પ્રાંત ધરતીકંપોને લીધે ઇતિહાસપ્રસિદ્ધ છે. અસમમાં આજ સુધી એટલા ધરતીકંપો થઇ ગયા છે કે એમનું બયાન વાંચી મનમાં પ્રશ્ન ઊઠે છે કે જ્યાં જ્યાં આ રીતે ધરતી વારંવાર કંપી ઊઠે છે અને ઠેકઠેકાણે ઉત્પાત મચાવી મૂકે છે ત્યાંત્યાં કાં તો તેનાં વૈજ્ઞાનિક કારણો શોધવાની તપાસ થઇને ભૂચાલવિજ્ઞાન નિર્માણ થાય છે અથવા તો મનુષ્ય પોતાની કવિકલ્પના ચલાવી પૌરાણિક કથાઓ રચી નાખે છે. મહાભારતાદિ પ્રાચીન ગ્રંથોમાં ધરતીકંપનો ઉલ્લેખ ને કથાઓ છે ને જાપાન જેવા દેશોમાં સિસ્મોગ્રાફી(ભૂચાલવિજ્ઞાન)નો વિસ્તાર કરવામાં આવે છે. અસમમાં આ બંને વસ્તુ નથી.

ઊંચીઊંચી પહાડીઓ બાદ કરતાં આ પ્રાંતમાં બીજે આબોહવા જેટલી સ્વાસ્થ્યકર હોવી જોઇએ એટલી નથી; આથી અહીંના લોકોમાં જીવનશક્તિ ઓછી હોય છે. પહાડી લોકો અને કિસાનોને ઓછામાં ઓછા ખર્ચમાં જો શુદ્ધ પાણી પીવા મળે તો તેટલાથી યે અસમના કેવળ સ્વાસ્થ્ય પર જ નહિ પણ એના પુરુષાર્થ પર પણ ઊંડી અસર પડશે. ભાગ્ય આગળ આપણે માનવી કોણમાત્ર, એવી જે ફિલસૂફી આજે લોકોના મનમાં ઘર કરી બેઠી છે તેને બદલે એવી ધારણા થઇ જવી જોઇએ કે 'આપણે મનુષ્ય છીએ ને માનવબચ્ચો આત્મબળે સર્વ કંઈ કરી શકે એમ છે.' પ્રકૃતિ પર વિજય મેળવવો એ મનુષ્યનું મોટામાં મોટું મિશન છે. મનુષ્યે વિજ્ઞાન અને રસાયણશાસ્ત્રમાં શોધો કરી પરંતુ હજી સુધી નદીઓને કાબૂમાં રાખવાનું, મોટાંમોટાં જંગલોમાં પરિવર્તન કરવાનું, આબોહવા અને વરસાદમાં ધારી નવીનતા આણવાનું, સમુદ્રોના પ્રવાહોનો લાભ ઉઠાવવાનું, સૂર્યની શક્તિથી સીધી રીતે પ્રાણશક્તિ વધારવાનું, વગેરે વ્યાપક કામોમાં એણે હાથ નથી નાખ્યો.

દક્ષિણમાં આર્ય અને દ્રવિડ લોકોનાં સાન્નિધ્ય, સંઘર્ષ ને સંમિશ્રણની વાત આવે છે; સિંધ, પંજાબ અને સીમાન્ત પ્રદેશમાં આર્ય, સીથિયન, પલ્લવ આદિ જાતિઓનાં મૂળ ઇતિહાસની આપણે શોધ કરી શકીએ છીએ; પ્રાચીન ઇતિહાસની નજરે એ શોધનું મહત્ત્વ બહુ મોટું છે. પરંતુ ભવિષ્યની દૃષ્ટિએ અસમ પ્રાન્તમાં, બ્રહ્મદેશ ચીન તિબેટ આદિ દેશોમાં જે અનેકવિધ જાતિઓ છે એમનાં જીવનસત્ત્વનું ખૂબ ઊંડું અધ્યયન થવું જરૂરી છે. હિંદુસ્તાનમાં આપણે જેને આદિમ નિવાસી કહેવા લાગ્યા છીએ એ સહુ જાતિઓનો વિચાર શ્રીકૃષ્ણના જમાનામાં વૈષ્ણવ ધર્મના પ્રચારકાળમાં પૂરતો થયો હતો. બૌદ્ધ કાળમાં યે એમની વચ્ચે સેવાકાર્ય થયું હશે, પણ આજે તો આપણે અધ્યયન અને સેવા બંનેનો ઇજારો પરદેશીઓને આપી દીધો છે!





અસમિયા સ્ત્રી અને નાગા પુરુષ

અનુસંધાન] **નવી સેક્રેટરી** [પૃ. ૧૨૨થી

તો સુરેન્દ્રની સાક્ષી ટાળી ને ઈન્સ્પેક્ટર રાવલને સ્ટૅન્ડ ઉપર લાવ્યા.

ઈન્સ્પેક્ટર રાવલે જણાવ્યું: 'રાતે ૮ ને ૫૫ મિનિટે ફોન આવતાં અમે ફિંગર પ્રિન્ટ એક્સપર્ટ, પોલીસ સર્જન, સર્વેયર તેમજ કૉરોનરને આવી પહોંચવાની સૂચના આપી ઘટના સ્થળે પહોંચ્યા.

ખુરશી પર પડેલી લાશનું માથું એક તરફ નંખાઈ ગયું હતું. ગોળી ડાબા ખભા નીચે છોડવામાં આવી હતી. સર્વેયરે માપ લીધા પછી પંચ રૂબરૂ તપાસ કરતાં ખિસ્સામાંથી થોડું પરચૂરણ મળી આવ્યું. રેડિયો ચાલુ હતો. હું ગયો ત્યારે રૂમમાં સુરેન્દ્ર મહેતા, ધીરજલાલ અને જયંતીભાઈ એક બાજુ ઊભાઊભા વાતો કરતા હતા. રસ્તા પર પડતી બારી ખુલ્લી હતી. પોલીસ સર્જને પોસ્ટમોર્ટમ માટે લાશ કબજે લીધી. ફિંગર પ્રિન્ટ એક્સપર્ટે પોતાનું કામ શરૂ કરી દીધું હતું. કૉફીના એક તૂટેલા પડેલા કપ પરથી લાગતું હતું કે બે જણે કૉફી પીધી હશે. ફરસ પરથી ગોળી અને બારણામાંથી સાડીનો છેડો મળી આવ્યો. આજુબાજુ તપાસ કરતાં પિસ્તોલ મળી નહિ.

ગુરખા પાસેથી જાણવા મળ્યું કે પ્રથમ ગૌતમ સાથે કામ કરતી પિરોજા બલસારા આવી હતી. સાડા સાત પછી એક અજાણ્યો યુવાન આવ્યો હતો. એ પહેલાં પિરોજા ચાલી ગઈ હતી. યુવાન પાછો ફર્યો તે પછી સાડા આઠના સુમારે ચારુબાલા આવી હતી. એની પાછળ તરત જ સતીશ આવ્યો. બરાબર એ જ સમયે ચારુબાલા દોડતી ચાલી ગઈ. બેત્રણ મિનિટ બાદ સતીશ ચાલ્યો ગયો. પછી ધીરજલાલ અને સુરેન્દ્ર મહેતા આવ્યા હતા.'

ગુરખાની કરેલી વાત બાબતમાં ગણાત્રાએ વાંધો લીધો ત્યારે મસ્લાએ ગુરખાને સ્ટૅન્ડ ઉપર લાવી આપવાની ખાતરી આપી ઈન્સ્પેક્ટરે આગળ ચલાવ્યું: 'લોહી તાજું જ વહી ગએલું હતું એટલે અગાઉ આવી ગએલાનું મહત્ત્વ નહોતું. વળી ડૉક્ટરે ખૂનનો સમય સાડા આઠથી નવ વચ્ચેનો આપ્યો છે.'

વળી ગણાત્રાએ ડૉક્ટરના કથન બાબત વાંધો લીધો એટલે મસ્લાએ ડૉક્ટરની સાક્ષીની ખાત્રી આપી. જુબાની આગળ ચાલી.

'રાતના ઘણું મોડું થયું હતું એટલે અમે સવારે ધીરજલાલે આપેલા સરનામા મુજબ આરોપીના ઘેર ગયા. ત્યારે તેઓ બૉમ્બે સેન્ટ્રલ ગયાં હતાં. અમે એમને સ્ટેશને પકડયાં ને બારણામાંથી મળેલા છેડાવાળી સાડી એના ટ્રંકમાંથી કબજે લીધી.' અત્રે પ્રોસીક્યુટરે એ સાડી અને ટુકડો કોર્ટને સોંપ્યાં એ સાથે સર્વેયરનો નકશો પણ આપ્યો. ગણાત્રાએ કશો વાંધો લીધો નહિ. હવે તેણે ઊલટ તપાસ શરૂ કરી:

'તમને હથિયાર મળ્યું છે?' 'ના'

'ગોળી મળી છે?' 'હા.'

'કેટલા કૅલીબરની છે?'

'૦.૩૮' ઈન્સ્પેક્ટરે જવાબ આપ્યો.

'તો એને પુરાવા તરીકે કેમ રજૂ કરતા નથી?'

'કારણ હથિયાર મળ્યું નથી. વળી સર્જન ઠરાવે કે ખૂન પિસ્તોલથી થયું છે ત્યારે જ ગોળી પુરાવો બને છે.'

'તમે જે અજાણ્યાને શોધી શક્યા નથી એ ખૂની હોવાનો સંભવ છે. તો પછી મારા અસીલ પર ઉતાવળો આરોપ કેમ મૂકાય છે?'

'કારણ કે એ માણસ સાડા સાતે આવીને ચાલ્યો ગયો હતો; જ્યારે ખૂન ઘણું મોડું, સાડા આઠ પછી થયું. એથી પેલા ઇસમનું મહત્ત્વ નથી. આરોપી નાસી જતી પકડાઈ છે એટલે એ ગુનેગાર છે એ દીવા જેવું સ્પષ્ટ છે.'

'તમને જેમ સાડી મળી આવી એમ મારી અસીલ પાસેથી પિસ્તોલ ન મળી?'

'સંભવ છે કે એણે ક્યાંક છુપાવી હોય.'

'તો સાડી શા માટે ન છુપાવે?'

ઈન્સ્પેક્ટરે જવાબ ન આપ્યો; પણ પ્રોસીક્યુટર બોલી ઊઠયા: 'મિ. ગણાત્રા કારણ વિનાના પ્રશ્નો પૂછી કોર્ટનો સમય બગાડી રહ્યા છે.'

'જી, ના. હું તો ઇન્સ્પેક્ટરનું પૂર્વગ્રહયુક્ત માનસ બતાવવા માગું છું. એમણે મારી અસીલના ઘરની તપાસ તો કરી જ હતી, ને પિસ્તોલ મારી અસીલ પાસેથી મળી નથી, કારણ કે એણે ખૂન કર્યું જ નથી.'

કોર્ટે કહ્યું: 'ખૂન કરનારનું માનસ કોઈ જાણી શકતું નથી, મિ. ગણાત્રા. બીજું કંઇ પૂછવું છે?'

'જી, ના. થૅંક યુ.' ત્યાર બાદ રિસેસ પડી.

× × ×

રિસેસ પછી પોલીસ સર્જનની જુબાની શરૂ થઈ. એમણે પોસ્ટમોર્ટમ કરી અભિપ્રાય આપ્યો હતો કે પિસ્તોલની ગોળી હૃદય પર વાગવાથી એનું મૃત્યુ થયું હતું. લોહી અને શરીરના ટેમ્પરેચર પરથી એમણે ખૂનનો સમય સાડા આઠથી નવનો જણાવ્યો હતો. વળી ફરસ પર લોહી હતું તેમજ ગોળી પણ મળી આવી હતી. ગોળીને પુરાવા તરીકે રજૂ કરવામાં આવી.

ગણાત્રાએ ઊલટતપાસ શરૂ કરી: 'તમે મરનારની હોજરી તપાસી હતી? એમાં કશું અસાધારણ જણાયું હતું?'

'હા. એના ખોરાકમાં કેફી પદાર્થ હતો. મરતાં પહેલાં દોઢેક કલાક અગાઉ એણે એવો પદાર્થ કૉફી સાથે લીધો હોવો જોઇએ.'

'મગજ અને અન્ય અવયવો તપાસતાં કશો ખાસ પ્રકાશ પડે છે ખરો?' વકીલે પૂછવા ખાતર પૂછ્યું.

'હા, એના મગજને આંચકો લાગ્યો નહોતો એમ લાગે છે. મરતાં પહેલાં એ બેભાન હોવો જોઇએ.'

'કેટલા સમયથી બેભાન હશે?'

'ઓછામાં ઓછા અરધા કલાકથી તો ખરો જ.'

'થૅંક યુ.' ગણાત્રાએ કહ્યું.

ફિંગરપ્રિન્ટ એક્સપર્ટ મિ. જોશી સ્ટૅન્ડ પર આવ્યા. એમણે કૉલ આવતાં ઘટનાસ્થળે જઈ કેટલીક છાપો ઉપસાવી ફોટોગ્રાફ લીધા હતા. આરોપીનાં આંગળાંની છાપ ખુરશી અને બારણા પરથી મળી આવી હતી. સરકારી વકીલે તે છાપો આંક પર લેવડાવી.

'બીજી કોઈ છાપ ત્યાંથી મળી આવી હતી ખરી?' 'હા.'

'એ તમે ઓળખવા પ્રયત્ન કર્યો હતો? એ છાપ કોની કોની હતી?'

'હા, ઘણીખરી મરનારની જ છાપો હતી. એ સિવાય જુદેજુદે સ્થળેથી ધીરજલાલ, સુરેન્દ્ર મહેતા, પિરોજા બલસારા, સતીશચંદ્ર વગેરેની છાપો મળી આવી હતી.'

'એમાં એકે છાપ ઓળખાય નહિ એવી હતી?'

'હા, બારણા પરથી એક એવી છાપ મળી છે.'

'નામદાર, આ બધી છાપ રેકર્ડ પર લેવાય એવી વિનંતી છે.'

'મને વાંધો નથી.' મસ્લાએ કહ્યું.

'રેડિયો પરથી કોઇની છાપ મળી આવી છે?' ગણાત્રાએ પૂછ્યું.

'હા, પિરોજા બલસારાની.'

'મરનારની છાપ પણ ત્યાંથી મળી હશે!' 'જી, ના.'

'થૅંક યુ.' વકીલે એમને રજા આપી.

ગુરખાએ પોતાની જુબાનીમાં જણાવ્યું કે પોતે એ ફ્લૅટમાં બે વર્ષથી કામ કરે છે અને મકાનમાં રહેનાર સૌને ઓળખે છે. એ દિવસે નવા આવનારાઓને એણે ઓળખી બતાવ્યા હતા અને લાઇન-

માં ચારુબાલાને પણ ઓળખી બતાવી હતી. એણે ઈન્સ્પેક્ટરે જણાવ્યા મુજબ જ આવનારાઓનો ક્રમ બતાવ્યો હતો. ગણાત્રાએ એને ઊલટ-માં કંઇ પૂછ્યું નહિ. પછી જયંત દેસાઇની સાક્ષી શરૂ થઇ:

ગૌતમના પડોશી જયંત દેસાઇને એની સાથે નજીવો સંબંધ હતો. ક્યારેક ગૌતમ એમની પાસેથી 'નભોવાણી' લઈ જતો. બનાવને દિવસે આઠ વાગ્યે પોતે રેડિયો સાંભળતા હતા ત્યારે વારંવાર કૉલબેલ વાગતો સંભળાયો હતો. તે પછી થોડી વારે ધીરજલાલ એમના રૂમમાં ફોન કરવા આવ્યા હતા. એથી એમને આ વાતની ખબર પડી હતી. વકીલ ગણાત્રાએ ઊલટતપાસમાં પૂછ્યું: 'તમે રેડિયો પર કયો પ્રોગ્રામ સાંભળી રહ્યા હતા?'

'નાટ્યકાર વ્રજકાન્ત મહેતાનું રૂપક.'

'ગૌતમના રેડિયો પર શું વાગતું હતું એનો તમને ખયાલ છે?'

'ત્યાંથી પણ આ રૂપકનો જ અવાજ આવતો હતો.'

'તમે પિસ્તોલનો અવાજ પણ સાંભળ્યો હશે.' ગણાત્રાએ પૂછ્યું.

'જી, ના. મેં એવો કશો અવાજ સાંભળ્યો નથી. સિવાય કે ધીરજલાલ મારી રૂમમાં આવ્યા ત્યારે રેડિયો-રૂપકમાં નાયકે આપઘાત કરવા માટે પોતાની ખોપરીમાં બાર કર્યા તે બે બારનો અવાજ મેં રેડિયો પરથી સાંભળ્યો હતો.'

કોર્ટમાં હસાહસ થઈ ગઈ. જજ સાહેબે પણ એમાં સાથ પુરાવ્યો.

'નાટિકામાં થએલ. પિસ્તોલના બાર જ તમે સાંભળ્યા હતા એની તમને ખાતરી છે?' 'જી.'

'બીજો કોઈ પિસ્તોલનો અવાજ સાંભળ્યો નહોતો?'

'જી, ના.'

'થૅંક યુ.' વકીલે એમને રજા આપી. પછી સતીશની જુબાની આવી.

'હું સ્વાભાવિક જિજ્ઞાસાથી પ્રેરાઈ નીકળ્યો. ચારુ ને ગૌતમ વચ્ચે શી વાત થઈ એ જાણવા મેં પ્રયત્ન કર્યો હતો, પણ ચારુએ વાત ઉડાવી હતી. લગભગ સાંજે સાડાસાતે મેં એને ફોન કર્યો; પણ એ ઘેર નહોતી, એથી હું ગણાત્રાની ઑફિસે એની તપાસ કરવા ગયો. નીચે જ મેં ચારુને જતી જોઇ એટલે હું એની પાછળપાછળ ગયો. એ બસમાં બેસીને હ્યુજિસ રોડ ઊતરી અને 'કમલ'માં ઉપર ગઈ એટલે હું પણ પાછળ ગયો. પણ એ ત્યાં નહોતી. બંધ બારણું ખોલવા મેં પ્રયાસ કર્યો પણ ઊઘડ્યું નહિ.'

'તમે ચારુની પાછળ કેટલું અંતર રાખી ચાલતા હતા?' ગણાત્રાએ પૂછ્યું. 'કેટલાક વખતમાં એ અંતર કાપી શકાય?'

'આશરે ત્રણેક મિનિટના રસ્તે તે મારાથી આગળ હતી.'

'તમે ત્યાં પહોંચ્યા ત્યારે પિસ્તોલનો અવાજ સંભળાયો હતો?'

'જી, ના. ફક્ત રેડિયો પરનો અસ્પષ્ટ અવાજ સંભળાતો હતો.'

'તમે પિસ્તોલનો કોઈ બાર સાંભળ્યો નથી એની તમને ખાતરી છે?'

'હા.' 'વકીલે એને રજા આપી. એ પછી કોર્ટનો સમય પૂરો થયો હોવાથી કેસ બંધ રહ્યો. બીજી મુદત બે દિવસ પછીની પડી.

* * *

વકીલ ગણાત્રાને લાગ્યું કે જો ચારુએ ખૂન ન કર્યું હોય તો એણે તો બારણું બંધ કરી દીધું હતું. એટલે સુરેન્દ્રે જોયું તે સમય પહેલાં અંદર કોઇ હશે એણે ખૂન કર્યું હોય! પણ ખૂન કરનાર આવ્યો ક્યાંથી? પાછળની ઉઘાડી બારીમાંથી? ગૌતમની નીચે રહેનારની મુલાકાત લીધી હોય તો આ પ્રશ્નનો જવાબ મળે. એટલે ઑફિસનું કામ પતાવી વકીલ તરત જ હ્યુજિસ રોડ પર 'કમલ'માં આવ્યા. ગૌતમના ફ્લૅટ નીચેના મકાન પર બોર્ડ હતું: હરસુખરાય અંબાણી, મૅનેજિંગ ડિરેક્ટર, શ્રી વિભૂતિ મિલ્સ લિમિટેડ, પરેલ.' 'વકીલે કૉલબેલ દાબ્યો. નોકરે બારણું ઉઘાડી એમને અંદર લીધા. દીવાનખાનામાં શેઠ સાથે સતીશને બેઠેલો જોઈ વકીલને આશ્ચર્ય થયું.

'સતીશભાઈ, તમે અહીં?'

'હું પણ આપને એ જ પૂછવા જતો હતો.'

'શેઠસાહેબ,' સતીશે હરસુખરાય તરફ જોઈ ચલું રાખ્યું: આ ચારુના વકીલ ગણાત્રા છે; ને વકીલ સાહેબ, આ છે અમારા શેઠ હરસુખરાય. અમે એમની મિલના સોલ સેલિંગ એજન્ટ છીએ.'

'આવો વકીલ સાહેબ, તમારા વિષે તો ઘણું સાંભળ્યું હતું. આજે રૂબરૂ મળવાનો લાભ મળ્યો.'

'જી, હું આપને થોડી તક્લીફ આપવા આવ્યો છું. ચારુના કેસમાં લાગે છે કે ખૂની પાછલી બારીએથી આવ્યો હોય, એટલે હું એની તપાસ કરવા આવ્યો છું.'

'હું પણ તમારી જેમ એ જ તપાસ કરવા આવ્યો છું' સતીશે કહ્યું: 'ચાલો આપણે પાછલી ગૅલેરીમાં જઇએ.'

વકીલ, સતીશ અને શેઠ ગૅલેરીમાં ગયા. ત્યાંથી કોઈ ચડીને ઉપર જઇ શકે એવી શક્યતા નહોતી.

'તમે પિસ્તોલનો અવાજ સાંભળ્યો હતો?' વકીલે શેઠને પૂછ્યું.

'હા, પણ રેડિયોમાં જે એક સંભળાયો તે જ, બીજો નહિ.'

'તમે ખાતરીથી કહો છો કે એક જ અવાજ સંભળાયો હતો?'

'હા, હા; રેડિયો-નાટકનો નાયક આપઘાત કરવા પિસ્તોલનો બાર કરે છે. કામ એક જ ગોળીથી પત્યા પછી મરેલો માણસ બીજો બાર કેવી રીતે કરી શકે? અને આ તો રેડિયોવાળા. એવી ભૂલ તેઓ થવા જ કેમ દે?' વકીલને તરત વિચાર આવ્યો કે તો પછી પડોશી જયંતીભાઇને બે અવાજ કેમ સંભળાયા? એમનો ભ્રમ હશે?

વિચાર કરતા તેઓ સતીશ સાથે નીચે આવ્યા અને એના ચાના આમંત્રણનો સ્વીકાર કરી એની સાથે આફ્રિકાવાળી મોટરમાં બેસી ગયા. તકનો લાભ ઉઠાવી એમણે સતીશને પૂછ્યું: 'તમે સગપણ તોડવા રાજી નથી, કેમ?'

'હં.' એણે એકાક્ષરી જવાબ આપ્યો.

'તમે ચારુને ખૂબ ચાહો છો એ ધીરજલાલ જાણે છે?' 'હા.'

'તો તેઓ શા માટે કેટલીક વાતો છુપાવે છે?' 'કયી વાતો?'

'તમે ઈન્દુ મહેતાની કંપનીની ભાગીદારી શા માટે છોડેલી, અને પછી શા માટે ફરીથી તેમાં જોડાયા?'

'પિતાજીએ કોર્ટમાં જવાબ આપ્યો છે.' સતીશે વાત કાપી.

'એમ વાત ઉડાવો નહિ. હું માનું છું કે ઈન્દ્રવદન શેઠ દાણચોરી કરતા હતા. સુરેન્દ્રનો એમાં સાથ હતો. તમે એનાથી વિરુદ્ધ હતા એટલે તમે ભાગીદારી છોડી. પણ ઇન્દ્રવદનના મૃત્યુ બાદ સુરેન્દ્ર મહેતાને તમારાં કેટલાંક રહસ્યો જાણવા મળ્યાં, જે બહાર પડે તો તમારી પ્રતિષ્ઠા જાય. એથી એના દબાણને વશ થઈ તમે ફરી પેઢીમાં જોડાયા.'

સતીશ કંઇ બોલ્યો નહિ. ગણાત્રાએ ચલાવ્યું: 'હવે એક વાત જણાવશો? તમે સુરેન્દ્રની એવી કઈ પકડમાં આવી ગયા છો?'

'એ વાત કેસ પતી ગયા પછી હું તમને કહીશ.' સતીશે કહ્યું: 'પણ તમે ચારુએ સ્વરક્ષણાર્થે ખૂન કર્યું છે એ બચાવ શા માટે લેતા નથી?'

'કારણ કે જે પિસ્તોલ વડે ખૂન થયું એ હજી મળી નથી.' ગણાત્રા બોલ્યા: 'એ તો જોયું જશે; પણ આવતી કાલે વીમાનો કેસ છે એમાં મારે તમારી થોડી મદદ જોઇએ છે.' 'ખુશીથી.'

'ઈન્દ્રવદન શેઠે તમારા પિતાજી ઉપર બે ગોળી છોડી. એમાંની એક એમને વાગી તો બીજી ક્યાં ગઈ? જો એ બારી બહાર ગઈ હોય તો મળ્યા વિના રહે નહિ. એટલે એ રૂમમાં ક્યાંક હોવી જોઇએ.

આપણે એની તપાસ કરીએ તો?'

'મને વાંધો નથી.' અને ગાડી 'રત્નાકર' આગળ આવી ઊભી રહી.

ધીરજલાલને જે રૂમમાં ગોળી વાગી હતી એ રૂમમાં સતીશ વકીલને લઇ ગયો. એ રૂમનું એક બારણું ને બારી લૉબીમાં પડતાં હતાં. ધીરજલાલ ક્યાં બેઠા હતા ને ક્યાં ગોળી વાગી હતી એ સતીશે બતાવ્યું.

વકીલે જોયું કે બારીમાંથી છોડેલી ગોળીનો બાર સામેની બારીમાંથી બહાર જવો શક્ય નહોતો કેમ કે ધીરજલાલ બારીની એક તરફ બેઠા હતા. નાસતાં નાસતાં છોડાએલી ગોળી કાં તો ધીરજલાલને વાગે, કાં તો સામેના ચોપડીઓના કબાટને વાગે કેમ કે ધીરજલાલ કબાટ પાસેના ટેબલ આગળ બેઠા હતા; બારી તો બાજુમાં હતી.

વકીલે કબાટ, ટેબલ, ખુરશી વગેરે ખૂબ બારીકાઈથી જોયાં. સામેની બારીમાં પણ કંઇ ન જણાયું. લૉબીમાં પડતી બારી ને સામેની બારી એક લાઈનમાં નહોતી. વકીલે લૉબીની બારી તપાસવા માંડી. અચાનક એમની નજર બારીના બારસાખ ઉપર પડદાના હૂકની બાજુમાં પડી. ત્યાં એક કાણા જેવું દેખાયું. એમણે સતીશને બોલાવી બૅટરી માગી. વકીલે બૅટરી વડે કાણામાં જોયું અને સતીશને પણ બતાવ્યું. તરત જ એમણે પોલીસને બોલાવવા, ને શક્ય હોય તો આ કેસથી પરિચિત પોલીસ ઈન્સ્પેક્ટર રાઠોડને તેડાવવા જણાવ્યું.

થોડી વાર વકીલ વિચારમાં પડી ગયા. અહીં ગોળી વાગે કેવી રીતે? કેમ કે ગોળી બારીમાં ખૂબ ઊંચે હતી. બારીમાંથી ગોળી છોડનારનો બાર ઊંચે જાય જ નહિ. ત્યારે? વકીલે ઊંચે બારસાખ તરફ નજર કરી. લૉબીની ફરશથી ગોળી લગભગ પાંચ ફૂટ ઊંચાઈએ બારસાખમાં ખૂંપી ગઈ હતી. એમણે કાણાનો ખૂણો જોયો. એ ઉપરથી એમને લાગ્યું કે લૉબીના બારણા આગળથી કોઈએ ગોળી છોડી હોય તો તે બારસાખમાં વાગે.

ઈન્દ્રવદને બારણામાંથી તે બારી પર ગોળી શા માટે છોડી? ધીરજલાલ તો અંદર હતા. જ્યારે આ ગોળી તો લૉબીમાંથી છોડવામાં આવી હતી. વકીલ મૂંઝાયા. એમણે સતીશને પોતાનો તર્ક સમજાવ્યો. પછી કહ્યું: 'એમ લાગે છે કે કદાચ ધીરજલાલ પર ગોળી છોડનાર કોઈ બીજો હોય અને ઇન્દ્રવદને એના પર જ ગોળી છોડી હોય. એથી ધીરજલાલે બે અવાજ સાંભળ્યા અને ગભરાટમાં ઈન્દ્રવદને પોતાના પર ગોળી છોડી એમ જણાવ્યું. જો આ શક્ય હોય તો આ બારસાખમાંની ગોળી અને ધીરજલાલના શરીરમાંથી નીકળેલી ગોળી જુદા જુદા કૅલીબરની હોવી જોઇએ.' સતીશ બોલ્યો: 'પોલીસ આવે એટલે આપણે એમને આપણી વાત સમજાવી બંને ગોળીઓ તપાસવા કહીએ.' સતીશને હવે ગણાત્રા માટે માન ઉત્પન્ન થયું હતું.

થોડી વારમાં પોલીસ આવી. સાથે ઇન્સ્પેક્ટર રાઠોડ, બૅલાસ્ટિક એક્સ્પર્ટ કોરડે અને વાલકેશ્વર પોલીસ ચોકીના ઈન્સ્પેક્ટર કરમરકર પણ હતા. પરસ્પર ઓળખવિધિ થયા પછી કોરડેએ સાવચેતીથી ગોળી કાઢી. દરમ્યાન વકીલે કાણાના ખૂણા પરથી ગોળી ક્યાંથી છૂટી હશે એ સમજાવ્યું. બંને ઈન્સ્પેક્ટરોએ આ વાત સ્વીકારી. એમણે સ્ટેટમેન્ટ તૈયાર કર્યું અને બધાની સહીઓ લીધી.

'મિ. રાઠોડ,' ગણાત્રા બોલ્યા: 'તમને હરકત ન હોય તો ધીરજલાલના શરીરમાંથી મળેલી ગોળી, ઇન્દ્રવદનની ખોપરીમાંથી મળેલી ગોળી, ને આ ગોળી, ત્રણેને સરખાવી જોજો. ત્રણે ઈન્દ્રવદનની પિસ્તોલમાંથી છૂટી છે, ને ત્રણ ગોળી મળી આવી છે; તો ત્રણે સરખી જ હશે. આ પરથી ઈન્દ્રવદને આપઘાત કર્યો છે કે કેમ તે પણ જણાશે.'

'એ બાબત હું યોગ્ય કરીશ.' મિ. રાઠોડે જણાવ્યું.

દરમ્યાનમાં આવેલી ચાને સૌ ન્યાય આપતા હતા, ત્યાં ધીરજલાલ આવી ચડ્યા. એમણે જણાવ્યું કે પોતે અને સુરેન્દ્ર મહેતા ઈન્દ્રવદનની પત્નીને આશ્વાસન આપવા ગયા હતા, ત્યાં પોલીસે ઘરની ફરી જડતી લીધી અને પોલીસને બે માળ વચ્ચેની છીંડીમાંથી પિસ્તોલ મળી આવી છે.' વકીલ આ સાંભળી જરા ચમક્યા. એમણે પૂછ્યું: 'પિસ્તોલ પરના નંબર પરથી જણાયું હશે કે એ કોની છે?'

'પોલીસ તરત ચાલી ગઈ અને ચારુબાલાની બાને હિસ્ટીરિયા આવી ગયો એથી અમે ડૉક્ટરને બોલાવી એમની સારવારમાં પડ્યા અને અંતે પાડોશીને ભલામણ કરી ઘેર આવ્યા.'

વકીલ વિચારમાં પડી ગયા.

* * *

આજે વકીલને વીમાના ક્લેઈમનો સિવિલ સૂટ લડવાનો હતો. ધીરજલાલની જુબાની હતી. ક્લેઈમ માટે વધુ પુરાવા મળ્યા હતા.

'નામદાર,' વીમા કંપનીના વકીલ દેસાઈ બોલ્યા: 'હવે મારે ધીરજલાલની જુબાની આપવાની છે. મિ. ધીરજલાલ આ તરફ આવશો?' ધીરજલાલે આવીને સોગંદ લીધા.

'નામદાર,' ગણાત્રાએ જણાવ્યું: 'ધીરજલાલે આપેલ સ્ટેટમેન્ટ હું સ્વીકારું છું. હવે મારે તે બાબત ઊલટ તપાસ કરવી છે. સરતપાસ કરી નકામો સમય શા માટે બગાડવો?'

કોર્ટે એ વાત મંજૂર રાખી. મિ. દેસાઈ પણ ખુશ થયા. ધીરજલાલનું સ્ટેટમેન્ટ વાંચવામાં આવ્યું. ધીરજલાલે એ પોતાનું જ છે એમ કબૂલ કર્યું. પછી ગણાત્રાએ ઊલટ તપાસ શરૂ કરી: 'ઈન્દ્રવદને તમારા પર કેટલા બાર કર્યા હતા?' 'બે.'

'તમને તો એક જ ગોળી વાગી હતી. તો બીજી ક્યાં ગઈ?'

'તે બારીની બારસાખમાં જ ખૂંપી ગઈ હતી. ગઈ કાલે આપની રૂબરૂમાં જ કાઢવામાં આવી હતી.'

કોર્ટને વાતમાં રસ પડ્યો. લોકો પણ નવાઈ પામ્યા.

'એ બારી ક્યાં આવી?'

'અમારા ફ્લૅટની લૉબીમાં.'

'આપને ખયાલ છે કે જ્યાં ગોળી ખૂંપી હતી એ જગ્યા ફરશથી કેટલી ઊંચી હશે?' 'લગભગ પાંચ ફૂટ.'

'ઈન્દ્રવદન કેટલા ઊંચા હશે?'

'નામદાર,' મિ. દેસાઈ બોલ્યા: 'વકીલ સ્ટેટમેન્ટની વાતોથી બહાર જાય છે. ઊલટમાં આ વાત ન પૂછી શકાય.'

કોર્ટે વાંધો નામંજૂર કર્યો. એમણે કહ્યું કે અલબત્ત, મિ. દેસાઇનો વાંધો સાચો હતો, પણ ઊલટમાં વધારે પ્રકાશ મળતો હતો.

'મારી જ ઊંચાઈના—લગભગ સવા પાંચ ફૂટ.'

'તો એમણે જે બે બાર કર્યા એમાંનો બીજો જ આપને વાગ્યો હોવો જોઇએ; કારણ કે પહેલો ખાલી ગયો હોય તો જ બીજો કરવાપણું રહે. હવે પહેલો બાર બારીની એટલી (પોતાના માપ જેટલી) ઊંચાઈએ કરવાનું કાંઇ કારણ ખરું? તેમ થઈ શકે ખરું?'

કોર્ટને વાત સાચી લાગી. લોકો પણ વિચારમાં પડી ગયા. પણ મિ. દેસાઈ તરત જ સજાગ થઈ ગયા.

'નામદાર,' એ બોલ્યા: 'મારા સાક્ષી માનસશાસ્ત્રી નથી કે ગુનેગારે શા માટે આમ બાર કર્યો કે તેમ બાર કર્યો એ જાણી શકે?'

'નામદાર,' ગણાત્રા બોલ્યા: 'આમાં માનસશાસ્ત્રનો સવાલ નથી. આ તો તર્કસિદ્ધ છે, કે પહેલો બાર જે બારસાખમાં થયો છે તે બારીમાંથી ઊભા રહીને થઈ જ ના શકે. વળી એના સમર્થનમાં હું મારો બચાવ યોગ્ય સમયે રજૂ કરીશ.'

કોર્ટે ધીરજલાલને કહ્યું, 'જવાબ આપો.'

'જી, એમ ના બની શકે.'

'થૅંક યુ.' ગણાત્રા બોલ્યા. ધીરજલાલે સ્ટૅન્ડ છોડયું. મિ. દેસાઈ બોલ્યા: 'ધીરજલાલની જુબાનીથી અમારો કેસ પૂરો થાય છે. ઈન્દ્રવદને પોતાના જૂના મિત્ર અને વેવાઈ પર અવિચારીપણે પિસ્તોલથી બાર કર્યા પછી પશ્ચાત્તાપથી પીડાઈ આપઘાત કર્યો છે. એથી એમને વીમો મળી શકે નહિ. તેમજ એમણે ત્રણ વર્ષ સુધી પ્રીમિયમ ભર્યાં નથી એટલે ભરેલી રકમ પણ મળે નહિ.'

ગણાત્રા બોલ્યા: 'નામદાર, મારો કલેઈમ સાચો છે. એના સમર્થનમાં હું કેટલાક પુરાવા રજૂ કરીશ. અલબત્ત, આ માગણી કોર્ટની રસમ વિરુદ્ધની છે, પણ ન્યાયની ખાતર આપ મને ધીરજલાલની ઊલટ તપાસમાંથી ઊભા થતા મુદ્દાઓ રજૂ કરવા તક આપશો એવી વિનંતી છે. ઈન્દ્રવદને બે બાર કર્યાનું ધીરજલાલ જણાવે છે, જ્યારે બારીમાંથી બે બાર થઇ શકે નહિ, કારણ કે એક બાર તો બારીની બારસાખ પર વાગ્યો હતો, એટલે તે બાર કોઇ બીજી જગ્યાએથી બીજા કોઇ એ ત્યાં કર્યો છે. ઈન્દ્રવદને જ તે બાર કર્યો હોય તો શા માટે ત્યાં કર્યો? કારણ કે ત્યાં કોઇ ઊભું હતું. તેને ઈન્દ્રવદન શા માટે મારે? કારણ કે તેણે જ ધીરજલાલ તરફ પિસ્તોલ તાકી હતી. એ વ્યક્તિ ધીરજલાલ ઉપર બાર ન કરે તે માટે ઇન્દ્રવદને એને ગોળી મારી હોય. અગર નામદાર રજા આપે તો જેમણે આ ગોળી શોધી કાઢવામાં સહાય કરી છે એ ઈન્સ્પેક્ટર રાઠોડની જુબાની અને બૅલાસ્ટિક એકસપર્ટનો રિપોર્ટ આપની સમક્ષ રજૂ કરું.'

'નામદાર, અમારો વાંધો છે.' દેસાઈએ કહ્યું.

'જુઓ, મિ. દેસાઈ, આ જુબાની ગણાત્રા કહે છે એ મુજબ ન્યાયને મદદકર્તા હશે તો જ એને રેકર્ડ પર રાખીશું. નહિતર તમારો વાંધો મંજૂર રહેશે.' કોર્ટે ફેંસલો આપ્યો. અને ગણાત્રાના પહેલા સાહેદ તરીકે ઈન્સ્પેક્ટર રાઠોડ આવ્યા.

'કાલે વાલકેશ્વર પોલીસ ચોકીના ઈન્સ્પેક્ટર સાથે હું 'રત્નાકર'માં ગયો હતો. ત્યાંથી સતીશચંદ્ર અને ગણાત્રાની રૂબરૂમાં અમે ધીરજલાલના રૂમની બારીની બારસાખમાંથી એક ગોળી મેળવી હતી. હા, તે બારી લૉબીમાં પડતી હતી. ધીરજલાલને પણ ગોળી ત્યાંથી મરાઈ હોય એમ લાગતું હતું. ધીરજલાલ બેઠા હતા એ સ્થિતિ તથા એમને વાગેલા ઘા પરથી કહી શકાય કે ધીરજલાલને ગોળી ત્યાંથી જ વાગી હતી.' ગણાત્રાને તો હતું કે રાઠોડની જુબાની, તે ફરિયાદપક્ષે હોઈ ચોક્કસઆરીતનીઆવશેનહિ.પણએમનેઆજેરાઠોડ માટે માન થયું.

રાઠોડની જુબાની આગળ ચાલી: 'આમ બારીની બારસાખ અને ધીરજલાલ પર જુદેજુદે સ્થળેથી ગોળીઓ છોડવામાં આવી હતી. બારીની બારસાખ પર ગોળી બારણામાંથી છોડવામાં આવી હતી.'

ગણાત્રાએ પૂછ્યું: 'તમે બારીમાંથી નીકળેલી ગોળી તથા ધીરજલાલના શરીરમાંથી નીકળેલ ગોળી એ બંને સરખાવી જોઈ હતી?'

'હા.'

'કેટલા કૅલિબરની હતી?' '૦-૩૮ની'

'ઇન્દ્રવદનના શરીરમાંથી નીકળેલી ગોળી પણ સરખાવી હતી?'

'હા, તે પણ ૦-૩૮ કૅલિબરની હતી.'

'તે ત્રણે ગોળીઓ ઇન્દ્રવદનની લાશ પાસેથી મળી આવેલી પિસ્તોલમાંથી છૂટી હતી?' 'ના.'

'ત્યારે?' ગણાત્રાને પણ આશ્ચર્ય થયું.

'બારસાખમાંથી મળી આવેલી ગોળી જ માત્ર ઈન્દ્રવદનની પિસ્તોલમાંથી છૂટી છે. બાકીની બંને બીજી કોઈ પિસ્તોલમાંથી છૂટેલી છે.'

'એ તમે કેવી રીતે કહી શકો?' ગણાત્રાએ પૂછ્યું.

'દરેક પિસ્તોલમાંથી છૂટતી ગોળી પર પિસ્તોલના બૅરલના એક પ્રકારના ઘસારાનાં ચિહ્નો હોય છે. એને પિસ્તોલના હસ્તાક્ષર કહી શકાય. કોઇ પણ બે પિસ્તોલમાંથી છૂટેલી ગોળીઓ કદી એકસરખા ઘસારાનાં ચિહ્નો ધરાવતી નથી. અને એક પિસ્તોલમાંથી છૂટેલી દરેક ગોળી પર આવાં એક જ પ્રકારનાં ચિહ્ન કે નિશાન હોય છે. અમે સૂક્ષ્મદર્શક યંત્ર વડે આવી ગોળીઓ સરખાવીએ છીએ. અમારા બૅલાસ્ટિક એકસપર્ટે ગઈ કાલે જ ઈન્દ્રવદનની પિસ્તોલમાંથી રૂના ધોકડામાં એક ટેસ્ટ બુલેટ છોડી હતી. એની સાથે આ ત્રણે ગોળીઓ સરખાવી જોતાં માલૂમ પડયું કે બારસાખમાંથી મળી આવેલી ગોળી જ ઈન્દ્રવદનની પિસ્તોલમાંથી છૂટેલી છે. જ્યારે ઈન્દ્રવદન અને ધીરજલાલના શરીરમાંથી મળી આવેલી બંને ગોળીઓ એક જ પિસ્તોલમાંથી છૂટેલી છે. પણ એ પિસ્તોલ મળી આવી નથી.' ઇન્સ્પેક્ટરે આખી વાત વિગતે સમજાવી.

'આ બાબતમાં તમે ચોક્કસ છો?'

'જી. હા. અમારા બૅલાસ્ટિક એકસપર્ટ મિ. કોરડેનો રિપોર્ટ મારી પાસે જ છે.' ગણાત્રાએ એ રિપોર્ટ આંકમાં લેવા કોર્ટને વિનંતી કરી, જે મિ. દેસાઈનો વિરોધ નામંજૂર કરી કોર્ટે સ્વીકારી.

મિ. દેસાઈએ પૂછ્યું: 'તમે કહી શકો છો કે બાકીની બે ગોળીઓ જે ઈન્દ્રવદનની પિસ્તોલમાંથી છૂટી નથી તે ઇન્દ્રવદને બીજા કોઈ હથિયારથી છોડી નહિ હોય?'

'જી, ના. ઈન્દ્રવદન પાસે બે પિસ્તોલ હોઇ શકે નહિ.'

'થૅંક યુ.' દેસાઈએ ઈન્સ્પેકટરને રજા આપી ગણાત્રાએ જણાવ્યું: 'નામદાર, મારે હવે બીજા સાક્ષી આપવા જ નથી, કારણ કે હવે સાબિત થઈ ચૂક્યું છે કે ઈન્દ્રવદને આપઘાત કર્યો નથી, કારણ કે—

(૧) લાશ પાસેથી મળી આવેલી ઈન્દ્રવદનની પિસ્તોલમાંથી ઇન્દ્રવદને બીજે ગમે ત્યાં બે બાર કર્યા હશે, પણ ત્રીજો બાર, યા તેમાંનો એક જ બાર તેણે ધીરજલાલની બારી પર કર્યો હતો; જ્યારે ધીરજલાલ પર અને ઈન્દ્રવદન પર તો ત્રીજા જ કોઈએ બાર કર્યો હશે.

(૨) ઇન્દ્રવદને બહાર નીકળતાં જોયું કે કોઈ માણસ ધીરજલાલ ઉપર ગોળી ચલાવવાનો પ્રયત્ન કરતો હતો; એટલે તેને મારવા ઈન્દ્રવદને તેના પર ગોળી ચલાવી, જે તેને ન વાગતાં નિશાન ચૂકી બારીના બારસાખમાં ખૂંપી ગઇ. દરમ્યાન તે અનામીની ગોળી તો ધીરજલાલને વાગી જ હતી. તેથી ઈન્દ્રવદન તત્કાલ તેને ગોળી મારીને સ્વબચાવમાં નાસી ગયા. ઈન્દ્રવદન તે માણસને ગોળી મારતા જોઈ ગયા હતા, તેથી જ એ માણસે છલ કરી ઈન્દ્રવદનને ફોનથી બોલાવી તેનું ખૂન કર્યું અને લાશ આઝાદ મેદાનમાં ફેંકી દીધી. અને ઈન્દ્રવદનની પિસ્તોલ પર એમનાં આંગળાં છાપી ત્યાં મૂકી આપઘાતનો દેખાવ ઊભો કર્યો. એ માણસના સદ્‌ભાગ્યે ઈન્દ્રવદનની ડાયરી એની મદદે આવી, પણ હવે એ શબ્દો વાંચશો તો સમજાશે કે ઈન્દ્રવદનના ઉદ્‌ગાર પોતે પોતાના કોઈ નિકટનાને ખૂન કરતો જોયો હોય તેવા છે.

(૩) ખોપરી ઉપર ચામડી બળ્યાનું નિશાન નથી અને ગોળી ખોપરીમાં ખૂંપી રહી છે; એ બતાવે છે કે એ દૂરથી મારવામાં આવી છે. ઉપરાંત ડાયરી લખ્યા પછી ઈન્દ્રવદનનું મૃત્યુ બેત્રણ કલાક પછી થયું એ સાબિત કરે છે કે ઈન્દ્રવદને આપઘાત તો નથી જ કર્યો.

આમ ખૂન એ અકસ્માત હોઈ ઈન્દ્રવદનને વીમાનો—ડબલ વીમાનો લાભ મળવો જોઈએ. આથી હું કોર્ટને વીમાનો બે લાખનો કલેઈમ, બોનસ તથા વકીલની ફી કંપની પાસેથી અપાવવા વિનંતી કરું છું.'

કોર્ટે ચારુબાલાનો કલેઈમ મંજૂર રાખ્યો અને વકીલ ગણાત્રાની ફી બીજા જ દિવસે આપી દેવાનો કંપનીને હુકમ ફરમાવ્યો. (ચાલુ)





એ કુટિર પાસ દીસે બાગની રોનક ઝાંખી,
જ્યાં ખીલી રહે, મહકી રહે ઘરનાં ફૂલો.
ધૂળ ભેગી થઇ માનવની મહત્તા સઘળી,
આજ હસવા દો જો હસે છે કબરનાં ફૂલો.
અને ધરતીનું અમી પ્રાપ્ત નથી, તોય 'ગની'
રંગ રાખે છે ઘણાં ડાળ વગરનાં ફૂલો.
(રાજહંસ) —ગની દહીંવાળા

ડૉ. હરિવલ્લભ ભાયાણી

ઘણા વિદ્વાનો પોતાની વિદ્વત્તાનો બોજ બીજાઓને ઊંચકવો પડે એવું ભારેખમ વ્યક્તિત્વ ધરાવતા હોય છે. તેમાં વળી ભાષાશાસ્ત્ર વિષય તો અઘરો અને સૂકો; એટલે એના વિદ્વાન પ્રાધ્યાપકનું વ્યક્તિત્વ તો કેવું યે હોય! પણ ડૉ. હરિવલ્લભ ભાયાણીને કોઈ કદી યે અભ્યાસ-જડ કે શુષ્ક ન કહી શકે. એમની વિદ્વત્તાનો બોજ એમનું સ્મિત વહન કરતું હોય છે. જુવાન, રસિક વિદ્યાર્થીઓનાં તો એમની આજુબાજુ ટોળાં વળે છે. સાહિત્ય અને સાહિત્યજગત વિષે નવું જાણવાની સાચી ઇચ્છાવાળા માણસો એમને જ મળે. કોઇને સર્જન કે વિવેચનના વિષયમાં કોઈ નવો પ્રશ્ન જાગે તો તરત જ મળે 'ભાયાણીસાહેબ'ને.

છેલ્લાં થોડાં વરસથી 'કુમાર'માં દર અંકે કોઈ ને કોઈ શબ્દપ્રયોગના મૂળમાં ઊતરી વ્યાકરણ અને વ્યુત્પત્તિને માર્ગે થએલી તેની સંસ્કારયાત્રાનો પરિચય આપતી 'શબ્દકથા'ના વાચકો તો જાણે છે કે એવા અઘરા ને નીરસ વિષયને તે કેવો સરલ અને સહજગમ્ય બનાવે છે. ભાષાસંશોધનને ક્ષેત્રે આપણે ત્યાં આંગળીને વેઢે ગણાય એવા જે ચાર-પાંચ વિદ્વાનો છે તેમાંના એક પ્રો. ભાયાણી છે. ખાસ કરીને અપભ્રંશ સાહિત્યના ક્ષેત્રમાં આપણે ત્યાં થએલા ખેડાણમાં એમનું અર્પણ, ગુણ અને પ્રમાણ બંને દૃષ્ટિએ, એટલું સંગીન ને સત્વશાળી છે કે સમગ્ર ભારતમાં, શ્રી અગરચંદ નાહટા, શ્રી હીરાલાલ જૈન, પ્રો. એચ. ડી. વેલણકર, પંડિત લાલચંદ ગાંધી જેવા અપભ્રંશના વિદ્વાનોની હરોળમાં તેમનું સ્થાન છે ને ભારતની વિવિધ વિદ્યાપીઠોએ તેમને એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા બોલાવીને તેમનું સમ્માન કર્યું છે.


વિદ્વત્તામંદિરના આ શિખરે પહોંચતાં એમને ચડવાં પડેલાં જીવનનાં સોપાન સામાન્ય ન હતાં. સૌરાષ્ટ્રના ગોહિલવાડ પંથકના મહુવા જેવા નાના ગામમાં ઈ. ૧૯૧૭ની ૨૬મી મેએ એમનો જન્મ. બે જ વર્ષમાં પિતા (ચૂનીલાલ લવજી ભાયાણી) અને માતા (ગંગાબહેન) બંને એમને તથા એક નાની બહેનને અનાથ મૂકી ગુજરી ગયાં, તેમને દાદી મોતીમાએ દળણાં-પાણી કરીને અને ઢીંગલીઓ વગેરે બનાવવા જેવાં સ્વાશ્રયનાં સાધનોની સહાયથી ઉછેર્યાં. થોડા સમયમાં નાની બહેન પણ ગુજરી ગઈ.



એમનો કુળધર્મ તો, (દશા શ્રીમાળી વણિક હોઇ) સ્થાનકવાસી જૈન, પણ એમના પિતા (બાળપણથી જ એમની માતા વિધવા થતાં) વૈષ્ણવ મોસાળમાં ઊછરેલા એટલે ત્યારથી વૈષ્ણવ-ધર્મ અંગીકાર થયો હોઈ એમનો પોતાનો ઉછેર વૈષ્ણવ પરંપરામાં થયો.

મહુવાની એમ. એન. હાઇસ્કૂલમાંથી ઈ. ૧૯૩૪માં મૅટ્રિક થઈ ભાવનગર શામળદાસ

તારા-પરિચય-૪



મિથુન રાશિના પુરુષ અને પ્રકૃતિથી આગળ પૂર્વ તરફ જતાં થોડે દૂર એક સુંદર તારામંડળ ધ્યાન ખેંચે છે. ઊંચી ડોકે ગૌરવભેર બેઠેલા સિંહની આકૃતિ તમે એમાં કલ્પી શકો. અને ખરે જ એ 'સિંહ રાશિ' (Leo)નું તારામંડળ છે. સિંહનું માથું અને ગરદનના તારાઓમાં દાતરડા જેવો આકાર રચાય છે, એટલા એ તારાઓનો વિસ્તાર 'મઘા નક્ષત્ર'નો છે. આ દાતરડાની મૂઠને છેડે કે સિંહના આગલા પગને સ્થાને જે બહુ ચળકતો તારો છે એ પણ 'મઘા' (Regulus)ને નામે ઓળખાય છે આપણાથી ૮૪ પ્રકાશ વર્ષ દૂરનો એ તારો આપણા સૂર્ય કરતાં લગભગ સવાસોગણો તેજસ્વી છે. આકાશમાં સૂર્ય જે માર્ગરેખા પર ચાલતો જણાય છે બરાબર એ માર્ગરેખા (ક્રાન્તિવૃત્ત) પર જ આ તારાનું સ્થાન છે.

સિંહની કમર બનાવતા બે તારા એ પૂર્વા ફાલ્ગુની અને એની આગળ પૂછડીને સ્થાને દેખાતો ચળકતો તારો એ ઉત્તરા-ફાલ્ગુની (Denebola) નક્ષત્રોના નામે ઓળખાય છે.

આ સિંહ અને મિથુન રાશિની વચ્ચે નકશામાં દર્શાવ્યા પ્રમાણેનું એક બહુ ઝાંખા તારાઓનું મંડળ છે. એ છે કર્ક રાશિ. એના પેટાળમાં એક અત્યંત ઝાંખું તારાગુચ્છ દેખાય છે. સારા દૂરબીનથી જોતાં એ ગુચ્છમાં લગભગ ત્રણસો જેટલા તારાઓ જોવા મળે છે. આ ગુચ્છ 'મધુચક્ર' (Praesepe) તરીકે ઓળખાય છે. આપણા તારાવિશ્વમાં એ એક નજીકનું ગણાતું તારાગુચ્છ છે.

સિંહ રાશિની ઉત્તરે સપ્તર્ષિનું તારામંડળ છે. અહીં નકશામાં એ નથી દર્શાવ્યું પણ કદાચ ઘણા એને ઓળખે છે. એનો વિગતે પરિચય હવે આપણે આવતે મહિને જોઈશું. પરિચિત થઈ ચૂકેલા તારાઓ પણ રોજ જોવાનું ચૂકશો નહિ. અને ગુરુના સ્થાનનો ફેરફાર તો હવે સ્પષ્ટ જણાઈ આવે છે એ જોયો?

કૉલેજમાં દાખલ થયા અને તેજસ્વી વિદ્યાર્થીકારકિર્દીને અંતે ૧૯૩૯માં બધાં જ પેપર સંપૂર્ણ સંસ્કૃતનાં લઇને પહેલા વર્ષમાં ઉત્તીર્ણ થયા. તે પછી મુંબાઇ ભારતીય વિદ્યાભવનની કૉલેજમાં આગળ અભ્યાસ માટે સ્ટાઇપેન્ડ મળતાં ત્યાં ગયા અને ઈ. ૧૯૪૧માં છ પેપર સંસ્કૃતનાં અને બે પેપર અર્ધમાગધીનાં લઈ એમ.એ.માં પણ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઇને ભગવાનદાસ પુરુષોત્તમ સંસ્કૃત પારિતોષિક મેળવ્યું.

એમ.એ.માં 'કમ્પૅરૅટિવ ફિલૉલાજી'ના પેપરને કારણે ભાષાશાસ્ત્રના વિષયમાં રસ તો જાગ્યો જ હતો, તેમાં વળી એક સંસ્કૃતજ્ઞ પ્રોફેસરે સંપાદિતકરેલા એક પાઠ્યપુસ્તકના સંપાદનમાં થોડી અશુદ્ધિઓ તરફ ધ્યાન દોરવાથી એ દિશામાં જાણીતા થયા, એટલે એમ.એ. થતાંવેંત એમને ડૉ. ટર્નર જેવા મહામનીષી પાસે જઈ અભ્યાસ કરવાની તક ઊભી થઈ; પણ પોતાને બચપણમાં ઉછેરનાર દાદીને વૃદ્ધાવસ્થામાં અગવડ ન પડે એ ખાતર એ મોંઘી તક એમણે સ્વેચ્છાએ જતી કરી, અને આગળ પીએચ. ડી.ના અભ્યાસ માટે ત્યાંના સમર્થ વિદ્વાન મુનિશ્રી જિનવિજયજીના પ્રોત્સાહનથી નવમી સદીના અપભ્રંશ ભાષાના મહાકવિ સ્વયંભૂરચિત મહાકાવ્ય 'પઉમ ચરિઉ' (પદ્મચરિત)–જે રામાયણનું જૈનસ્વરૂપ છે તેનું સંપાદન કરી ૧૯૫૨માં પીએચ.ડી. થયા.

એ દરમ્યાન ઈ. ૧૯૪૫થી તેઓ ભારતીય વિદ્યાભવનના સંશોધન-વિભાગમાં સંશોધન અને અનુસ્નાતક અધ્યાપનનું કાર્ય તો કરતા જ હતા. તેમાં એમને અપભ્રંશ સાહિત્યના અભ્યાસમાં વધુ ને વધુ રસ પડતો ગયો ઉત્કટ વિદ્યાનુરાગથી અને એ ક્ષેત્રમાં ઊંડા વિહરવાની વૃત્તિથી એમણે 'પઉમ ચરિઉ'ના મૂળ ગ્રંથનું હવે સાંગોપાંગ અધ્યયન કર્યું અને ૧૨,૦૦૦ શ્લોકની એ વિસ્તૃત જૈન રામાયણકથાનું સંપૂર્ણ સંશોધન કરી તેના વધુ બે ભાગ પણ તૈયાર કરીને ત્રણ ભાગમાં એ કાર્ય પૂર્ણ કર્યું. ત્યારથી અપભ્રંશ સાહિત્યના ક્ષેત્રે એમનું કાર્ય આજ સુધી અખંડ ચાલતું જ રહ્યું છે, જેના ફળ રૂપે કેટલાક ખરેખર ઉત્તમ ગ્રંથો ગુજરાતને સાંપડ્યા છે. એમાં સૌપ્રથમ આવે છે ઈ. ૧૯૪૫માં મુનિશ્રી જિનવિજયજી સંપાદિત અપભ્રંશ કાવ્ય 'સંદેશ રાસક'ના વ્યાકરણ અને છંદનું વિશ્લેષણ કરી, તેનું અધ્યયનમૂલક વિવેચન આપીને તે સાથે જોડેલો ૪૦-૫૦ પાનાંનો અભ્યાસ-લેખ. એ પછી ઈ. ૧૯૪૮માં શ્રી મધુસૂદન મોદીના સહકારમાં 'પઉમસિરિ ચરિઉ' (પદ્મશ્રી ચરિત) નામક અપભ્રંશ કાવ્યનું સંપાદન કર્યું. તદુપરાંત આચાર્ય હેમચંદ્રના અપભ્રંશ વ્યાકરણનો સટીક અનુવાદ, અપભ્રંશ સાહિત્યનો ઇતિહાસગ્રંથ, શામળ કૃત 'મદનમોહના' અને 'સિંહાસન બત્રીસી'નું સંપાદન, 'વાગ્વ્યાપાર', ડઝનેક 'શબ્દકથા' આદિ એમની કૃતિઓ આજ સુધી પ્રકટ થઈ છે.

ઈ. ૧૯૪૫થી '૬૫ સુધીના બે દાયકા ભારતીય વિદ્યાભવનમાં સંશોધન–અધ્યાપનમાં ગાળ્યા તેમાં છેલ્લો આખો દાયકો તેઓ મુંબાઈ યુનિવર્સિટી તરફથી ગુજરાતી તથા અર્ધમાગધીમાં એમ. એ. તથા પીએચ. ડી.ના અધ્યાપક તરીકે માન્ય રહેલા છે. અત્યાર સુધીમાં એમના માર્ગદર્શન નીચે બે વિદ્યાર્થીઓએ ગુજરાતીમાં અને બેએ અર્ધમાગધીમાં પીએચ. ડી.ની ઉપાધિ મેળવી છે. ઈ. ૧૯૫૫માં અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યાપરિષદના ચિદમ્બરમ્ ખાતેના અધિવેશનમાં જૈન ધર્મ અને પ્રાકૃત વિભાગના તે પ્રમુખ નિમાયા હતા. ગયા વર્ષથી હવે અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે તેમની નિયુક્તિ થઈ છે.


એમના સંશોધન વિષયોમાં ૧) અપભ્રંશ તથા જૂની ગુજરાતીના ગ્રંથોનું શાસ્ત્રીય સંપાદન તથા તેમની સાથે સંકળાએલા કર્તૃત્વ, સાહિત્યસ્વરૂપ, ભાષાપરંપરા વગેરે ઐતિહાસિક વિષયોનું અન્વેષણ; ૨) અપભ્રંશ અને ગુજરાતીનો ઇતિહાસ તથા સ્વરૂપ; ૩) લોકવાર્તાનું ઐતિહાસિક અને તુલનાત્મક અધ્યયન અને ૪) સાહિત્યમીમાંસાનાં મૂળભૂત તત્ત્વો વગેરે છે. એમના તાજેતરના ગ્રંથ 'અનુશીલનો'માં અપભ્રંશ શબ્દોના કોયડા સમકાલીન અપભ્રંશના વિદ્વાનોથી સ્વતંત્ર રીતે ઉકેલવાની તેમની શક્તિનો પુરાવો મળે છે. કોઇ પણ ઉત્તમ મનાએલી કૃતિનું અવલોકન કરવામાં વિદ્વજ્જનોએ ઉચ્ચારેલા મંતવ્યની પૂરી ચકાસણી કર્યા બાદ પ્રતીતિ થયા પછી જ તેઓ તેનો સ્વીકાર-અસ્વીકાર કરે છે. તેમની તીક્ષ્ણ, સમતોલ અને સહૃદયી વિવેકબુદ્ધિ હમેશાં અશેષપણે જાગ્રત રહેતી હોય છે. વ્યાકરણ જેવા શુષ્ક લેખાતા વિષયને પણ અત્યંત રસિક બનાવીને રજૂ કરવાનું તેમનું સહજ કૌશલ 'શબ્દકથા' જેવું નાનકડું પુસ્તક વાંચતાં પણ જોઈ શકાય છે.

એમની પ્રતિભા એક ચોક્કસ વર્તુલમાં જ પુરાઇ રહે એવી નથી. પોતાને અભ્યાસનો રસ હોય એવા વિષયના વૈવિધ્યમાં, તેની જીવંતતાભરી ચર્ચામાં, અને અમુક વિષયમાં જગતના વિદ્વાનોનું અદ્યતન દૃષ્ટિબિન્દુ શું છે તે પામી લેવામાં જે બહુ જ થોડા વિદ્વાનોનાં નામ આપણે ત્યાં લઈ શકાય તેમાંના એક ડૉ. ભાયાણી છે. જૂની ગુજરાતી એ તો એમનો વિષય છે જ, પણ લોકસાહિત્યનું શાસ્ત્ર, કોશશાસ્ત્ર અને તત્ત્વોની સૌન્દર્યમીમાંસાથી માંડીને છેક અછાંદસ પ્રયોગો સુધીની તેમની ચર્ચામાં તાજગી હોય છે. ભાષાશાસ્ત્ર અને અપભ્રંશ સાહિત્યક્ષેત્રની સતત ઉપાસનામાં નિમગ્ન રહેતા હોવા છતાં વાઙ્મયની અન્ય શાખાઓને તેમણે વિસારી નથી. કાવ્ય, નવલકથા, વાર્તા, નાટક, વિવેચન, જીવનચરિત્ર, આત્મકથા એમ અનેક ક્ષેત્રનો ગાઢ પરિચય તેઓ કરતા જ રહે છે. નવી કવિતાની કે નવી ઢબની વાર્તાની ચર્ચા તેઓ એટલા જ રસપૂર્વક કરે છે, સ્વતંત્ર દૃષ્ટિથી તેને મૂલવી શકે છે અને સહૃદયતાથી તેનો આસ્વાદ પણ માણી શકે છે.

વિદ્વત્તા સાથે વિનમ્રતાનો વિરલ ગણાતો સદ્ગુણ એમના વ્યક્તિત્વનું એક આગળ તરી આવતું પાસું છે. વિનમ્રતાથી એમની વિદ્વત્તા શોભે છે, ને વિદ્વત્તાના કારણે એમની વિનમ્રતા ગૌરવાંકિત રહે છે. એમની નમ્રતા, એમની તટસ્થતા, એમની નિરામયતા અને એમના સમૃદ્ધ વ્યક્તિત્વ સાથે એમનો ગૌર દેહ, સુકલકડી બાંધો, ભૂરી આંખો, વાર્ધક્ય પહેલાં જ પ્રાપ્ત થએલા સફેદ વાળ અને હૃદયની-સ્વચ્છ છબી જેવું મોઢા પર મલકતું હાસ્ય વારંવાર જોવાં ગમે એવાં છે.

ભાષાવિજ્ઞાને પશ્ચિમમાં જે મહત્ત્વના વળાંક લીધા છે તેનું પહેલું પરિણામ ગુજરાતમાં ડૉ. ટી. એન. દવેથી આપણને ૧૯૩૦માં મળવા લાગ્યું. તે પછી તીક્ષ્ણતાની દૃષ્ટિએ ગુજરાતી ભાષાને તપાસનાર ડૉ. પ્રબોધ પંડિત અને ડૉ. ભાયાણી છે. યુનિવર્સિટીઓમાં સંસ્કૃતનો પ્રભાવ તો બહુ રહ્યો છે, પણ ગુજરાતી ભાષાના સંપૂર્ણ અભ્યાસ માટેની ભૂમિકા જૂની ગુજરાતી છે, અને જૂની ગુજરાતીના સંપૂર્ણ અભ્યાસ માટે તેની પહેલાંની ભૂમિકા અપભ્રંશ ભાષાની છે. આ ભાષાઓનો અભ્યાસ હજુ પણ યુનિવર્સિટીઓમાં ઉપેક્ષિત રહ્યો છે. ગુજરાતી ભાષાના તલસ્પર્શી અભ્યાસ માટે અપભ્રંશનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે. હજી અપભ્રંશનો કોશ પણ આપણે ત્યાં થયો નથી અને અપભ્રંશ સાહિત્યની ઘણી ગંભીર કૃતિઓ છપાઈ પણ નથી. જો ડૉ. ભાયાણીનું ઉચિત સમ્માન કરવું હોય તો આવે પ્રસંગે ગુજરાતની યુનિવર્સિટીઓમાંની કોઇ એકમાં અપભ્રંશ ભાષા અને સાહિત્યના અધ્યાપનની 'ચૅર'–પીઠ–સ્થપાય એવો વિદ્વાનોએ સંકલ્પ પ્રકટ કરવો જોઇએ. સંસ્કૃત અને ગુજરાતી વચ્ચેની અવાંતર ભૂમિકાની ભાષાઓ પ્રાકૃત–અર્ધમાગધી–અપભ્રંશનો સંગીન અભ્યાસ નહિ થાય ત્યાં સુધી જૂની ગુજરાતી અને ગુજરાતીના ઘણા કોયડા અણઉકલ્યા રહેશે.

(સર્વશ્રી ભગુરાય અંજારિયા, 'પરંતપ', જનક દવે આદિનાં લખાણો તથા અન્ય સાધનો ઉપરથી સંકલિત)



મિહિર સેનનું એક બીજું સફળ સાહસ

ડૉવરની સામુદ્રધુની–ઇંગ્લિશ ચૅનલ તરીને પાર કરનાર એશિયાભરમાં પ્રથમ ભારતીય મિહિર સેને ઈ. ૧૯૫૮ના એ સફળ સાહસ પછી અહીં ઘરઆંગણે પણ હમણાં એવું જ એક બીજું વિકટ સાહસ પાર પાડી ભારતમાં ફરી વિક્રમ કર્યો છે. સીલોન અને ભારત વચ્ચેની પાલ્કની સામુદ્રધુની સતત તરીને એમણે સફળતાથી પાર કરી છે. અગાઉ સીલોનના નવરત્ન સ્વામીએ ૧૯૫૪માં તથા આનંદને ૧૯૬૩માં આ સામુદ્રધુની આવી રીતે પાર કરવા પ્રયત્નો કરેલા, પણ ભારતમાં તો મિહિર સેન જ પ્રથમ છે. તા. ૫ એપ્રિલે વહેલી સવારે સીલોનના તલાઈમન્નારથી એમણે તરવાનો આરંભ કર્યો અને પાણી શાંત હોઇ બારેક માઈલનું અંતર તો તેઓ સરળતાથી તરી ગયા. બપોર પછી પાણીના જોરદાર પ્રવાહ અને પવનને કારણે એમની ઝડપ ઘટી ગઈ અને રાત્રે પૂનમની મોટી ભરતીને કારણે દસપંદર ફૂટ ઊંચાં મોજાંઓ વચ્ચે સાડાઆઠથી ત્રણ વાગ્યાના ગાળામાં તો તેઓ માત્ર બેએક માઈલ જ આગળ વધી શક્યા હતા. વળી, માર્ગમાં શાર્ક માછલી અને ઝેરી જળસાપોનો ભય પણ હતો, પણ એ અંગે તથા અન્ય કંઈ પણ મુશ્કેલી માટે અગમચેતીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. જરૂર પડે કામ લાગે એટલા સારુ એમણે પોતાની પાસે પણ ખાસ છરો રાખ્યો હતો. બે વખત એમને ઝેરી જળસાપથી બચાવી લેવાયા હતા. એમના ભાઈ કલ્યાણ સેન, આંગ્લ પત્ની બેલા ને બાળકો પણ છેક આરંભથી એમની નજીકમાં મોટર લૉંચમાં સાથે હતાં અને સેનને ગ્લુકોઝ, મધ, લીંબુ, કુમળું કોપરું ને બરફનું પાણી વગેરે સાથે પ્રોત્સાહન આપતાં રહ્યાં હતાં. ભારતીય નૌકાદળે આ સાહસમાં ઊંડો રસ દાખવી એની સફળતા માટે બધી જ સગવડો કરી હતી. માર્ગમાંથી ચાતરી ન જવાય એ માટે દર ત્રણ ત્રણ માઇલે એક મછવાણી ને રાતે પ્રકાશની પણ વ્યવસ્થા હતી. છતાં પાણીના જોરદાર પ્રવાહથી દૂર ખેંચાઇ જતાં મિહિર સેનને બાવીસેક માઈલનું એ અંતર ત્રીસેક માઈલ લાંબા વળાંકમાં કાપવું પડ્યું હતું અને એટલે જ સત્તરેક કલાકમાં પાર કરવા ધારેલી એ ખાડી તરી રહેતાં એમને ૨૫ કલાક, ૪૩ મિનિટ ને ૫૦ સેકંડ જેટલો સમય થયો. બીજે દિવસે સવારે ૭ ક. ૪૦ મિ. તેઓ ધનુષકોડીને કિનારે પહોંચ્યા ને ભારતીય યુવાનો માટે એક નવી પ્રેરક કથા રચી.

દિલ્હીમાં મળેલો અશોકના સમયનો શિલાલેખ

સમ્રાટ અશોકે પોતાના આદેશો શિલાલેખો પર કોતરાવીને રાખવા માટે ઇન્દ્રપ્રસ્થ (હાલના દિલ્હી)ની પણ પસંદગી કરી હતી એમ હમણાં ગઈ ૨૪મી માર્ચે દિલ્હીના લજપતરાય નગરમાં નવા રચાતા એક અમરપુરી નામના વિસ્તારમાંથી મળી આવેલા એના શિલાલેખ પરથી કહી શકાય. અરવલ્લીના શાખા ડુંગરોમાંથી મળતા ક્વાર્ટ્સ પથ્થર પર એ કોરેલો છે.

દિલ્હીનો ઇતિહાસ તો ઘણો પ્રાચીન છે. છેક પાંડવોના સમયમાં એ ઇન્દ્રપ્રસ્થ નામે જાણીતું હતું. ઈ. ૧૯૫૪માં ભારતના પુરાતત્ત્વ સર્વેક્ષણ ખાતાએ પુરાણા કિલ્લામાં કરેલા ખોદકામમાં ઇસ્વીસન પૂર્વે ૧૦૦૦ વર્ષ જૂના અવશેષો મળી અવેલા. અગાઉ હસ્તિનાપુર અને પાંડવો સાથે સંકળાએલાં અન્ય સ્થળોએથી મળેલાં માટીનાં રંગીન વાસણોના જેવા અવશેષો અહીંથી પણ મળેલાં અને એ પછીના કાળનાં માટીનાં વાસણો અને મૂર્તિઓ પણ મળેલી. આ પરથી મૌર્ય-સુંગ કાળમાં પણ ઈન્દ્રપ્રસ્થનું મહત્ત્વ હતું ને એ મહત્ત્વને કારણે અશોકે અહીં પણ એક શિલાલેખ મુકાવ્યો હતો એમ હવે કહી શકાય.

હાલ દિલ્હીમાં અશોકના ત્રણ લેખો છે. એમાંના પહેલા બે સ્તંભો તો જાણીતા છે. પણ એ મૂળ દિલ્હીમાં નહોતા ફિરોઝશાહ તઘલક એ લઈ આવેલો. જ્યારે આ શિલાલેખ તો દિલ્હીમાંથી જ મળી આવ્યો. છે. અગાઉ વૈરાટ, અહરૌરા, સાસારામ, ગુજ્જર, મસકી, એરાગુડી આદિમાંથી મળેલા અશોકના અન્ય શિલાલેખોમાં છે એવું જ લખાણ સહેજ ફેરફાર સાથે આ નવા મળેલા શિલાલેખમાં પણ છે.

આર્લી – ટાઇપ કરતો કૂતરો

વિખ્યાત જર્મન નવલકથાકાર ટૉમસ માનનાં પુત્રી શ્રીમતી ઇલિઝાબેથ માન બોર્ગીઝ પાસે છ વર્ષની ઉંમરનો 'આર્લી' નામે એક કૂતરો છે. પોતાને માટે ખાસ બનાવેલા ટાઈપરાઈટરના કળપટ પર અક્ષરો ઓળખી પોતાના નાક વડે કળ દાબીને એ ટાઈપ કરે છે.

શ્રીમતી બોર્ગીઝને પ્રાણીઓ કેળવવામાં અને એ દ્વારા માનસશાસ્ત્રીય અખતરાઓ ને નિરીક્ષણો કરવામાં ખાસ રસ છે. પુછાએલા પ્રશ્નોના ભસીને કે અક્ષરો લખેલાં કાર્ડ ઉપાડીને જવાબ આપતા 'અદ્‌ભુત' કૂતરાઓના ખેલ જોઇ એમણે એક લેખ લખેલો ને એ અંગે કેટલીક ચર્ચા ચાલેલી. એના પરથી પ્રેરાઈને એમણે આર્લીને કેળવવાનો જાતે પ્રયોગ કરવા વિચાર્યું. લગભગ એમના જ શબ્દોમાં કહીએ તો—

'પ્રથમ તો આર્લીને વિવિધ ભૌમિતિક આકારો અને પછી ઉચ્ચારો સાંભળી સંજ્ઞાઓ ઓળખતાં શીખવ્યું. દા.ત. હું એક, બે, ત્રણ એમ બોલું અને આર્લી એની સામે વાટકા પર ઢાંકેલી એ આંકડાઓ લખેલી રકાબીઓ પાડી દે. વાટકામાં હું આર્લીને ભાવતી કોઈ ખાવાની ચીજ રાખતી. જો આર્લીનો ઉત્તર ખરો પડે તો તેને ઇનામ તરીકે મળતી. પણ મેં જોયું કે આર્લીને એ ખાવાના કરતાં પે સંજ્ઞાઓ ઓળખવામાં વધુ મજા પડતી હતી.

ઉચ્ચાર અને સંજ્ઞાનો સંબંધ આર્લીના ખ્યાલમાં આવી ગયા



પછી મેં એને બે શબ્દો - કૅટ (CAT) અને ડૉગ(DOG) લખેલાં કાર્ડ આપ્યાં. હું જે શબ્દ બોલું એનું કાર્ડ એણે પાડી દેવું એમ મેં એને શીખવવા માંડયું. રોજ લગભગ વીસેક મિનિટ આ પાઠ ચાલતા. વધુ લંબાવું તો કદાચ આર્લીના એમાંથી રસ ઊડી જાય. છએક માસ આ તાલીમ ચાલી.

'શબ્દને બરાબર ઓળખતાં શીખ્યા પછી મેં આર્લીને એ જ શબ્દોના અક્ષરો છૂટા પાડી કેળવવા માંડયો. જેમકે D, O અને G. હું આ અક્ષરો સેળભેળ કરી દઈ આર્લીને એમાંથી D, O, G, એમ ખરા ક્રમમાં જ ઉપાડવા શીખવતી. આમ એ હવે શબ્દ સાંભળી એના અક્ષરોને અને સ્વતંત્ર અક્ષરોને ઓળખવા લાગ્યો.

'હવે આર્લી ટાઇપરાઈટર માટે તૈયાર હતો. મોટા કદના કળપટવાળું એક ખાસ ઇલેક્ટ્રિક ટાઈપરાઈટર તૈયાર કર્યું. આર્લી એ લખી શકે એવા ૨૧ મૂળાક્ષરોની ચાવીઓ એમાં ગોઠવી હતી. ત્રણ હારમાં ગોઠવેલી એ ચાવીઓમાં Y K E R T N I, A S D F G O P અને C V B F H L M એ ક્રમમાં અક્ષરો છે.

'આરંભમાં આર્લીને મેં ચાર અક્ષરો - C A R T શીખવ્યા. મારી સાથે મોટરમાં ફરવા આવવું એને બહુ ગમે છે એટલે કદાચ આર્લી C A R (કાર) શબ્દ તો જલદી શીખી ગયો. આમ ધીરધીરે એકએક અક્ષર કરીને ત્રણ વર્ષને અંતે આર્લી હવે ૨૧માંથી ૨૦ અક્ષરો ઓળખે છે અને ૧૭નો એ વધુ વપરાશ કરે છે. વધુમાં વધુ એ ચાર અક્ષરનો શબ્દ સમજીને ટાઇપ કરી શકે છે.'

શ્રીમતી બોર્ગીઝ જ્યારે આર્લી પાસે બેસી મૂળાક્ષરો ઉચ્ચારે કે આર્લીને શીખવેલા કેટલાક સરળ શબ્દો બોલે તો આર્લી એને પોતાના નાક વડે કળ દાબીને ટાઈપ કરી આપે છે યા ક્યારેક પૂછવામાં આવે તો એના જવાબ એની રીતે ટાઈપ કરી બતાવે છે. જેમકે જો આર્લીને પૂછીએ કે 'તારે ક્યાં જવું છે?' તો એ તુરત ટાઇપ કરીને લખશે C A R કેમ કે કારમાં ફરવા જવાનું એને ગમે છે ને! કેટલીક વાર નવરો પડેલો આર્લી આપમેળે મનફાવે એમ ટાઈપ કરવા લાગી જાય છે અને એ વખતે જેમ એ કેટલાક શબ્દોમાં અટવાય છે તેમ અમુક શબ્દો એ ભૂલ વગર ખરા જ લખે છે. આ રીતે આર્લીએ કરેલા ટાઈપની પ્રત્યેક નકલ શ્રીમતી બર્ગીઝ સાચવે છે અને એમાં આર્લીએ લખેલા ખરા શબ્દો એના ક્રમ, એની પસંદગી વગેરે પ્રત્યેક બાબતની નોંધ રાખે છે. તેઓ કહે છે કે 'પ્રાણીને ફરજ પાડયા વિના એને પોતાને રસ પડે એ રીતે ધીરજથી કેળવવામાં આવે તો એ જરૂર સારી પ્રગતિ કરી શકે છે. જેને માટે એનું મગજ સર્જાયું નથી એ ક્ષેત્રમાં યે પ્રાણી સમજશક્તિ દર્શાવી શકે તો માણસના મનને કેમ ન કેળવી શકાય?'

પ્રાણીઓ પરના પોતાના આવા પ્રયોગો પરથી શ્રીમતી બર્ગીઝે 'ધી વ્હાઈટ સ્નેક' નામે એક પુસ્તક પણ લખ્યું છે જે થોડા વખતમાં પ્રકટ થશે.

—લંડનના 'સન્ડે ટાઈમ્સ'ના આધારે

ભારતની રેડક્રોસ ટિકિટ પર એક ભૂલ

રેડક્રૉસ શતાબ્દી નિમિત્તે તેના સ્થાપક હેન્રી ડ્યુનાન્ટની છબિવાળી ભારતની જે ખાસ ટપાલ-ટિકિટો બહાર પડી હતી તેમાંથી ચાર-ચાર ટિકિટની પાંચ પટ્ટીઓ લંડનની એક ટિકિટ વિક્રેતા પેઢી પાસે આવી હતી. છાપકામની કોઇ ક્ષતિને કારણે એ ચાર ચાર ટિકિટોમાંથી બબ્બે પર રેડક્રૉસની છાપ છપાઈ જ નથી. પરિણામે સંગ્રાહકોમાં આ ટિકિટોનું મૂલ્ય ઘણું વધી ગયું છે. એ પેઢી પાસેથી એમાંની ત્રણ પટ્ટીઓ તો વેચાઇ પણ ગઈ છે અને તે દરેક પટ્ટીના એ ટિકિટ વિક્રેતાને ૩૫૦ પાઉન્ડ ઊપજ્યા છે.

નવી શોધ

અંધજનો માટે બ્રિટનમાં ધ્વનિ આંદોલનો દ્વારા માર્ગદર્શક તરીકે કામ કરતું બૅટરી જેવું એક સાધન બનાવવામાં આવ્યું છે એમાંથી સાંભળી ન શકાય તેવાં અવાજનાં મોજાં પ્રસારિત કરવામાં આવે છે. ૨૫ ફૂટ જેટલા વિસ્તારમાં તે માર્ગમાં નક્કર વસ્તુ ઉપર એ આંદોલનો પડતાં તે પાછાં ફેંકાય છે અને બૅટરી રાખનાર અંધજનને નાનાં શ્રવણયંત્ર દ્વારા તે અંતરાયનો ખયાલ આવી જાય છે.

અનુસંધાન] **સાહિત્ય સંપર્ક** [પૃષ્ઠ ૧૩૪થી

કવિવર ટાગોરનું જીવન-કવન : લેખક: રણજિત એમ. પટેલ, પ્રકાશક: આચાર્ય બુક ડીપો, પાણી ગેટ રોડ, વડોદરા; પૃ. ૧૧૪, રૂ. ૨-૦૦.

જ્યોત અને જ્વાળા : એક કિશોરની આત્મકથા. લે૦: ચંદ્રકાંત જે. પંડ્યા, પ્રકાશક: કે. જે. શાહ, જયંત જનરલ સ્ટોર, સયાજી રોડ, નવસારી; પાકું પૂઠું. પૃ. ૧૬૦, રૂ. ૩-૭૫.

ઘરશાળાનાં બાળકો : (એક વાર્તા.) લેખકો: શા. કા. જમોડ અને તારાબેન જમોડ. પ્રકાશક: ઘરશાળા પ્રકાશન મંદિર, ભાવનગર; પૃ. ૧૪૪, રૂ. ૨-૦૦.

સર્વોદય વિચારણા : પ્રશ્નોત્તર રૂપે લખાએલું એક મનનીય પુસ્તક. લેખકો: શિવાજી ભાવે અને સ્વામી આનંદ. પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાત પગા, વડોદરા-૧; પૃ. ૨૦૦, રૂ. ૨-૦૦.

લોકજીવનને સ્પર્શતા કેટલાક સવાલો : નિયોજક અને સંપાદક-પ્રકાશક: પ્રો. મનુભાઇ મો. શાહ, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર; પૃ. ૧૦૬, રૂ. ૨-૦૦.

ચમત્કાર અને વહેમો : લેખક: રતિલાલ શાહ, પ્રકાશક: અરવિંદભાઈ લી. શાહ, માંડળ (વીરમગામ થઈને); પૃ. ૧૦૦, રૂ. ૧-૦૦.

મસ્તી : મસ્ત હબીબ સારોદીનો ગઝલસંગ્રહ. પ્રકાશક: હબીબ સારોદી, હથ્થુપુરા, સૂરત-૩; પૃ. ૧૦૫, રૂ. ૨-૫૦.

અરમાન : 'વલી' લાખાણીનો ગઝલસંગ્રહ પ્રકાશક: સુરાલય કિતાબમાલા, માળી ટેકરા, આંબા ચોક, ભાવનગર; પૃ. ૮૨, પાકું પૂઠું, રૂ. ૨-૦૦.

ભોજા ભક્તનો કાવ્યપ્રસાદ : સંપાદક: મનસુખલાલ સાવલિયા. પ્રકાશક: શાંતિલાલ મા. ભક્ત, ભોજા ભક્તની જગ્યા, ફત્તેપુર (અમરેલી); પાકું પૂઠું, પૃ. ૨૦૨, રૂ. ૫-૦૦.

ખીલતી કળીઓ : નિરીક્ષણ અને ચિંતનના લેખો. લેખક: જમુભાઈ દાણી. પ્રકાશક: સૂર્યા જ. દાણી, ૫૦/૫૧ સોનાવાલા બિલ્ડિંગ, તારદેવ, મુંબઈ-૭; પૃ. ૧૨૦, રૂ. ૨-૦૦.

જીવનનો અમૂલો આનંદ : જોસેફ પૅન્ગવેના ચિંતનલેખોનો અનુવાદ. લેખક-પ્રકાશક: ઉપર મુજબ; પૃ. ૬૯, રૂ. ૧-૨૦.

પુનર્જન્મને લગતા બાવન કિસ્સાઓ. સંકલન: જયપદ્મવિજયજી મહારાજ. પ્રકાશક: અમીધારા કાર્યાલય, રીસાલા બજાર, ડીસા (ઉ. ગુજ.); પૃ. ૧૧૬, રૂ. ૧-૦૦.

પૃથ્વી-પ્રદક્ષિણા (ભાગ બીજો): લેખક— શાસ્ત્રી રેવાશંકર 'વિશ્વામિત્ર'. પ્રકાશક: સુધીર રે. જોષી, બરડવાળા જ્યોતિષાશ્રમ, પ્રહ્‌લાદ પ્લૉટ, શેરી નં. ૩૧, રાજકોટ; પૃ. ૧૬૪ બંને ભાગની કિં. કાચું પૂઠું રૂ. ૫-૦૦.

સાધક સંદેશ : ધ્યાનયોગ વિષયક સચિત્ર પુસ્તક. લેખક: મધુસૂદનદાસજી મહારાજ. પ્રકાશક: ધ્યાનયોગી મંડળ, ૪૪ સી. મોતીવાળા મેન્શન, પ્રોક્ટર રોડ, મુંબઈ-૭; પાકું પૂઠું, પૃ. ૧૮૮, રૂ. ૧-૨૫.

યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય : એક કથાનક. લેખક: ગોકુળભાઈ દૌ. ભટ્ટ. પ્રકાશક: ગોરવાળ વિદ્યોત્તેજક મંડળ, બાબુ ગનુ રોડ, મુંબઇ; પૃ. ૮, રૂ. ૧૦ પૈસા.

ચંડીપાઠ : દુર્ગા સપ્તશતીનું શ્લોકબદ્ધ ગુજરાતી ભાષાંતર, કરનાર: મણિલાલ શંકરલાલ, પ્રકાશક: ઠાકર નિરંજન મણિલાલ, બિસ્ટુપુર, જમશેદપુર; પૃ. ૭૧, વિનામૂલ્ય.

ધન્ય ભૂમિ ગુજરાત : માહિતી પુસ્તિકા. લેખકપ્રકાશક: મીનુ દેસાઈ. ૨૨ કરતાર ભવન, રેડિયો ક્લબ પાછળ, કોલાબા, મુંબઈ-૫; પૃ. ૩૨, કિં. ૭૫ પૈસા.

વ્યાપાર અને તેને ખીલવવાની રીત. વિસનજી ચત્રભુજ ગોકાણી. પ્રકાશક: અનુપ ઝવેરચંદ વસા, ૪૩/૩ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃ. ૨૮, કિં. ૫૦ પૈસા.

સર્જન : હાકેમચંદ મ. વેદનાં સાત કાવ્યો. પ્રાપ્તિસ્થાન: પ્રદીપ મૅન્શન, કસ્તુરબા રોડ નં. ૪, બોરીવલી પૂર્વ, મુંબઈ-૬૬; વિનામૂલ્ય.

ભારતકા પાની : (હિન્દી કાવ્યો). સંપાદક: મંગલસેન સિંહલ, ગુણવન્ત વ્યાસ. પ્રકાશક: કાવ્ય ત્રિવેણી સંઘ, દોહદ; પૃ. ૨૬ વિનામૂલ્ય.

Practical Aspects of Indian Philosophy & Religion, સ્વામી વ્યંકટેશાનંદન: ભારતીય તત્ત્વજ્ઞાન અને ધર્મ અંગેનાં પ્રેરક વચનો. પ્રાપ્તિસ્થાન: ડિવાઇન લાઇફ સોસા., ૧૨ સૂર્યનારાયણ ચેટ્ટી સ્ટ્રીટ, મદ્રાસ-૧૩; વિના મૂલ્ય.

Shri Mota maharaj, His Ashrams & Activities. રતિલાલ કે. મહેતાએ લખેલો મોટા મહારાજનો પરિચય. પ્રકાશક: ભીખુભાઇ પટેલ, હરિઓમ આશ્રમ, કુરુક્ષેત્ર રાંદેર. પૃ. ૨૬, કિં. ૫૦ પૈસા.

ખેડૂત ડાયરી : ગુજરાત સરકારના માહિતીખાતા તરફથી પ્રકાશિત આ ડાયરી (કિં. ૨/- રૂ.) તારીખવારની નોંધવહી તરીકે તો એ ઉપયોગી છે જ પણ આ ઉપરાંત ગુજરાત રાજ્યને લગતી અને ખેડૂતોને ઉપયોગી એવી તથા સામાન્ય જ્ઞાનની પુષ્કળ માહિતીઓથી ભરપૂર આ ડાયરી એક પ્રકારના નાનકડા સંદર્ભપુસ્તક સમી છે.

અથાણું

'પ્રાથમિક સારવાર'નો અભ્યાસ પૂરો કરી ચૂકેલા એક યુવાને એક સાંજે એક માણસને માર્ગમાં ઊંધો પડેલો જોઈ એને હચમચાવ્યો.

પેલો એકદમ હાલ્યો અને મોં એના તરફ ફેરવી બોલ્યો: 'કેમ ભાઈ? તમે કોણ છો એનો તો મને કંઈ ખયાલ આવ્યો નહિ, પણ મને ગલીપચી કરવાનું બંધ કરો, નહિતર નીચે ગટરમાં ઊતરેલા મારા મિત્રને પ્રકાશ આપવા ધરેલું ફાનસ મારા હાથમાંથી પડી જશે.'

પોતાના પુત્રની બુદ્ધિ માટે અભિમાન લેતા પિતાએ પત્નીને કહ્યું: 'તું જાણે છે? એનામાં જે બુદ્ધિ છે એ એને મારા તરફથી વારસામાં મળેલી છે.'

'હા, એમ જ થયું હશે;' પત્નીએ કહ્યું: 'કેમ કે મારી તો મારી પાસે છે જ.'

સરકસના એક ખેલમાં એવું દશ્ય આવતું કે એક સ્ત્રી વાઘના પાંજરામાં દાખલ થતી અને વાઘ સ્ત્રીના મોંમાંનો માંસનો ટુકડો ખાઈ જતો.

આ દશ્ય જોઇ મૅનેજરની બાજુમાં બેઠેલા એક માણસે કહ્યું: 'ઓહો! આમાં શું? આ તો હું ય કરી શકું?'

આથી મૅનેજરે જરા ચિડાઇને કહ્યું: 'ક્યાં ક્યાં હવે! શું કરી શકો?'

'એમાં શી મોટી વાત છે?' પેલાએ કહ્યું, 'હું વાઘની જેમ માંસનો ટુકડો ખાઈ શકું.'


એક દૂબળા પાતળા ને બીજા હૃષ્ટપુષ્ટ માણસ વચ્ચે ઝગડો થયો. વાત ગાળાગાળી સુધી પહોંચી. કમજોરે કહ્યું, 'જો હવે એક પણ ગાળ દીધી તો તારા બત્રીસે દાંત પાડી નાખીશ.'

પહેલો: 'માની લે કે મેં તને ગાળ ભાંડી.'

'તો માની લે કે મેં તારી બત્રીસી તોડી નાખી.'

ડૉક્ટરે દર્દીને બરાબર તપાસીને કહ્યું: 'તમને શાની બીમારી છે એ સમજાતું નથી. વધુપડતા નશાનું પરિણામ પણ હોય.'

'કંઈ નહિ સાહેબ, નશો ઊતરી ગયા પછી તપાસજો.' દર્દીએ કહ્યું.



'એટેન્શન!'

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

નવાં જર્મન પત્રમિત્રો

દરેક સરનામાને છેડે Germany ઉમેરવું. કૌંસમાં આપેલા આંકડા ઉમરના છે અને F=Female અને M=Male એમ જાતિ દર્શાવી છે.

1. Anni Horn, 8761 Laudenbach, Obernburger Str. 6. (F–15), postcard, reading, strange countries. 2. Karlheinz Krauss, 6718 Grunstadt, Ringgasse 3, Deutschland. (18), photography, music and stamps. 3. Helga Mathis, 8031 Schlchdorf/obb, Internat. (F–17), reading. 4. Clauclia Beffe, Munchen Pasing, Anton Maindlshash 6, (15), sport (swimming), reading, stamps, postcards. 5. Gudrun Schmahl, 7081, Elchingen 1 Krs. Aalen, Bahnhofstr, 205. (15), reading,swimming, correspondence. 6. Renate Haamann, 6982, Frendenberg, Kirschfurt 74. (F–14), stamps, postcards, reading,swimming. 7. Marlies Happ 8761, Burgstadt/Main, Frendenbergerstrage 35. (16), generaI interests. 8. Marlies Clisabetb, 8501, polsdorf 25. (F–13), swimming, sports, reading. 9. Gutta Pritkius, 58, Glagen – Glaspe, Rolandsta 1, Deutschland. (15), generel interests. 10. Eriha Gurtler, 58, Glagen, Roonstr 24, Deutschland, (15), general interests. 11. Marlies Tanner, 2279, Norddort/Amrom, Deutschland. (15), customs of goreign countries. 12. Hartmut R. Scholl, 7170 Schwab. Hall, Obere Harrngasse 7. (M–20), corresponding, journalism, photography, modern lecture, to see foreign countries. 13. Evelyn R. Scholl, 7170 Schwab. Hall, Obere Harrngasse 7. (F–15), general interests. 14. Heidemarie Preuss, 22 Elmshorn, Gustar Frenssenstrape 14, (17), sport, music, postcards, old traditions, stamps. 15. Marianne Hempmann, 338 Goslar / Harz. Oberet Triftweg 22, (F–15), swimming, reading, foreign countries, animals. 16. Glsela Hauffe, 4134 Rheinberg / R. H., Grosser Market 4, (F–16), general interests. 17. Lydia Keil, 86 Bamberg, Hobzfeldweg 41, (F–15), swimming, dancing, reading, viewcards. 18. Ingrich Schrapp, Stgt. Berghum, Grubenacher 167, (F–16), swimming, sport, reading. 19. Andreas wedde, 3388 Bundhum, Im Berggarten 13, (M–14), general interest, stamps. 20. Gudrun Rieth, 8701 Randersacher / Wzbg, Schulstrape 279½, (F–14), swimming, reading, dancing. 21. Eva Spanjasdf, 4 Dusseldorf Oberhassel, Columbusstrabe 8, Deutschland, (16), painting, reading, general interests. 22. Hans Dicter Fund, 6654, Limbach / Saar, Franz Lisftstr 9, (15), stamps, chemistry, first.day-covers. 23. Detlef Garbe, 432 Hathingen/B, Eichendorfftr. 23, (15), sports, stamps, general interest. 24. Clandia Berlig, 509, Leverkusen 5, Saarbruckerstr. 24, (17), reading, swimming, dancing, music. 25. Ursula Schafer, 693, Eberbach/Neckar, Schwanheimerstr. 60, (18), reading, music, stamps, picture postcards, customs of other nations. 26. Robert Leinfelder, Knabenmittelschule, 8833 Rebdorf, (M–15), playing trumpete, swimming, movies. 27. Gunther Kuhnholz, Hamburg 36, postfach 411, (M–19), music, languages, history of India and politics. 28. Ellinor Winkler, 87 Wurzburg, Ludwig-Weis-Str. 7, VII, (15), animals, foreign countries, Indian life and culture. 29. Anne Maier, 846 Schwandorf/Bayern, Kreuzbergallee 7, (F–16), classical and modern music, reading, sport, stamps, postcards, coins. 30. Agnes Leistner, 8 Munchen 12, Geroltstr. 41, Deutschland, (15), acting, opera, sport, animals, stamps. 31 Christa Wiese, 2304, Laboe-Kiel, Steinkampberg 15, (F–16), sports, reading, music. 32. Karin Schwedler, 895 Kaufbeuren, Frauenschuhstr. 26, (F–16), music, swimming, cycling. 33. Margarete Vogt, 7108 Siegelbach/Mackmuhl, Kvs. Heilbronn/Wuvttb, Deutschland, (14), General interests.

આ માસ(એપ્રિલ)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ:

જ્હૉન જેમ્સ ઑડુબન

વન્યજીવનના અભ્યાસ, સંરક્ષણ અને આલેખન પાછળ જીવન અર્પણ કરનાર જ્હૉન



જેમ્સ ઑડુબન પક્ષીઓને એમનાં નૈસર્ગિક હાવભાવ અને હાલચાલમાં આલેખવાની પહેલ કરનાર પહેલા ચિત્રકાર ગણી શકાય.

આજના હાઇટી ટાપુમાં લેસ કેયસ મુકામે ઈ. ૧૭૮૫ની ૨૬મી એપ્રિલે એમનો જન્મ થયો. પિતા લેફ્ટેનન્ટ જ્હૉન ઑડુબન ફ્રેન્ચ નૌકાદળમાં કપ્તાન હતા. નાના ઑડુબનને પણ આરંભમાં શિક્ષણ માટે ફ્રેન્ચ નૌકાશાળામાં મૂકવામાં આવ્યા પણ એમને સાગરજીવન ફાવ્યું નહિ. પ્રકૃતિના વિવિધ નમૂનાઓ સંઘરવામાં એમને ઘણો રસ પડતો. ઇ. ૧૮૦૩માં પિતા અમેરિકા આવ્યા અને ફિલાડેલ્ફિયા નજીક ખેતીવાડી આદરી. જેમ્સને ત્યાં ફાવી ગયું. કુદરતમય જીવનના એ દિવસોમાં એમને પક્ષીઓ પ્રત્યે પ્રેમ જાગ્યો. ફરી પાછા ભણવા માટે પારી(સ) જવું પડયું ત્યારે ત્યાં તેઓ ચિત્રકામ શીખ્યા અને અવનવા પંખીઓ આલેખવાનો આરંભ કર્યો. સ્થળાંતર કરીને આવતાં યાયાવર પંખીઓના અભ્યાસ-જિજ્ઞાસાથી એમણે પિતાના ખેતરમાં અખતરા કરવા માંડેલા. પણ પછી તો પિતાની મિલકત ચાલી જવાથી એમણે પોતાના પગ પર ઊભા રહેવાની જરૂર આવી પડી.

ઈ. ૧૮૦૫માં લ્યુસી બૅકવેલ સાથે એમણે લગ્ન કર્યાં. ન્યૂયૉર્ક આવી વેપાર કરી જોયો પણ થોડા વખતમાં જ સમજાઈ ગયું કે પંખીઓનો અભ્યાસ અને એમનાં ચિત્રો એ જ પોતાનું જીવનકાર્ય છે. તેઓ કેન્ટકી ગયા ને આજીવિકા માટે ચક્કી ચલાવવા માંડી પણ નસીબજોગે એ ચક્કી યે ભાંગી પડી.

જીવનવ્યવહાર ટકાવવા એમની પાસે હવે કોઈ માર્ગ હતો નહિ. બીજી તરફ પક્ષીઓનાં ચિત્રો આલેખવાનું એમનું આકર્ષણ પણ અદમ્ય હતું. આખરે પત્નીએ એમને હિંમત આપી ને કુટુંબના ભરણપોષણ માટે એણે પોતે કામ કરવા માંડયું. ઑડુબને હવે કલમ ને પીંછી લઈને જંગલોમાં ઘૂમવા માંડયું. મેદાનો, ગાઢ જંગલો ને કાદવમય ભૂમિમાં ઘોડા પર સેંકડો માઈલનો પ્રવાસ ખેડી તેમણે નૈસર્ગિક વાતાવરણમાં ને લાક્ષણિક મુદ્રાઓમાં ઊડતાં, જીવડાં પકડતાં ને માળાબાંધતાં પંખીઓનાં પૂરા કદનાં આબેહૂબ ચિત્રો કરવા માંડયાં.

બીજી બાજુ ખર્ચ માટે ઑડુબન તક મળે પાંચ પાંચ ડૉલરમાં લોકોની તસવીર આલેખી આપતા ને કોઈ વાર એમાંથી કુટુંબને થોડા પૈસા પણ મોકલતા. ૧૮૨૦માં તેઓએ સિનસિનૅટી મ્યૂઝિયમમાં પ્રાણીઓનાં શરીરમાં મસાલો ભરવાનું કામ પણ કર્યું. દરમિયાન ભારે જહેમતે તૈયાર કરેલાં પંખીઓનાં ચિત્રોનું પ્રકાશન કરી જોવા વિચાર્યું. એ માટે ઑડુબને ફિલાડેલ્ફિયાના પ્રકાશકોની મુલાકાતો લીધી ત્યાં એમને એવું સૂચવવામાં આવ્યું કે અમેરિકા કરતાં પણ યુરોપમાં આ વિષયમાં લોકો વધુ રસ લે તેવો સંભવ છે.

પણ યુરોપ જવા માટે પૈસા જોઈએ. બે વર્ષ સુધી એમણે એ પૈસા એકઠા કરવા સંગીત, ચિત્રકામ અને તલવારની પટ્ટાબાજીના વર્ગો ચલાવી નાણાં એકઠાં કર્યાં અને આખરે ૧૮૨૬માં પોતાનાં ચિત્રો લઇ તેઓ યુરોપ ઊપડયા. ઇંગ્લૅંડમાં રૉયલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ ઍડિનબરામાં એમનાં ચિત્રોની ઘણી સારી પ્રશંસા થઈ અને થોડા જ માસમાં એમની કૃતિઓ પ્રસિદ્ધ થવા માંડી. કુલ ૪૨૩ પ્લૅટમાં ૪૮૯ જાતનાં વિવિધ પક્ષીઓનાં મૂળ કદનાં ૧૦૬૫ ચિત્રોના પ્રકાશનનું કામ લગભગ અગિયાર વર્ષ સુધી ચાલ્યું. ને એ મૂળ ચિત્રકૃતિઓ યુરોપના રાજવંશીઓએ ખરીદી લીધી. પક્ષીઓનાં ચિત્રો ચીતરવાં ને પ્રકટ કરવાં એ જાણે કે ઑડુબન કુટુંબનો વ્યવસાય બની ગયો. ઑડુબનનો મોટો પુત્ર જ્હૉન પિતાને નમૂનાઓ મેળવવામાં ને ચીતરવામાં મદદ કરતો, અને નાનો પુત્ર વિક્ટર એનાં પ્રકાશનોની ધંધાકીય બાજુ સંભાળતો. વિલિયમ મૅકૂશિલિવરેની સહાય સાથે 'ઑર્નિથૉલૉજિકલ બાયોગ્રાફી' નામે એક પ્રકાશન કર્યું. 'એ સીનોપ્સિસ ઑવ ધ બર્ડ્સ ઑવ નોર્થ અમેરિકા' નામે એક બીજું પ્રકાશન પણ કર્યું. આ પછી પક્ષીચિત્રોની નાના કદની આવૃત્તિ 'ધી બર્ડ્સ ઑવ અમેરિકા' પણ તૈયાર કરી. ને એ પછી એમણે પ્રાણીચિત્રોનું કામ પણ હાથ પર લઈ 'વિવિપારસ ક્વોડ્રુપાડસ ઑવ નોર્થ અમેરિકા' નામે પ્રકાશન કરવાનું નક્કી કર્યું. પોતાના પરમમિત્ર અને પોતાના બંને પુત્રોના શ્વસુર રેવ૦ જ્હૉન બાકૅમન પણ એમને એ કામમાં મદદ કરતા. આ પ્રકાશનનો એક ભાગ પૂરો થયો ત્યાં ઑડુબનનું ઈ. ૧૮૫૧ની ૨૭મી જાન્યુઆરીએ અવસાન થયું. એમના નામની અનેક સંસ્થાઓ આજે પણ ચાલે છે.

દિનવિશેષ

તા. ૧ શરીરમાં લોહીનું પરિભ્રમણ થતું હોવાનું શોધનાર વિલિયમ હાર્વેનો જન્મ, ૧૫૭૮.

તા. ૩ ઉચ્ચોચ્ચ પર્વતશિખર એવરેસ્ટ પર પ્રથમ વાર હવાઈઉડ્ડયન થયું, ૧૯૩૩.

તા. ૬ ગ્રીસમાં ઑલિંપિક રમતો પુનર્જીવિત થઈ, ૧૮૯૬.

તા. ૮ ક્રાંતિવીર ભગતસિંહે દિલ્હીની ધારાસભામાં બૉંબનો ધડાકો કર્યો, ૧૯૩૧.

તા. ૧૦ મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્યસમાજની સ્થાપના કરી, ૧૮૭૫.

તા. ૧૪ વિજ્ઞાનના જાદુગર એડિસને પોતાની સિનેમાની શોધ જાહેર કરી, ૧૮૯૪.

તા. ૨૧ પાણીપતમાં પઠાણોને હરાવીને બાબરે દિલ્હી સર કર્યું, ૧૫૨૬.

તા. ૨૪ યુરોપમાં આલ્પ્સનો સૌથી મોટો બુગદો 'સિંપ્લન પાસ' ખુલ્લો મુકાયો, ૧૯૦૫.

પ્રસંગવિશેષ: રૉબર્ટ પીઅરીએ ઉત્તરધ્રુવ સર કર્યો, એપ્રિલ ૬, ૧૯૦૯

ધ્રુવનો તારો જ્યાં બરાબર માથે પ્રકાશે છે અને સૂર્ય ક્ષિતિજ પર ફર્યા કરે છે એ ઉત્તરધ્રુવ પર પહોંચવા માટે સંસ્કૃત દુનિયાથી દૂર બરફીલા મુલકમાં બાર વર્ષ સુધી રહી અભ્યાસ કરી ને યોજનાઓ વિચાર્યા પછી યે ૧૮૯૮ અને ૧૯૦૬માં કરેલા પ્રયત્નોમાં નિષ્ફળતા મળવા છતાં અમેરિકનો રીઅર ઍડમિરલ રૉબર્ટ પીઅરી દસ જ મહિના પછી ને ત્રેપન વર્ષની વયે ફરી ઉત્તરધ્રુવ સર કરવા ઊપડયો. પહેલી ઑગસ્ટે યૉર્ક, ત્યાંથી ઈટા ને શેરિડન થઈ માર્ગમાં આવતા બરફ ડુંગરોને ડાઇનામાઈટથી ઉડાવી માર્ગ કરતાં કોલંબિયા પહોંચ્યા ત્યારે ધ્રુવપ્રદેશની છ માસની રાત આરંભાઈ ગઈ હતી. એમના ૨૪૫ માંથી ૧૬૦ કૂતરા જ બચ્યા હતા ને પીઅરીનાં દસ આંગળાં ઠંડીમાં ખરી પડયાં હતાં. આખો શિયાળો ત્યાં ગાળી ૧૯૦૯ની ૧૫મી ફેબ્રુઆરીએ સાત સફરીઓ, સત્તર ઍસ્કિમો ને ૧૩૩ કૂતરા સાથે તેમણે ધ્રુવ પ્રદેશ પર આખરી હલ્લો આદર્યો. ૮૯ ડિગ્રી ઉત્તરે એમણે છેલ્લી છાવણી નાખી ને સફર આગળ વધારી. ૧૯૦૯ની ૬ઠ્ઠી એપ્રિલે પીઅરી, તેની ઍસ્કિમો સ્ત્રી, મૅથ્યુ હૅન્સન અને ઈર્જિંગ્વાહ સીગ્લુ, ઊટા તથા ઊકિયાહ એ ચાર ઍસ્કિમોએ ઉત્તરધ્રુવ પર અમેરિકન ધ્વજ ફરકાવ્યો.

વાયરા મોતના સૂસવી છો રહ્યા, જીવનની જ્યોત તો યે જલે છે;
ખડક ધિક્કારના ખાળતા છો ખડા, પ્રેમનાં પૂર તો યે વહે છે.

શિકાગોના ગિલબર્ટ ઍલેક્ઝાંડર નામના એક કેદીને જેલના કર્મચારીઓની ભૂલથી બે વર્ષ વહેલી મુક્તિ મળી ગઇ. કેદીને એ વાતનો ખયાલ આવ્યો કે તરત જ એણે પાછા ફરીને જેલના અધિકારીઓનું ધ્યાન ખેંચ્યું. એની પ્રમાણિકતાથી ખુશ થઈ અધિકારીઓએ એની સજા ૧૮ માસની કરી દીધી હતી.

કહેવતોના અર્થ : 'ઊણું ત્યાં સુધી ફૂણું'— પેટ અને કમજાત માણસ જેમાં અધ્યાહાર રાખીને કથયિતવ્યને ચોટદાર બનાવ્યું છે તે આ કહેવતનો અર્થ એ બંનેનો સ્ફોટ થયા પછી હવે સ્પષ્ટ થશે, કે એ બંને જ્યાં સુધી તૃપ્ત ન થયાં હોય ત્યાં સુધી જ ફૂણાં, સાનુકૂળ, કહ્યાગરાં હોય છે. અતિ ભરાયા બાદ પેટ જેમ પીડાકારી થાય છે તેમ કમજાત માણસ પણ તેનો સ્વાર્થ સરી રહે એટલે દુષ્ટ અને હાનિકર્તા બને છે.

અનેકાર્થી શબ્દ—ચપટી : ચપટા નાકવાળો માણસ; ચીબો; મોઢું માટીનું વાસણ; એક જાતની માછલી (ફ્લૅટ ફિશ); તાળી; ચપોટી; પકડ, ચીમટી; પળવાર—હાથના અંગૂઠા ને આંગળી વગાડવાથી ચટ અવાજ થાય એટલો વખત; પારા; સપાટ.


ગણિતગમ્મત

કોઈ પણ રકમ ધારો. પછી તેના આંકડાઓનો એક અંક આવે ત્યાં સુધી સરવાળો કરી જે અંક આવે તે વડે ધારેલી રકમને ગુણો. હવે જે આવે તેમાંથી ધારેલી રકમનો એક-અંકી સરવાળો બાદ કરો. પછી જે રકમ આવે તેમાં ધારેલી રકમ ઉમેરો. જે રકમ આવે તેમાં ધારેલી રકમનો એકઅંકી સરવાળો ભેળવો. પછી ધારેલી રકમના એકઅંકીસરવાળામાં એક ઉમેરી આવેલી રકમને ભાગો. જે આવે તે તમારી ધારેલી રકમ.

—કાન્તિલાલ મ. જોષી



૧૮૫૭ના એક વીર બાબુ કુંવરસિંહની યાદમાં આ ૨૩મી એપ્રિલે બહાર પડેલી ભારતની એક ખાસ ટપાલટિકિટ.




ભારતીય સૈન્યના વૈદ્યકીયદળ-મેડિકલ કૉર્પ્સને લખનૌ મુકામે ગઈ ૩૦ એપ્રિલે એની ૨૩મી જયંતીને દિવસે રાષ્ટ્રપ્રમુખે આપેલો ધ્વજ. એમનું સૂત્ર છે 'સર્વે સન્તુ નિરામયા'—સૌ નિરામય રહો. એમાં અશોક વૃક્ષનાં પાન અને કમળફૂલના શોભન વચ્ચે સોનેરીરૂપેરી ભરતમાં રાષ્ટ્રચિહ્ન સાથે દળની સંજ્ઞા છે.

બે અંગૂઠાની છાપમાં પડેલી રેખાઓ વચ્ચે ૬૪,૦૦,૦૦,૦૦,૦૦૦માં કદાચ એકાદ વખત સામ્ય હોવાનો સંભવ ઊભો થાય છે.

બાળકની ખાંસી માટે એક સરળ ઉપાય : અર્ધો સફેદ કાંદાને ઝીણો સમારી એક કપ પાણીમાં ઉકાળવો. પાણી અર્ધું રહે એટલે એમાં ખડી સાકરના ૩ કે ૪ ટુકડા નાખી એ પ્રવાહી ગાળી નાખવું. દિવસમાં ૨ થી ૩ વાર એ ૨ થી ૩ ચમચા પાવાથી ફાયદો થશે.



કલાકણિકા: ઇરાનના મહેલોની ભીંતો પણ પકવેલી માટીની સુશોભિત તક્તીઓ (ટાઈલ્સ) વડે શણગારાતી. એવી એક 'ટાઇલની ઑર્ડર'નો એક ભાગ: ઇરાનિયનોને પ્રિય સફેદ, આસમાની અને લીલા રંગમાં.



આંબેરનો કિલ્લો [ફોટો - આબીદભાઈ સૈયદ] રાજસ્થાનના કિલ્લા ત્યાંના ઇતિહાસ જેવા જ ભવ્ય છે. કૅમેરાનો કોણ બદલીને ફોટોગ્રાફરે એ ભવ્યતાને જેમ તાદૃશ કરી છે તેમ કિલ્લાના દીવાલ પરથી પસાર થતા હાથીને યોગ્ય સ્થાને ઝડપીને એના કદનો ખયાલ આપવા સાથે ચિત્રમાં પ્રાણ પણ પૂર્યો છે.